# બ્રાહ્મણવાડા

## તીર્થનું સચિત્ર વર્ણન


લેખક :—

**જયન્તવિજયજી.**

## અમારી ગ્રંથમાળામાં છપાયેલાં અને અમારે ત્યાંથી મળતાં પુસ્તકોઃ


વિજયધર્મસૂરિ,સ્વર્ગવાસપછી
धर्मवियोगमाला (संस्कृत)
प्रमाणनयतत्त्वालोक ( ,, )
श्रावकाचार ( हिंदी )
विजयधर्मसूरिके वचन कुसुम
વિજયધર્મસૂરિનાં વચનકુસુમો
સેઈંગ્ઝ ઑફ વિજયધર્મસૂરિ
जयन्तप्रबंध ( सं. गु. )
विजयधर्मसूरि अष्टप्रकारी पूजा
આબૂ, ૭૫ ફોટા સાથે
વિજયધર્મસૂરિ(જીવનચરિત્ર)
શ્રાવકાચાર
રાણી સુલસા
સમયને ઓળખો, ભા. ૨જો
સમયને ઓળખો, ભા. ૧લો
ઍન આઇડીઅલ મંક
સમ્યકત્વપ્રદીપ
વિજયધર્મસૂરિપૂજા
जैनसप्तपदार्थी ( संस्कृत )
બ્રહ્મચર્યદિગ્દર્શન
ब्रह्मचर्यदिग्दर्शन ( हिंदी )
વક્તા બનો
મહાકવિ શોભન અને તેની કૃતિ
બ્રાહ્મણવાડા
જૈનતત્ત્વજ્ઞાન
प्रमाणनयतत्त्व-प्रस्तावना
आबू ७५ फोटा सहित (हिंदी)
उत्तराध्ययन सूत्र कमलसंयमी
टीकायुक्त चोथो भाग

**દીપચંદ બાંઠીયા,**
મંત્રી, શ્રીવિજયધર્મસૂરિ
જન ગ્રંથમાળા,
છોટા સરાફા, ઉજ્જૈન.
( માલવા ).

શ્રીવિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળા, પુ. ૨૪.

# બ્રાહ્મણવાડા

## તીર્થનું સચિત્ર વર્ણન.

લેખક અને સંપાદક :

શાન્તમૂર્ત્તિ મુનિરાજ

**શ્રીજયન્તવિજયજી મહારાજ.**

પહેલી આવૃત્તિ. નકલ ૧૦૦૦

વીર સં. ૨૪૬૧ | ધર્મ સં. ૧૩ } મૂલ્ય ચાર આના { વિ. સં. ૧૯૯૧ | સન ૧૯૩૫

પ્રકાશકઃ-
શ્રીવિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળા,
છોટા સરાફા, ઉજ્જૈન. ( માલવા )

આર્થિક સહાયકઃ

રાધનપુરનિવાસી
શ્રાવિકા જેઠીબાઇ મૂલચંદ
તરફથી, તેમના ભત્રીજા
વીરવાડીયા ત્રીકમલાલ મગનલાલ
તથા
વીરવાડીયા વૃદ્ધિલાલ મગનલાલ.

મુદ્રકઃ-
અંબાલાલ વિઠ્ઠલભાઇ ઠક્કર,
ધી લુહાણામિત્ર સ્ટીમ પ્રિન્ટીંગ પ્રેસ,
વડોદરા, તા. ૨૧-૩-૩૫

યાત્રાળુઓએ તીર્થયાત્રામાં પાળવાના

# સામાન્ય નિયમો.

૧ તીર્થસ્થાનમાં જઇ તીર્થનાં દર્શન, પૂજા, ભક્તિ વિગેરેમાં ખૂબ તલ્લાલીન થવું.

૨ તીર્થસ્થાનમાં સ્નાત્ર પૂજા, અભિષેક, મોટી પૂજા, આંગી, વરઘોડો તથા અઠ્ઠાઇ મહોત્સવ આદિ યથાશક્તિ કરવું અને કરાવવું.

૩ ગુરુ મહારાજને હમેશાં વંદન કરવું.

૪ તીર્થ નિમિત્તે ઓછામાં ઓછો એક ઉપવાસ કરવો.

૫ સચિત્ત ભોજનનો ત્યાગ કરવો.

૬ રાત્રિભોજન તથા અભક્ષ્યનો ત્યાગ કરવો.

૭ શક્તિ અનુસારે વ્રત-નિયમો લેવા અને તેનું પાલન કરવું.

૮ બ્રહ્મચર્ય પાલન કરવું.

૯ ભૂમિશયન કરવું.

૧૦ જ્ઞાનદાન, સુપાત્રદાન તથા અનુકંપાદાન આપવું.

૧૧ સધર્મિબંધુઓની ભક્તિ કરવી.

૧૨ સવારે તથા સાંજે પ્રતિક્રમણ, સંધ્યા-વંદનાદિ કરવું.

૧૩ સામાયિક, કાયોત્સર્ગ અને ધ્યાન કરવું.

૧૪ પર્વતિથીએ પૌષધ કરવો.

૧૫ અવકાશના વખતે સારાં સારાં પુસ્તકો વાંચવાં.

૧૬ સાત વ્યસન તથા ચાર વિકથાનો ત્યાગ કરવો.

૧૭ જીવદયાનું રૂડી રીતે પાલન કરવું.

૧૮ કલેશ-કંકાસ કરવો નહિ.

૧૯ બીજા યાત્રાળુઓને દુઃખ દેવું નહિ.

૨૦ મજુરો, ગાડીવાળા કે કામ કરનારાઓને હેરાન કરવા નહિ.

૨૧ બીજા યાત્રાળુઓ માટે સગવડ રાખીને પોતાને ખાસ જરૂર પુરતી જ જગ્યા અને સાધનોથી કામ ચલાવવું.

૨૨ યાત્રા કરવા નિકળેલા સધર્મિ બંધુઓનાં દુખ દૂર કરવાં કરાવવાં અથવા તેમના દુખમાં ભાગ લેવો એ ખરેખરૂં સધર્મિ વાત્સલ્ય છે.

૨૩ તીર્થની રક્ષા માટે, જે જે ખાતામાં જરૂર હોય તે તે ખાતામાં યથાશકિત દ્રવ્યની સહાયતા આપવી.

૨૪ જીર્ણોદ્ધાર તથા સાધારણ ખાતામાં મદદ આપવા પૂરતું ધ્યાન આપવું.

૨૫ શિક્ષણ આપનારી અને ધાર્મિક દરેક સંસ્થાઓને મદદ આપવા ચૂકવું ન જોઇએ.

લેખકઃ—

ધર્મ-જયંતોપાસક
મુનિ વિશાલ વિજય.

## સહાયિકા શ્રીમતી જેઠી બ્હેનનો

# સૂક્ષ્મ પરિચય.

જગતમાં ઉચ્ચકુળમાં જન્મ, સુખીકુટુંબ, સદ્દગુરુનાં ચરણકમળની ઉપાસના અને જૈન ધર્મ; એટલી બાબતોનો યોગ પુન્ય વગર પ્રાપ્ત થતો નથી. **રાધનપુરમાં** ઉપરોકત યોગથી સંયુકત એવા **વીરવાડીઆ** કુટુંબમાં શ્રીયુત **મૂળચંદ** શેઠને ત્યાં વિક્રમ સંવત્ લગભગ ૧૯૧૦ ની સાલમાં જેઠી બ્હેનનો જન્મ થયો હતો. તે વખતે સમાજમાં કન્યા કેળવણીને સ્થાન ન્હોતું, જેઠી બ્હેન પણ ત્હેનો ભોગ બન્યાં હતાં. પરંતુ કુટુંબના વ્યવહારિક ત્હેમ જ ધાર્મિક સંસ્કારો ત્હેમની ઉપર સારા પડયા હતા; યોગ્ય ઉમ્મરે રાધનપુરમાં પ્રતિષ્ઠિત ગણાતા શેઠ પૂનમચંદ ઉજમચંદ સાથે ત્હેમનાં લગ્ન થયાં હતાં, પરંતુ કોઇ અશુભ કર્મના ઉદયથી ત્હેમની પંદર વરસની ઉંમરમાં જ ત્હેમના પતિદેવનો સ્વર્ગવાસ થયો હતો. સમાજમાં વિધવા અને બાળ વિધવાની અત્યારે કેટલી વિકટ પરિસ્થિતિ છે? તે કોઇથી અજાણી નથી. તો પછી તે વખતે તો કઇ સ્થિતિ હશે ? તેનો વિચાર કરતાં પણ કંપારી છૂટે છે. એ પરિસ્થિતિનો સામનો કરીને પણ જેઠી બ્હેને પોતાનું સ્વાશ્રયી જીવન શરૂ કર્યું. ત્હેમની પાસે જીવન નિર્વાહનુ વિશેષ સાધન ન હોવા છતાં પણ જે કંઇ સાધન હતું, ત્હેનાથી પર્યાપ્ત આવક કરી પોતાનો જીવન નિર્વાહ તેઓ ચલાવતાં અને તદુપરાંત જે કંઇ બચત રહેતી તે ધર્મકાર્યમાં ખર્ચતાં. ત્હેમના જીવનમાં ત્હેમણે ઉપધાન. તપસ્યાઓ, નવ્વાણું યાત્રા ત્હેમજ અનેક રીતે ધર્મની આરા-

ધના કરી હતી. ખરેખર સંસારમાં ધર્મ સિવાય જીવનને ઉચ્ચ બનાવવાનું બીજું કોઇ સાધન નથી. ધર્મ એક નિરાધારોનો આશ્રયદાતા છે અને અધોગતિમાં ગબડતા પ્રાણીઓને ઉચ્ચ-ગતિમાં ઘસડી જનાર પણ ધર્મ જ છે. સામાન્ય રીતે ત્હેમની એંશી વરસની ઉંમર સુધી ત્હેમણે ધર્મની સમ્યક્ પ્રકારે ઉપાસના કરી હતી અને અંતકાળ વખતે પણ શુભ ધ્યાનથી તેઓ વંચિત રહ્યાં ન્હોતાં. ત્હેમના સાસરીયામાં તો ત્હેમની નણંદ નરભી બ્હેન અને નરભી બ્હેનના પુત્ર શ્રીયુત ચંદુલાલ જેઠાલાલ શાહ છે. પરંતુ ત્હેમનું પિતૃ કુટુંબ બ્હોળું છે. જેઠી બ્હેનને બે ભાઇઓ અને ચાર બ્હેનો હતી. ત્હેમાં બે ભાઇઓ અને એક મ્હોટી બ્હેનનો પરિવાર અત્યારે વિદ્યમાન છે.

જેઠી બ્હેનના પિતૃકુટુંબનો પરિવારઃ—

- વીરવાડીયા શેઠ મૂળચંદભાઇ
  - મગનલાલભાઇ
    - ત્રીકમલાલભાઇ
      - રસીકલાલ
      - બાબુ
      - કાન્તા
      - વિમલા
      - વસુમતી
    - વરધીલાલભાઇ
      - મુક્તિલાલ
  - જાદવજીભાઇ
    - મણીબ્હેન
  - સૂરજબ્હેન
    - મોહનભાઇ
    - મેનાબ્હેન
  - જેઠીબ્હેન

ત્રિકમભાઇનાં ધર્મપત્નિનું નામ અ. સૌ. શ્રીમતી **હીરાબ્હેન** અને ત્હેમના ચી. રસીકલાલનાં ધર્મપત્નીનુ નામ અ. સૌ. શ્રીમતી તારામતી છે. વરધીલાલ શેઠના હાલનાં ધર્મ-પત્ની અ. સૌ. શ્રીમતી **લીલાવતી** બ્હેન બીજી વારનાં છે. પ્હેલાનાં અ. સૌ. મર્હૂમ **ચંદનબ્હેન** હતાં. ત્હેમના ચી. મુક્તિલાલની ધર્મપત્નીનું નામ અ. સૌ. શ્રીમતી કાંતા છે.

ઉપરોક્ત બ્હોળું કુટુંબ જેઠી બ્હેનના અંતકાળ સમયે ત્હેમની સમીપ જ હતું અને ત્હેમને પુન્ય પ્રકાશનું સ્તવન સંભળાવી અનેક પ્રકારે ધર્મની આરાધના કરાવી હતી. આમ દરેક રીતે ધર્મની આરાધના કરી સંવત્ ૧૯૯૦ ના બીજા વૈશાખ સુદિ પાંચમના દિને એંશી ( ૮૦ ) વરસનું લાંબુ આયુષ્ય ભોગવી, આ ફાની દુનિયાનો ત્યાગ કરી પરલોકવાસી થયાં છે. ત્હેમનું જીવન વિધવાઓને આદર્શરૂપ છે. પંદર વરસ જેવી નાની ઉમ્મરમાં વૈધવ્ય પ્રાપ્ત કરી પાંસઠ ( ૬૫ ) વરસ સુધી ત્હેમણે સ્વાયત્ત જીવન ગુજાર્યું હતું. કોઇનીયે સહાયતા વગર ત્હેમનું જીવન નાવ હંકાર્યું હતું. ધર્માારાધ-નનો આદર્શ સામે રાખી પવિત્ર જીવન વ્યતીત કર્યું હતું. ત્હેમની પાછળ ત્હેમની બચત રહેલી રકમ, ત્હેમના ભત્રિ-જાઓ શ્રીયુત શેઠ ત્રિકમલાલ મગનલાલ તથા શેઠ વરધીલાલ મગનલાલ ત્હેમજ ત્હેમના ભાણેજ શેઠ ચંદુલાલ જેઠાલાલ શાહ કે જેઓ પણ ધર્મમાં દૃઢ શ્રદ્ધા ધરાવે છે. ત્હેમણે ધર્મ-કાર્યોમાં ખરચી નાંખેલ છે. અંતમાં હું ગંગા સ્વરૂપ મરહૂમ શ્રીમતી જેઠી બ્હેનના આત્માની શાંતિ ઇચ્છી ત્હેમના ભત્રિ-જાઓ અને બ્હોળું કુટુંબ ખૂબ ધર્મારાધન કરે અને ઉન્નત સ્થિતિએ પહોંચે, એટલું ઇચ્છી વિરમું છું.

**પ્રકાશક.**

જગત્પૂજ્ય સ્વર્ગસ્થ ગુરુદેવ

# શ્રીવિજયધર્મસૂરીશ્વરજી મહારાજને

## અર્ઘ્ય.


धर्मो विज्ञवरेण्यसेवितपदो
धर्मं भजे भावतः,
धर्मेणावधुतः कुबोधनिचयो
धर्माय मे स्यान्नतिः ।
धर्माच्चिन्तितकार्यपूर्त्तिरखिला
धर्मस्य तेजो महत् ,
धर्मे शासनराग–धैर्यसुगुणाः
श्रीधर्म ! धर्मं दिश ॥ १ ॥

समायप्पसोहयस्स,
सुगुरुणो गुणरयणरयणायरस्स ।
धम्मसूरिस्स चन्दो–
ज्जलजसस्स णमो त्थु पुज्जस्स ॥ २ ॥

( अनेकान्ती ).

બ્રાહ્મણવાડા,

જગત્પૂજ્ય શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય



શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ.

જન્મ સંવત ૧૯૨૪. દીક્ષા સંવત ૧૯૪૩.

સૂરિપદ સંવત ૧૯૬૪. સ્વર્ગવાસ સંવત ૧૯૭૮.

# કિંચિદ્-વક્તવ્ય

અમે સં. ૧૯૮૬ નું ચાતુર્માસ **કાલન્દ્રી**માં કરીને સં. ૧૯૮૭ ના શીયાળામાં **સિરોહી**થી, **આબૂ** પહાડની નીચે નીચેથી પ્રદક્ષિણા કરવા અને ઐતિહાસિક સામગ્રી મેળવવા માટે નિકળ્યા હતા. તે વખતે શ્રી **બ્રાહ્મણવાડા** તીર્થમાં ત્રણ વખત જવાનો પ્રસંગ મળતાં ત્યાંના બધા પ્રાચીન શિલા-લેખો ઉતારી લીધા હતા તથા આબૂની પ્રદક્ષિણાના વર્ણનમાં લખવા માટે આ તીર્થ સંબંધી બીજી પણ ઉપયોગી નોંધો કરી લીધી હતી. સં. ૧૯૮૯ માં ચૈત્ર માસની શ્રીનવપદજીની ઓળી શ્રી **બ્રાહ્મણવાડા** તીર્થમાં કરવા માટે સર્વદેશીય શ્રી ચતુર્વિધ સંઘને આમંત્રણ જાહેર થયું અને તેની સાથો-સાથ ચૈત્ર વદિ ૧-૨-૩ ના દિવસોમાં અખિલ ભારતવર્ષીય પોરવાલ મહા સંમેલનનું પ્રથમ અધિવેશન પણ ત્યાં જ ભર-વાનું નક્કી થયું. તે પ્રસંગને અનુલક્ષીને બહુ જ ટુંકા સમ-યમાં શ્રી **બ્રાહ્મણવાડા** તીર્થનું વર્ણન લખી આપવા માટે **સિરોહી** નિવાસી શ્રીયુત **બી. પી. સિંઘીજી** વગેરેએ આગ્રહ ભરી પ્રેરણા કરી. તેથી મેં વર્ણન લખવાનું શરૂ તો કર્યું. પરંતુ અરધું લખ્યા પછી જણાયું કે-ફક્ત ૧૦-૧૨ દિવસના જ ગાળામાં **પાલીતાણા**માં રહીને ગુજરાતીમાં સંપૂર્ણ વર્ણન લખી, તેનું હિંદીમાં ભાષાન્તર કરી, **અજમેર** ના ધી ડાયમંડ જ્યુબીલી પ્રેસમાં ટ્રેકટરૂપે છપાઇને તે ટ્રેકટોનું **બ્રાહ્મણવાડા** પહોંચી જવું અશક્ય જ છે. તેથી અને બીજા

જરૂરી કામની વ્યગ્રતાને લીધે તે વખતે આને અધુરૂં જ છોડી દેવું પડયું હતું. બાદ ગયા વરસમાં સાધુ–સંમેલન સમાપ્ત થયા પછી **અમદાવાદથી રાધનપુર**ના વિહાર દરમ્યાન સમય મળતાં આ લેખ લખીને શ્રી **શંખેશ્વરજી** તીર્થમાં પૂરો કર્યો હતો. ગયા ચોમાસામાં **રાધનપુર**માં આને છપાવવા માટે આર્થિક સહાયક મળી આવતાં આ લેખને ટ્રેકટરૂપે છપાવવાનું શરૂ કરી, બની શકયા તેટલા આ તીર્થના ફોટા તેમાં આપીને વાચકોની સમક્ષ **ઉજ્જૈનની શ્રીવિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળા** મારફત રજુ કરવામાં આવે છે.

આ તીર્થ ઘણું પ્રાચીન છે **એ** વાત " પ્રાચીનતા " પ્રકરણ ઉપરથી વાચકોના ખ્યાલમાં સારી રીતે આવી શકે તેમ છે.

' પવિત્રતા, ' ' ચમત્કાર, ' ' મહિમા, ' ' મેળા, ' ' દાન–પુણ્ય ' વગેરે પ્રકરણો ઉપરથી તથા આ તીર્થનાં મહિમા ગર્ભિત સ્તુતિનાં પ્રાચીન અપ્રગટ ત્રણ સ્તવનો મળી આવતાં ત્રીજા પરિશિષ્ટમાં આપ્યાં છે, તે ઉપરથી આ તીર્થ અતિ પવિત્ર, મહિમાવંત અને પ્રભાવશાળી છે; **એ** પણ સહેજે સમજી શકાય તેમ છે.

શ્રીમહાવીર સ્વામીના **મંદિર**માંના પ્રાચીન શિલાલેખો, તામ્રપત્રની નકલ, શ્રી બ્રાહ્મણવાડજીની આસપાસમાં આવેલાં જૈન મંદિરવાળાં ગામો અને નાની પંચતીર્થીની સંક્ષેપમાં હકીકત પણ પરિશિષ્ટોમાં આપવામાં આવી છે.

' મંદિરની રચના, ' ' મૂર્ત્તિસંખ્યા, ' ' ધર્મશાળા '

અને ભિન્ન ભિન્ન સ્થાનોનાં પ્રકરણો ઉપરથી આ તીર્થની વિશાળતા; ' ગૌશાળા ' ' ગુરુકુળ, ' ' મેળા, ' ' દાન–પુણ્ય ' વગેરે પ્રકરણો ઉપરથી આ તીર્થની લોકોપયોગિતા સાથે અઢારે વર્ણનો પૂજ્ય–ભાવ અને ' જાગીર ' વગેરે પ્રકરણો ઉપરથી **સિરોહી**ના રાજવીઓ તથા જાગીરદારો વગેરેનો આ તીર્થ ઉપર કેટલો ભક્તિ–ભાવ છે ? તે સહેજે જણાઇ આવી શકે છે.

' પવિત્રતા ' પ્રકરણમાં મેં " ભગવાન **મહાવીર** સ્વામી છદ્મસ્થ કાળમાં **મારવાડ** અને **ગુજરાત**માં વિચર્યા હતા " એવો ઉલ્લેખ કર્યો છે, તે કદાચ ઘણા વિદ્વાનોને નવાઇ જેવો લાગશે અથવા ખટકશે. પણ **મુંડસ્થલ મહાતીર્થ**ના મળેલા લેખ ઉપરથી હું એ માન્યતા ઉપર આવ્યો છું અને આશા રાખું છું કે–" કિંવદન્તિઓ–દંતકથાઓ સર્વથા સત્યાંશથી વેગળી નથી હોતી તથા જૈન મંદિરોમાં ખોદાયેલા પ્રાચીન શિલાલેખો સાવ ખોટા ન હોય " એ સિદ્ધાંત પર લક્ષ રાખીને જેઓ દીર્ઘ દૃષ્ટિથી તટસ્થ રીતે વિચાર કરશે, તેઓ પણ મારી માન્યતાને જરૂર મળતા થશે.

' કર્ણ કીલક ઉપસર્ગની સ્થાપના ' વાળા પ્રકરણમાં મેં, ભગવાનના કાનમાં ખીલા નંખાયાના તથા ચંડકૌશિક સર્પના ડંખના ઉપસર્ગવાળા વગેરે સ્થાનો સંબંધી ચર્ચા કરી છે. જો કે એ બન્ને ઉપસર્ગો **નાંદિયા** અને **બ્રાહ્મણવાડા**માં જ થયા છે, એવી ચોકકસ મારી માન્યતા નથી, કારણ કે તે બન્ને ઉપસર્ગવાળાં સ્થાનોનો ચોકકસ નિર્ણય **દૂઇઝંત તાપસાશ્રમ, કનકખલાશ્રમ, અસ્થિક ( વર્ધમાન ) ગામ, મોરાક**

**સન્નિવેશ ( ગામ ), શ્વેતાંબી ( શ્વેતવી ) નગરી, ઉત્તર ચાવાલ, દક્ષિણ ચાવાલ, સુવર્ણ વાલુકા નદી** અને પણમાની ગામ વગેરે સ્થાનોના નિર્ણય ઉપર જ આધાર રાખે છે. પરંતુ મારે એટલું તો કહેવું પડશે કે–જ્યાં સુધી એ બધાં સ્થાનોનો ઐતિહાસિક દૃષ્ટિથી ચોકકસ રીતે નિર્ણય ન થાય ત્યાં સુધી ઉક્ત બન્ને ઉપસર્ગોની **નાંદિયા** અને **બ્રાહ્મણવાડા**માં જે સ્થાપનાઓ છે, તેને ખોટી સ્થાપનાઓ માનવામાં પ્રબળ યુક્તિવાળું સચોટ કોઇ પણ કારણ જણાતું નથી. અને એટલા માટે જ ઉક્ત બન્ને ગામોમાં બન્ને ઉપસર્ગોની સ્થાપનાઓ છે, તેને ચાલુ સ્થિતિમાં હાલમાં કાયમ રાખવામાં અને માનવામાં આવે તો તેમાં હું કાંઇ પણ વાંધો જોતો નથી.

આ વિષય ઉપર વિદ્વાનો વધારે પ્રકાશ ફેંકશે એવી આશા રાખીને હું મારા ટુંકા વક્તવ્યને અહીંજ સમાપ્ત કરૂં છું. इति शम्.

| | |
|---|---|
| શ્રી શંખેશ્વર તીર્થ ધામ<br>પોષ વદિ ૫<br>વીર સં. ૨૪૬૧, ધર્મ સં. ૧૩ | શ્રી વિજયધર્મસૂરીશ્વર<br>ચરણોપાસક<br>**મુનિ જયન્તવિજય.** |

# વિષયાનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | યાત્રાળુઓએ તીર્થયાત્રામાં પાળવાના સામાન્ય નિયમો... | ( ૩ ) |
| ૨ | સહાયક પરિચય ... ... ... ... | ( ૫ ) |
| ૩ | ગુરુદેવ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજને અર્ઘ્ય ... | ( ૮ ) |
| ૪ | કિંચિદ્ વક્તવ્ય ... ... ... ... | ( ૯ ) |
| ૫ | વિષયાનુક્રમણિકા અને ચિત્ર સૂચી ... ... | ( ૧૩ ) |
| ૬ | શ્રી બ્રાહ્મણવાડા તીર્થ ... ... ... ... | ૧ |
| ૭ | રસ્તા ... ... ... ... ... | ૨ |
| ૮ | મોટરભાડું ... ... ... ... ... | ,, |
| ૯ | નામ ... ... ... ... ... | ૩ |
| ૧૦ | પવિત્રતા ... ... ... ... ... | ,, |
| ૧૧ | પ્રાચીનતા ... ... ... ... ... | ૬ |
| ૧૨ | ચમત્કાર ... ... ... ... ... | ૧૧ |
| ૧૩ | મહિમા ... ... ... ... ... | ૧૪ |
| ૧૪ | મંદિરની રચના ... ... ... ... | ૧૫ |
| ૧૫ | મૂર્ત્તિ સંખ્યા... ... ... ... ... | ૧૬ |
| ૧૬ | ધર્મશાળા અને બીજાં મકાનો ... ... .. | ૧૭ |
| ૧૭ | કર્ણ કીલક ઉપસર્ગની સ્થાપના ... ... ... | ૧૯ |
| ૧૮ | ટેકરીપરની દેરી ... ... ... ... | ૨૬ |
| ૧૯ | શ્રી મહાવીર જૈન ગુરુકુલ ... ... ... | ,, |
| ૨૦ | પીંડવાડા દરવાજા તરફનાં સ્થાનો ... ... ... | ૨૮ |
| ૨૧ | ગૌશાલા ... ... ... ... ... | ૨૯ |
| ૨૨ | વીરજીની દેરી... ... ... ... ... | ૩૦ |
| ૨૩ | મેળા ... ... ... ... ... | ,, |

૨૪ જાગીર ... ... ... ... ... ૩૩
૨૫ દાન-પુણ્ય ... ... ... ... ... ૩૫
૨૬ દેખરેખ અને વ્યવસ્થા ... ... ... ... ૩૭
૨૭ ઉપસંહાર ... ... ... ... ... ૩૮
૨૮ પરિશિષ્ટ ૧ આ મંદિરના પ્રાચીન લેખો ... ... ૪૧
૨૯ „ ૨ તામ્રપત્રની નકલ ... ... ... ૫૨
૩૦ „ ૩ આ તીર્થનાં પ્રાચીન સ્તવનો ... ... ૫૪
૩૧ „ ૪ આ તીર્થની નજીકમાં આવેલાં દેરાસર વાળાં ગામો ... ૭૭
૩૨ „ ૫ નાની પંચતીર્થીનું સંક્ષિપ્ત વૃતાન્ત ... ૭૯
૩૩ શુદ્ધિપત્રક ... ... ... ... ... ૮૩

## ચિત્ર સૂચી

૧ ગુરુદેવ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ ... ... ( ૮ )
૨ મંદિરના પહેલા દરવાજાની અંદરનું દશ્ય ... ... ૨
૩ „ માં જવાના પહેલા દરવાજાનું દશ્ય ... ... ૧૬
૪ મહાવીર સ્વામીની ધ્યાનસ્થ ઉભી મૂર્ત્તિ ... ... ૨૦
૫ „ „ પાદુકાવાળી દેરી ... ... ૨૪
૬ મહાવીર જૈન ગુરુકુલના વિદ્યાર્થીઓ અને શિક્ષકો ... ૨૬
૭ જનરલ વ્યૂહ ... ... ... ... ... ૨૮

# બ્રાહ્મણવાડા

જગત્પૂજ્ય-શ્રીવિજયધર્મસૂરિગુરુભ્યો નમો નમઃ

# શ્રી બ્રાહ્મણવાડા તીર્થ

બી. બી. સી. આઇ. (મિટર ગેજ્) રેલ્વેના સજ્જનરોડ (પીંડવાડા) સ્ટેશનથી ઉત્તર-પશ્ચિમ (વાયવ્ય) ખુણામાં આશરે ચાર માઇલ દૂર અને સિરોહીથી પૂર્વમાં આશરે દસ માઇલ દૂર સિરોહી સ્ટેટના રૂવાઇ પરગણાની પીંડવાડા તહેસીલમાં પ્રાચીન અને પ્રસિદ્ધ શ્રી બ્રાહ્મણવાડા નામનું શ્રી મહાવીર સ્વામીનું ધામ આવેલું છે. તેમાં શ્રી મહાવીર સ્વામીનું વિશાલ અને મનોહર મંદિર છે. આ ધામ અત્યારે જંગલમાં છે. અર્થાત્ ધામની પાસે ગામ કે વસ્તી નથી. પરંતુ આ ધામ એક વિશાલ કમ્પાઉન્ડમાં આવેલું છે. તેમાં ધર્મશાલાઓ વગેરે ઘણાં મકાનો હોવાથી અને તેમાં કારખાના (કાર્યાલય)

ના મુનીમો, પૂજારીઓ, નોકરો વગેરે ઘણા માણસો રહેતાં હોવાથી આ ધામ એક નાના ગામ જેવું લાગે છે.


**નાણા, બામણવાડા, નાંદિયા, લોટાણા** અને **દીયાણા** એ આબૂજીની અથવા મારવાડની નાની પંચતીર્થી કહેવાય છે. તેમાં બામણવાડા તીર્થનો સમાવેશ હોવાથી તેમજ અહીં આવવાનો રસ્તો સુગમ હોવાથી ઘણા યાત્રાળુઓ અહીં આવે છે. યાત્રાળુઓ માટે સર્વ પ્રકારની સગવડ છે. ચોઘડીયાં વાગે છે. ચોકી પહેરાનો સારો બંદોબસ્ત છે. રાજશાહી ઠાઠ છે. અર્થાત્ જંગલમાં મંગલ છે.

**રસ્તાઃ—**

સામાન્ય રીતે તો અહીં ચારે તરફથી આવી શકાય છે. પરંતુ પરદેશી યાત્રાળુઓને સજ્જનરોડ ( પીંડવાડા ) સ્ટેશનથી અને જોરા–મગરા વગેરે તરફના લોકોને સિરોહીથી અહીં આવવું સુગમ પડે છે. એ બન્ને ઠેકાણેથી મોટરો અને બળદગાડીઓ વગેરે વાહનો મળી શકે છે. સિરોહીથી અહીં સુધીની પાકી સડક હાલમાં જ નવી બની છે. તેમજ અહીંથી સજ્જનરોડ ( પીંડવાડા ) સ્ટેશન સુધીની પાકી સડક તથા નદીનો પુલ પણ બની ગયો છે. તેથી યાત્રાળુઓને અહીં આવવા–જવા માટે વિશેષ અનુકૂલતા થઇ છે.

**મોટર ભાડુંઃ—**

સજ્જનરોડ ( પીંડવાડા ) સ્ટેશનથી હમેશાં બે વખત



મંદિરના પહેલા દરવાજાની અંદરનું દશ્ય.

નિયમિત રીતે મોટર બામણવાડા થઇને સિરોહી જાય છે અને બે વખત આવે છે. ( અર્થાત્ મોટર સર્વિસ ચાલુ છે. ) તેનું ભાડું હાલમાં આ પ્રમાણે છેઃ–

| | |
|---|---|
| સજ્જનરોડથી બામણવાડા | રૂ. ૦–૩–૦ |
| બામણવાડાથી સિરોહી | રૂ. ૦–૭–૬ |

તે સિવાય સ્પેશીયલ મોટર પણ જોઇએ ત્યારે મળી શકે છે.

**નામઃ—**

આ સ્થાનનું નામ પ્રાચીન ગ્રન્થો અને શિલાલેખોમાં ' **ब्राह्मण वाटक** ' લખેલું જોવામાં આવે છે. તેનો અપભ્રંશ થઇને પાછળથી ' બામણવાડા ' નામ થયું જણાય છે. મારવાડમાં તો આ સ્થાન વિશેષે કરીને ' બામણવારજી ' અથવા ' બાણવારજી ' એ નામથી પ્રસિદ્ધિને પામેલું છે. પંદરથી અઢારમી સુધીની શતાબ્દીઓમાં જૂની ગુજરાતી ભાષામાં બનેલી તીર્થમાલાઓમાં આ સ્થાનનું નામ ' બાંભણવાડ 'અને ' બંભણવાડ ' લખેલું છે.

**પવિત્રતાઃ—**

નાણા દીયાણા નાંદિયા
જીવિત સ્વામી[૧] વાંદિયા ।

૧ ભગવાન મહાવીર સ્વામીની વિદ્યમાનતામાં જે મંદિરો કે મૂર્તિઓ બનેલી હોય તેને જીવિતસ્વામીનું મંદિર કે જીવિતસ્વામીની મૂર્તિ કહેવામાં આવે છે.

અર્થાત્–નાણા, દીયાણા તથા નાંદિયામાં શ્રી મહાવીર સ્વામીનાં–જીવિત સ્વામીનાં–મંદિરો હોવાનું લોકોમાં મનાય છે, તેમજ બામણવાડામાં પણ જીવિતસ્વામીનું મંદિર હોવાનું કહેવાય છે. પણ આ વાતને પુષ્ટિ આપનાર કોઈ પણ પુરાવો ગ્રંથો કે શિલાલેખોમાંથી મળેલો નહિ હોવાથી ઉપર્યુક્ત ચારે ગામોમાં મંદિરો છે તે જીવિતસ્વામીનાં મંદિરો છે કે કેમ ? તે માટે વિદ્વાનોનાં મનમાં મોટો સંશય હતો. પણ તે સંશય દૂર કરાવવામાં સાધનભૂત એક પ્રમાણિક પુરાવો ત્રણ વર્ષ પહેલાં અમને મલ્યો છે, અને તે એ છે કે:–આબુરોડ (ખરેડી)-થી પશ્ચિમમાં લગભગ ચાર માઇલ દૂર 'મુંગથલા' નામનું ગામ આબુની તલેટીમાં આવેલું છે. ગ્રંથો અને લેખોમાં તેનું નામ 'મુંડસ્થલ મહાતીર્થ' લખેલું છે. ત્યાં શ્રી મહાવીર-સ્વામીના એક વિશાલ મંદિરનું ખંડેર છે. આ મંદિર જીવિત સ્વામીના નામથી પ્રસિદ્ધ હતું. તેના મૂલ ગભારાના દરવાજા ઉપર ખોદેલો એક લેખ મળી આવ્યો. આ લેખ, શ્રીમાન કક્કસૂરિના શિષ્ય શ્રીમાન સાવદેવસૂરિજીએ વિ. સં. ૧૪૨૬ માં આ મંદિરનો જીર્ણોધ્ધાર કરાવરાવ્યો અને કેટલીક પ્રતિમાઓ, ધ્વજદંડ, કલશ વગેરેની પ્રતિષ્ઠા કરી તે વખતે ખોદાયેલો છે.આ [૨]લેખમાં લખ્યું છે કે–"શ્રી મહાવી રભગવાન છદ્મસ્થ અવસ્થામાં અર્બુદભૂમિમાં વિચર્યા હતા, તે વખતે એટલે ભગવાનના જન્મથી ૩૭ મા વર્ષે '**દેવા**' નામના

૨ આ લેખ વિસ્તૃત વિવેચન સાથે 'જૈન'ના તા. ૮-૩-૩૧ ના અંકમાં પ્રગટ થયો છે, તે વાંચી વિશેષ માહીતિ મેળવવી.

શ્રાવકે અહીં (શ્રી મુંડસ્થલ મહાતીર્થમાં) મંદિર બંધાવ્યું, **પૂર્ણપાલ રાજા**એ મૂર્તિ**ઓ** ભરાવી અને શ્રી**કેશી** ગણધરે તેની પ્રતિષ્ઠા કરી."

આ ઉપરથી વિશ્વાસ પૂર્વક એમ માની શકાય કે–ભગવાન મગધ દેશમાંથી મારવાડના રસ્તે **નાણા, બામણવાડા, નાંદિયા** અને **દિયાણા** થઈને જ **આબૂ**ની ભૂમિમાં વિચર્યા હશે, અત્યારે પણ પગ રસ્તે જનાર માટે સીધો રસ્તો **એ** જ છે. ઉપર્યુક્ત ચારે સ્થાનોમાં ભગવાને સ્થિરતા કરી હશે—કાયોત્સર્ગ (કાઉસગ્ગ) ધ્યાનમાં રહ્યા હશે, તેથી મુંડસ્થલ મહાતીર્થની જેમ ભક્ત શ્રાવકોએ એ જ સમયમાં ત્યાં પણ ભગવાનનાં મંદિરો બંધાવ્યાં જ હશે અને તેથી જ ઉપર્યુક્ત ચારે તીર્થો પરંપરાથી જીવિત સ્વામીનાં તીર્થ તરીકે ઓળખાય છે. **એ** ચાર તીર્થોમાં આ શ્રી બામણવાડા તીર્થનો પણ સમાવેશ છે. **એ**ટલે આ ધામ પણ શ્રી મહાવીર સ્વામી ભગવાનના ચરણકમળોથી પવિત્ર થયેલું છે, **એ** વાચકોના સમજવામાં સારી રીતે આવી ગયું જ હશે.[૩]

---

૩ શ્રી **ભીનમાલ**માં **થારાપદ્ર** ગચ્છના શ્રીમાન **પૂર્ણચંદ્રસૂરિજી**ના હાથે પ્રતિષ્ઠિત થયેલ શ્રી **મહાવીર સ્વામીનું** મંદિર છે. તેમાં આશો શુદિ ૧૪ ને દિવસે પૂજાને માટે ૧૩ દ્રમ અને ૭ વિંશોપકા મૂક્યા સંબંધીનો વી. સં. ૧૩૩૪ નો એક લેખ છે. આ લેખના પ્રારંભમાં લખ્યું છે કે " શ્રી **મહાવીર સ્વામી** અહીં (ભીનમાલમાં) પધાર્યા હતા." જુઓ "આર્ચ્યોલોજીકલ રીપોર્ટો" સન ૧૯૦૭-૦૮.

પરમ પવિત્ર ચરમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામી ભગવાનના ચરણ કમળો વડે કરીને પવિત્ર થએલી ભૂમિની પવિત્રતા માટે વિશેષ વર્ણન કરવાની જરૂર હોય ખરી ? તેનાથી વધારે ઉત્તમ અને પવિત્ર ભૂમિ બીજી કઇ હોઇ શકે ?

## પ્રાચીનતાઃ—

ઉપરના પ્રકરણથી આપણે સ્પષ્ટ રીતે સમજી શક્યા છીએ, કે–ભગવાન મહાવીર સ્વામી અહીં છદ્મસ્થપણામાં વિચર્યા હશે જ, અને તેથી ભક્ત શ્રાવકોએ અહીં એ જ સમયમાં મંદિર બંધાવ્યું હશે. આ જ કારણથી પ્રાચીન લેખોમાં આ તીર્થના 'મહાતીર્થ' તરીકેના ઉલ્લેખો જોવામાં આવે છે, અને આ 'મહાતીર્થ' હોવાનું તથા અહીં 'જીવિત સ્વામીનું મંદિર' હોવાનું લોકોમાં પણ બહુ પ્રસિદ્ધ છે. તેમજ 'તપાગચ્છની[૪] પટ્ટાવલી' માં લખ્યું છે કેઃ—

---

આ ઉપરથી "શ્રી **વીર** ભગવાન **ભીનમાલ**માં વિચર્યા હતા" એમ જાણી શકાય છે. જો આ વાત સાચી ઠરે તો પછી શ્રી **વીર** ભગવાન શ્રી **બ્રાહ્મણવાડજી** અને **આબુ** નજીકની ભૂમિમાં વિચર્યાનું નિઃસંદેહ રીતે માની શકાય. કારણ કે **બ્રાહ્મણવાડજી, મુંડસ્થલ, અર્બુદ ભૂમિ** અને **ભીનમાલ** એ બધું નજીક નજીકમાં જ આવેલ છે.

૪ 'શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરેન્સ હેરેલ્ડ' ના (જૂલાઇ-અકટોબર સન ૧૯૧૫ ના) જૈન ઇતિહાસ–સાહિત્યના સચિત્ર ખાસ અંકમાં 'તપાગચ્છની પટ્ટાવલી' પૃષ્ઠ ૩૨૮ થી ૩૭૩ જુઓ.

( ૧ ) શ્રી વીર ભગવાનની આઠમી પાટે થયેલા શ્રી **આર્યમહાગિરિસૂરિ** અને શ્રી **આર્યસુહસ્તિસૂરિના** સમયમાં એટલે આજથી લગભગ **૨૧૭૫** વર્ષો પહેલાં જૈન-ધર્મનો મહા પ્રચાર કરનાર મહારાજા **સંપ્રતિ** થઇ ગયા. તે ૧ સિદ્ધગિરિ, ૨ રેવંતગિરિ ( ગિરિનાર ), ૩ શંખેશ્વર, ૪ નદ્દિય ( નાંદિયા ) અને ૫ **બ્રાહ્મણ વાટક** આદિ તીર્થોની દર વર્ષે એક વર્ષમાં ચાર વાર સંઘ સાથે ( સંઘપતિ થઇને ) યાત્રા કરતા હતા.

( ૨ ) શ્રીવીર ભગવાનથી બારમી પાટે થયેલા શ્રી **આર્યસિંહસૂરિના** સમયમાં એટલે આજથી લગભગ **૧૯૪૦** વર્ષોની પહેલાં વિદ્યમાન એવા ૧ શ્રી **નાગાર્જુનસૂરિ**, ૨ શ્રી **સ્કંદિલસૂરિ**, અને ૩ શ્રી **પાદલિપ્તસૂરિ** આ ત્રણે સૂરિવર્યો પોતાના પગે ઔષધિનો લેપ કરી આકાશ માર્ગે ઉડીને ૧ સિદ્ધાચલ, ૨ ગિરિનાર, ૩ સમેતગિરિ, ૪ નંદીય (નાંદિયા) અને ૫ **બ્રાહ્મણ વાટક** એ પાંચ તીર્થોની યાત્રા કરીને પછી પાક્ષિક તપનું[૫] પારણું કરતા હતા.

( ૩ ) શ્રીવીર ભગવાનથી ઓગણત્રીશમી પાટે શ્રી **જયાનંદસૂરિ** થયા. તેમના સમયમાં એટલે વિક્રમ સં. **૮૨૧** ની આસપાસમાં તેમના ઉપદેશથી, ( શ્રીમાન સંપ્રતિ મહા-રાજાએ કરાવેલાં મંદિરોમાંથી ) ૧ બ્રહ્માણી ( વરમાણ ), ૨ નંદીય ( નાંદિયા ), ૩ **બ્રાહ્મણ વાટક**, ૪ મુહરિ પાસ

૫ પખવાડીયાના પ્રાયશ્ચિત્ત નિમિત્તે પાક્ષિક ( પખ્ખી ) પ્રતિ-ક્રમણને દિવસે ઉપવાસ કરવામાં આવે છે, તે પાક્ષિક તપ કહેવાય છે.

ઇત્યાદિ નવસો જિનમંદિરોનો જીર્ણોદ્ધાર **પોરવાડ મંત્રી સામંતે** કરાવ્યો.

( ૪ ) **શ્રી વીર ભગવાનથી ૩૫મી માટે થયેલા શ્રી ઉદ્યોતનસૂરિજી** કે જેમણે શ્રી સંમેત શિખરજીની પાંચ વાર યાત્રા કરી હતી. તેઓ શ્રી સંમેત શિખરજીની યાત્રા કરી મગધદેશથી આબૂની યાત્રા માટે વિહાર કરી; ૧ **બભણવાડ ( બ્રાહ્મણ વાટક )**, ૨ નંદીય ( નાંદિયા ), ૩ દહિયાણક ( દીયાણા ) વગેરે તીર્થોની યાત્રા કરીને વિ. સં. ૯૯૪ માં આબૂની તલેટીમાં આવેલા ઢેલી ( ટેલી ) ગામના સીમાડામાં ( તે વખતે ઉષ્ણકાળ હોવાથી ) મોટા વટવૃક્ષ ( વડલા ) ની નીચે છાયામાં વિશ્રાંતિ લેવા માટે બેઠા, તે વખતે શુભ મુહૂર્ત હોવાથી સૂરિજીએ, સર્વદેવસૂરિ પ્રમુખ પોતાના આઠ યોગ્ય શિષ્યોને આચાર્ય પદ આપ્યું.

( ૫ ) શ્રીવીર ભગવાનથી ૪૩મી પાટે શ્રી **સોમપ્રભસૂરિ** થયા. તેમના પટ્ટધર 'મહાતપા' બિરૂદ ધારક શ્રી **જગચ્ચંદ્રસૂરિ**, તથા તેમના સહચારી શ્રી **દેવભદ્રસૂરિ** અને શ્રી **દેવેન્દ્રસૂરિ** વિ. સં. ૧૨૮૩ ની આસપાસમાં શ્રી પાલણપુરમાં ચોમાસું રહ્યા હતા. ચાતુર્માસ પછી સપરિવાર એ ત્રણે આચાર્યોએ પાલણપુરથી વિહાર કરી ૧ આબુ, ૨ દહિઆણક ( દીયાણા ), ૩ નંદીય ( નાંદિયા ), ૪ **બ્રાહ્મણ વાટક** વગેરે તીર્થોની યાત્રા કરી હતી.

ઉપર આપેલી હકીકત ઉપરથી એ સ્પષ્ટ રીતે સમજી શકાય તેમ છે કે–આગળ આખા ભારતવર્ષના મોટાંમાં મોટાં

પાંચ **જૈન** તીર્થોમાં પણ '**શ્રી બ્રાહ્મણવાડા**' તીર્થની ગણત્રી કરવામાં આવતી, અને શ્રી મહાવીર ભગવાનના પ્રાચીન પટ્ટધર વગેરે મોટા મોટા આચાર્યો પણ આ તીર્થની યાત્રા કરવા આવતા હતા. ત્યારે તે સમયમાં આ તીર્થનો કેટલો પ્રભાવ અને મહિમા લોકોમાં પ્રવર્તતો હશે, તે સમજવું કાંઇ મુશ્કેલી ભરેલું નથી.

ઉપરની ત્રીજી કલમમાં અહીં **મહારાજા સંપ્રતિએ** મંદિર બંધાવ્યાનું લખ્યું છે. પરંતુ આ જીવિત સ્વામીનું મંદિર કહેવાય છે, એટલે ભગવાનની વિદ્યમાનતામાં જ અહીં મંદિર તો બનેલું હશે. પણ તે સાદું કે નાનું હશે; અથવા જીર્ણ થઇ ગયું હશે, તેથી તેનો મહારાજા સંપ્રતિએ **નવેસર**થી જીર્ણોદ્ધાર કરાવ્યો હશે અને તેથી જ ઉક્ત પટ્ટાવલીમાં 'અહીં મહારાજા સંપ્રતિએ મંદિર બંધાવ્યું.' એવો ઉલ્લેખ કર્યો જણાય છે. ત્યાર પછી વિ. સં. ૮૨૧ ની આસપાસમાં **પોરવાડ સામંત મંત્રી**એ આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો.

**અંચલગચ્છીય** શ્રીમાન **મહેન્દ્રસિંહ સૂરિજી**એ વિ. સં. ૧૩૦૦ ની આસપાસમાં રચેલ શ્રી 'અષ્ટોત્તરી તીર્થમાળા' માં પણ શ્રી 'બ્રાહ્મણવાડા' તીર્થમાં શ્રી વીર ભગવાનના પગલાં વાળા થૂભે કરીને યુક્ત શ્રીમહાવીર સ્વામીનું મંદિર હોવાનું લખ્યું છે.

વળી 'પટ્ટાવલી સમુચ્ચય' ના પહેલા ભાગમાં લખ્યું છે કે–**પલ્લીવાલ** ગચ્છના સાધુઓના **પાલી, કોરટા, નાકોડા** વગેરે મુખ્ય છ ક્ષેત્રોમાં શ્રી **બ્રાહ્મણવાડા** પણ એક ક્ષેત્ર

હતું. આ ઉપરથી જણાય છે કે–વિ. સ. ૧૫૦૦ ની આસપાસ-માં શ્રી બામણવાડજીમાં શ્રાવકોનાં ઘર ઘણાં હશે, અને તેથી જ પલ્લીવાલ ગચ્છના સાધુઓ અવાર–નવાર ત્યાં વિચરતા હશે.

ઉપરની સર્વ હકીકતથી આ તીર્થ અતિ પ્રાચીન અને પ્રભાવશાળી હોવાનું નિઃસંદેહ રીતે સિદ્ધ થાય છે.

હવે આ તીર્થમાં અત્યારે શ્રી મૂળનાયકજીની જે મૂર્તિ છે, તે અસલની જ છે, કે જીર્ણોદ્ધાર સમયે કોઇએ નવી પધરાવી ? તે, અને અત્યારે વિદ્યમાન છે તે મૂળ મંદિર સામંત મંત્રીએ જીર્ણોદ્ધાર સમયે કરાવ્યું હતું એ જ છે, કે ત્યાર પછી કોઇએ જીર્ણોદ્ધાર કરાવતાં નવું કરાવ્યું ? તે સંબંધી કાંઈ પણ મારા જાણવામાં આવ્યું નથી. મૂલનાયકજીની મૂર્તિ ઉપર લેખ નથી, કદાચ હશે તો મૂર્તિ ઉપર સાચાં મોતીનો લેપ કરેલો હોવાથી તેમાં દટાઇ ગયો હશે. મૂલનાયકજીની નીચે પરિકરની ગાદી છે તે સાદા આરસ પથ્થરની છે, પણ તે ઘણી જ પ્રાચીન ( આશરે હજારેક વર્ષ પહેલાંની ) હોય તેમ જણાય છે. તેની નીચેના ભાગમાં પહેલાં લેખ હશે એવી સંભાવના થાય છે. એક બે અક્ષરો અત્યારે પણ દેખાય છે. બાકીનો બધો ભાગ, પત્થર ખવાઇ જવાથી નષ્ટ થઈ ગયો લાગે છે.

મૂળ મંદિરના જીર્ણોદ્ધાર સંબંધીનો પણ લેખ કોઇ જગ્યાએ દેખવામાં આવ્યો નથી. કદાચ હશે તો, મૂળ મંદિરમાં ઘણાં વર્ષો પહેલાં ચૂનાનું પલાસ્તર થયેલું છે, તેમાં દટાઇ ગયો હશે.

મૂલ મંદિરની આસપાસની ભમતી ( પરિક્રમા )ની દેરીઓમાંની અગ્યાર દેરીઓના દરવાજા ઉપર ખોદેલા લેખો મલ્યા છે. કે જે થોડાં વર્ષો પહેલાં પલાસ્તર કરતી વખતે ખુલ્લા રાખ્યા છે. તે બધા લેખો સંવત્ ૧૫૧૯ અને ૧૫૨૧ ના છે. તેમાંના ઘણા લેખોમાં, શ્રી બ્રાહ્મણવાડજી મહાતીર્થનાં[૬] શ્રી મહાવીર સ્વામીના મંદિરમાં આ દેવકુલિકાઓ ( દેરીઓ ) કરાવ્યાનો ઉલ્લેખ કરેલો છે. એટલે પહેલાં વચ્ચે આવેલું મૂળ મંદિર જ બનેલું હશે. ભમતીની દેરીઓ પાછળથી ઉક્ત સંવતમાં બની હોય તેમ લાગે છે.

વિ. સં. ૧૫૦૦ ની આસપાસમાં **પં. મેઘે** રચેલી તીર્થમાલામાં; વિ. સં. ૧૭૪૬ માં **પં. શીલવિજયજી**એ રચેલી તીર્થમાલામાં; વિ. સં. ૧૭૫૦ માં **પં. સૌભાગ્યવિજયજી**એ રચેલી તીર્થમાલામાં અને વિ. સં. ૧૭૫૫ માં શ્રી **જ્ઞાનવિમલસૂરિજી**એ રચેલી તીર્થમાલામાં અહીં ( બ્રાહ્મણવાડામાં ) શ્રી મહાવીરસ્વામીનું મંદિર હોવાનું જણાવ્યું છે. આમ પ્રાચીન અને અર્વાચીન ગ્રંથોમાં ' શ્રી બ્રાહ્મણવાડા ' તીર્થના ઉલ્લેખો થયેલા જોવામાં આવે છે.

**ચમત્કારઃ—**

મૂલનાયક શ્રી મહાવીર સ્વામીની મૂર્તિ રેતીની બનેલી છે, અને તે ભગવાનના માહાત્મ્યને લીધે–તેમના અધિષ્ઠાયક

૬ આ જીવિતસ્વામીનું મંદિર હોવાથી મહાતીર્થ કહી શકાય. આ બધા લેખો પરિશિષ્ટ ૧ માં આપેલા છે.

દેવના પ્રભાવથી અખંડિત રહેલી છે, એમ લોકોમાં મનાય છે. વાસ્તવમાં પણ આ મૂર્તિ એવી જ લાગે છે. આખા અંગ ઉપર સાંધો અને ખાડા–ખડીયા દેખાય છે, દર પાંચ કે દસ વર્ષે મોતીનો લેપ કરાવાય છે.

આ મૂર્તિ ઘણી ચમત્કારિક છે. લોકોમાં ઘણા ચમત્કારોની વાતો પ્રચલિત છે, પણ તેમાંના માત્ર એક જ ચમત્કારનો કિસ્સો નીચે આપું છું.

સિરોહીના નામદાર મહારાવ ઉદયભાણજીના નાનાભાઇ શિવસિંહજી હતા. જેમને આજીવિકા માટે **નાંદિયા** [૭]ગામ આપ્યું હતું અને તે પોતાના નાંદિયા ગામમાં રહેતા હતા. ત્યાંથી વખતો વખત શ્રી બામણવાડજી ( શ્રી મહાવીર સ્વામી) નાં દર્શન કરવા આવતા, અને સેવા–ભકિત કરતા. એક વખત તેઓ શ્રી બામણવાડજીનાં દર્શન કરવા આવ્યા હતા. તે વખતે શ્રી બામણવાડજીના પૂજારી અમરાજીએ કહ્યું કે આપ શ્રી બામણવાડજી પાસે શું વિનંતિ કરો છો ? જાઓ, આપને પરમ દિવસે સિરોહીનું રાજ્ય મલશે ( કે જેને માટે સંભાવના હતી જ નહિ. કેમકે તેમના મોટાભાઇ મહારાવ ઉદયભાણજી ગાદીપતિ વિદ્યમાન હતા. ) તેમણે પુછ્યું કે–" તું કહે છે કે બામણવાડજી ? " ત્યારે પૂજારીએ કહ્યું કે–"હું શું કહું ? બામણવાડજી કહે છે. " બસ બીજે જ દિવસે સિરોહીથી બધા સરદારો શ્રી શિવસિંહજીને બોલાવવા નાંદિયા આવ્યા. તેથી

૭ નાંદિયા, શ્રી બામણવાડજીથી નૈરૂત્ય ખુણામાં ચાર માઇલ દૂર છે.

શ્રીમાન શિવસિંહજી નાંદિયાથી- સિરોહી ગયા અને વળતે દિવસે તેમને રાજ્ય શાસન મલ્યું.

આ કથા ઐતિહાસિક અને તાજીજ હોવાથી તે સંપૂર્ણ સાચી હોવાની સંભાવના થઇ શકે છે.[૮] મહારાવ શિવસિંહજી, શ્રી બામણવાડજી ઉપર ભક્તિ રાખતા હતા, વખતોવખત

---

૮ મહારાવ ઉદયભાણજી એશ–આરામમાં રાત દિવસ તત્પર રહેતા હતા. એવી સ્થિતિમાં એક વખત જોધપુર રાજ્યે તેમને પકડીને કેદ કર્યા હતા. ત્યાં તેમણે સવા લાખ રૂપીઆ જોધપુરને આપવાની કબૂલાત આપવાથી તેમને છોડયા. તે રૂપીઆ તેમણે ભર્યા નહિ અને સિરોહી આવી પાછા એશ–આરામમાં મશગૂલ બની ગયા. તેથી જોધપુરથી ફોજ આવી. તે ફોજે સિરોહીને ખૂબ લૂંટયું. લાખો રૂપીઆની મિલ્કત લૂટીને લઇ ગઇ. તેથી સિરોહી ભાંગ્યું અને સિરોહી ઇલાકામાં પણ અશાંતિ થઇ ગઇ. આ કારણથી બધા સરદારો ભેગા મળીને મહારાવ ઉદયભાણજીના નાના ભાઇ શિવશિંહજીને બોલાવવા નાંદિયા ગયા, અને સિરોહીની તથા ઇલાકાની બધી હકીકત જાહેર કરી. ત્યારે તેમને શ્રીમાન શિવસિંહજીએ જવાબ આપ્યો કે તમો બધા પોત પોતાને ઠેકાણે જાઓ. હું તેનો ઉચિત પ્રબંધ કરીશ. એમ કહી પોતે સિરોહી જઇ પોતાના મોટા ભાઇને નજર કેદ કરી, વિ. સં. ૧૮૭૫માં સિરોહીનું રાજ્ય શાસન પોતાના હાથમાં લીધું અને રિજેન્ટ ( પ્રતિનિધિ ) તરીકે કામ કરવા લાગ્યા. સં. ૧૯૦૩માં મહારાવ ઉદયભાણજીનો દેહાન્ત થવાથી અને તેમને સંતાન નહિ હોવાથી શ્રીમાન શિવસિંહજી સં. ૧૯૦૪ના કાર્તિક સુદિ ૪ ને દિવસે ગાદી પર આવ્યા. અર્થાત્ મહારાવ થયા..

( જુઓ **सिरोही राज्यका इतिहास** )

તેમનાં દર્શન માટે આવતા અને ભેટો ચડાવતા હતા, તે પણ ઉપરના કિસ્સાની સત્યતાને પુષ્ટિ આપી રહેલ છે.

મહારાવ શિવસિંહજીએ, શ્રી બામણવાડજીની નજીકમાં આવેલા વીરવાડા ગામની જમીનની ઉપજનો અરધો ભાગ અને રોકડ રકમની ઉપજનો પોણો ભાગ જે સિરોહી રાજ્યની માલિકીનો હતો, તે શ્રી બામણવાડજીને ચડાવ્યો છે. તે સિવાય જુદે જુદે વખતે ત્રણ અરટ[૯] શ્રી બામણવાડજીને ભેટ કર્યા છે. ( તે સંબંધી વિશેષ હકીકત ' જાગીર ' પ્રકરણમાં જુઓ ).

અને શ્રી બામણવાડજીના મંદિર તથા ધર્મશાલાના આખા કંપાઉન્ડનો મજબુત પત્થરોથી બાંધેલો જબરદસ્ત કોટ, તેના ત્રણે દરવાજા અને તે દરવાજા ઉપરનાં મકાનો પણ શ્રીમાન મહારાવ શિવસિંહજીએ જ બંધાવી આપેલ છે. આ સિવાય બીજી પણ પરચુરણ ભેટો ચડાવી હશે જ. આ ઉપરથી નામદાર મહારાવ શ્રી શિવસિંહજી, શ્રી બ્રાહ્મણવાડજી ઉપર અત્યંત ભક્તિ ધરાવતા હતા, એમ વિશ્વાસપૂર્વક સૌ કોઈના માનવામાં આવી શકે તેમ છે.

## મહિમાઃ—

ઉપરના કારણથી જૈનો ઉપરાંત હિંદુ ધર્માનુયાયિઓ—બ્રાહ્મણો, રાજપુતો, ખેડુતો વગેરે બધી જાતના લોકો શ્રી

---

૯ અરટ એટલે મોટો કુવો. જેના ઉપર અરટનું ( પાણી કાઢવાના ચક્રનું ) મંડાણ હોય છે અને જેની સાથે ચાર પાંચ મોટાં ખેતરો હોય છે.

બામણવાડજીનાં દર્શન કરવા આવે છે. તેમની માનતા માને છે. દર્શન વગેરે કરી ભેટ ચડાવીને આનંદિત થાય છે. અહીં બે મોટા સાર્વજનિક મેળા ભરાય છે. તે વખતે પણ દરેક જાત અને દરેક ધર્મવાળા લોકો શ્રી બામણવાડજીનાં દર્શન કરી યથાશકિત ભેટ ચડાવીને ખુશી થાય છે. તેમજ હમેશાં આસપાસનાં ગામોમાં જતા–આવતા મુસાફરો પણ શ્રી બામણવાડજીના ધામમાં વિશ્રાંતિ લઇ તેમનાં દર્શનનો લાભ લે છે. વાંકલી ( મારવાડ ) નિવાસી શેઠ હજારીમલજીની જેમ ઘણા ભકત વેપારીઓ પોતાની દુકાનોમાં શ્રી બામણવાડજીનો આનો, અરધી આની ભાગ રાખે છે, તે ભાગમાં જેટલી આવક થાય છે, તે રકમ શ્રી બામણવાડજીમાં જઈને ખરચે છે. જેઓ સાચા દિલથી માનતા કરે છે અને ભાગ રાખે છે, તેમનાં કાર્યોની સિદ્ધિ થાય છે, એવા ઘણા દાખલા સાંભળ્યા છે.

## મંદિરની રચનાઃ—


શ્રી બામણવાડજી ( શ્રી મહાવીર સ્વામી )નું આ મંદિર શિખરબંધી પણ નીચા ઘાટનું વિશાલ અને મનોહર છે. મૂળ ગભારો, ગૂઢ મંડપ, છ ચોકીઓ, સભા મંડપ, શૃંગાર ચોકી, દરવાજાની ઉપર બલાનક ( મંડપ ) અને ભમતીમાં ચારે તરફ ફરતી ( ત્રણ બાજુના ત્રણ ગભારા સહિત ) પાંત્રીશ દેરીઓ યુક્ત આ મંદિર બનેલું છે.

મૂળમંદિર ઉપર એક શિખર અને ભમતીની દેરીઓ ઉપર ૩૪ શિખરો છે. એ રીતે આ મંદિરમાં કુલ ૩૫ શિખરો છે. મૂળમંદિરની પાછળના એક ગભારા ઉપર તથા ચોકીઓ

અને બીજા બધા મંડપો ઉપર ઘુમ્મટો (ગુંબજો) છે. બધી દેરીઓ અને દરવાજા નીચા ઘાટના છે, નીચા નમ્યા વિના દેરીઓની અંદરની મૂર્તિઓનાં દર્શન થઇ શકતાં નથી. હાલ થોડાં જ વર્ષો થયાં આખા મંદિરમાં આરસની લાદીઓ, ટાઇલો અને કાચ લગાવ્યા છે. તેમજ રંગ તથા ચિત્ર કામ પણ હાલમાં તાજું જ થયેલ હોવાથી આખું મંદિર દેવમંદિર અથવા વિમાન જેવું રળીયામણું–શોભાયમાન લાગે છે.

## મૂર્તિસંખ્યાઃ—

મૂળ ગભારામાં મૂલનાયકજીની ઉપર, પરિકરની ઉપ-રનો–પુષ્પમાળધર અને છત્રવાળા ભાગનો ટુકડો દીવાલમાં લાગેલો છે, તે જૂનો હોય તેમ જણાય છે. બાકીનું પરિકર ખંડિત થવાથી અથવા કોઇ પણ કારણથી જીર્ણોદ્ધાર વખતે કાઢી નાખ્યું લાગે છે. મૂળ ગભારામાં મૂલનાયકજી સહિત આરસની જિન મૂર્તિઓ–૨, ધાતુની નાની એકલ મૂર્તિ–૧, ચાંદિની એકલ મૂર્તિ–૧ અને ચાંદિનાં પતરાંની મૂર્તિઓ–૨ છે. ગૂઢમંડપમાં આરસની જિન મૂર્તિઓ–૨ છે. છ ચોકીઓમાં આરસની જિન મૂર્તિઓ–૨ અને ધાતુની પંચતીર્થી–૧ છે. જમણા હાથ તરફના ગભારામાં ધાતુની પંચતીર્થી–૨ અને એકતીર્થી–૧ છે. તથા ભમતીની બધી દેરીઓ અને ત્રણે ગભારામાં થઇને આરસનાં કુલ જિન બિંબ–૯૭ છે. તે ઉપરાંત જમણા હાથ તરફના ગભારાની બહારના મંડપમાં આરસના પરિકરનો એક ટુકડો સ્થાપન કરેલો છે, તેમાં ભગવાનની બેઠેલી બે મૂર્તિઓ વગેરે કોતરેલું છે. તેની પાસે અંબાજીની એક



મંદિરમાં જવાના પહેલા દરવાજાનું દશ્ય.

નાની મૂર્તિ છે; અને એક બાજુમાં પરિકરની એક ખાલી ગાદી લગાવેલી છે.

શૃંગાર ચોકીની પછીના કંપાઉંડમાં બન્ને બાજુએ પાકી શાળ ( ઓસરી ) બનેલી છે, તેમાંની જમણા હાથ તરફની શાળમાં એક દેરી બનેલી છે, તેમાં ચાર જોડી પગલાં છે અને તેની પાસે—દેરીની બહાર ચાર જોડી પગલાં છુટાં રાખેલાં છે, તે બાબાજીની છત્રી પાસેની ઓરડીમાંથી લાવીને અહીં રાખેલાં છે; તથા હાથીખાનાની પાસે બે નાની દેરીઓ છે, તેમાં બે જોડી પગલાં છે; આ બધાં પગલાં યતિઓનાં છે, તેના ઉપર વિ. સં. ૧૭૦૦ પછીના લેખો છે. પગલાંની મોટી દેરીની પાસે એક ઓરડી છે, તેમાં કેશર ઘસવાનું તથા પૂજાના ઉપકરણો રહે છે.

આ કંપાઉંડની બહાર એક બીજો કંપાઉંડ આવેલો છે, તેમાં જમણા હાથ તરફ, **વાંકલી** ( મારવાડ ) નિવાસી શેઠ **હજારીમલજીએ** એક પાકી મોટી છત્રી કરાવી ને તેમાં શ્રી શત્રુંજય ગિરિરાજનો આરસનો મોટો પટ્ટ સ્થાપન કર્યો છે.

## ધર્મશાળા અને બીજાં મકાનોઃ—

મૂર્તિસંખ્યાના પ્રકરણમાં લખેલા બીજા કંપાઉંડની પછી એક ત્રીજો કંપાઉંડ આવે છે, તેમાં પૂજારીઓ, નોકરો, સિપાઇઓ વગેરેને રહેવા માટે ઓરડીઓ વગેરે મકાનો છે. ડાબા હાથ તરફના એક હોલમાં પૂજા કરનારાઓને ન્હાવાનું તથા પૂજાનાં કપડાં પહેરવાનું રાખેલ છે. તે હોલની પાછળ

એક બારણું છે, ત્યાંથી બહાર જતાં એક મોટી અને ઊંડી વાવ આવે છે. તેના ઉપર મોટા અરટ ( પાણી કાઢવા માટે મારવાડના કોસ )નું મંડાણ છે. આ વાવમાં જમીનમાંથી પાણીની આવક નથી, પણ ટાંકાંની જેમ તેમાં અગાશીઓ અને મેદાન વગેરેમાંથી વરસાદનું પાણી લાવવામાં આવે છે, તેનાથી આખું વર્ષ બરાબર પાણી પહોંચી રહે છે.

ઉપર્યુક્ત ત્રીજા કંપાઉંડના મુખ્ય દરવાજા માથે ત્રણ ખંડવાળી મોટી છત્રી ( બારાદરી ) બનેલી છે. શ્રી બામણવાડજીના મંદિરમાં પ્રવેશ કરવા માટે આ મુખ્ય દરવાજો છે. અહીં કારખાનાના ચોકીદારો ( સિપાઇઓ ) બેસે છે. તેઓ કલાકે કલાકે ઘડીઆળના ડંકા વગાડે છે. રાતદિવસ પહેરો રહે છે. આ ત્રીજા કંપાઉંડ પછી ધર્મશાલાઓ વગેરે મકાનોનો એક મોટો કંપાઉંડ આવે છે. તેમાં, મંદિરમાં પ્રવેશ કરવાના દરવાજાની પાસે ચારેતરફ કારખાનું (પેઢી), રસોડું અને ધર્મશાલા વગેરે માટે જુદાં જુદાં નાનાં મોટાં ઘણાં મકાનો બનેલાં છે. આવતા જતા મુસાફરો અને મેળા વખતે આવેલા લોકોને બેસવા તથા દુકાનો માંડવા માટે મોટી મોટી શાળો ( ઓશરીઓ ) અને મેદાનમાં મોટા મોટા ચોતરાઓ બનેલા છે. આ આખા કંપાઉંડની ફરતો ચારે તરફ પાકો મોટો કોટ બનેલો છે, તેમાં ૧ વીરવાડા તરફનો, ૨ પીંડવાડા તરફનો, ૩ નાંદિયા તરફનો, એમ ત્રણ મોટા દરવાજા અને ઉંદરાના રસ્તા તરફ એક માટી બારી બનેલી છે.

મંદિરના મુખ્ય દરવાજાની સામે હાથીખાનામાં અંબાડી

અને સવારી સહિત એક જબરજસ્ત હાથી અને તેની બન્ને બાજુએ બે ચોપદાર ( રક્ષકો ) બનેલા છે. હાથીખાનાની પાસેની એક છત્રીમાં નાની નાની બે દેરીઓ બનેલી છે, તે બન્નેમાં યતિઓનાં પગલાં જોડી–૨ છે.

## કર્ણકીલક ઉપસર્ગની સ્થાપનાઃ—

મંદિરના મુખ્ય દરવાજાથી વીરવાડાના દરવાજા તરફ જતાં જમણા હાથ તરફ એક મોટી દેરી આવે છે, તેમાં પહાડના પથ્થરમાં જ શ્રીમહાવીરસ્વામી ભગવાનની ચરણ–પાદુકા કોતરેલી છે. લોકોની માન્યતા છે કે ભગવાન મહાવીરસ્વામી અહીં કાઉસગ્ગ ( કાયોત્સર્ગ ) ધ્યાનમાં રહ્યા હતા, તે વખતે ગોવાળીયાએ ભગવાનના બન્ને કાનમાં ખીલા નાખ્યા હતા. **રાજકોટ** નિવાસી એક વયોવૃદ્ધ શ્રાવકના મુખથી મારા સાંભળવામાં આવ્યું છે કે–" ઉપર્યુક્ત દેરી હાલ જમીન ઉપર છે, પણ તેને બદલે લગભગ ૪૦–૪૫ વર્ષ પહેલાં એ જ ઠેકાણે પહાડના દશેક ફુટ જેટલા ઊંચાણવાળા ભાગ ઉપર દેરી હતી અને તેમાં ભગવાન મહાવીરસ્વામીના કાનમાં ખીલા નાંખ્યાની સ્પષ્ટ આકૃતિ પહાડના પથ્થરમાં કોતરેલી હતી." પણ અત્યારે ફક્ત પાદુકા સિવાય તેમાંનું કાંઇ નથી. આ ફેરફાર કયારે થઇ ગયો તે સંબંધી કાંઇપણ મારા જાણવામાં આવ્યું નથી.[૧૦]

---

૧૦ ઉક્ત દેરીની પાસેની ટેકરી ઉપર **સિરોહી** નિવાસી શાહ **નેનમલજી નથમલજી** તથા **ગોયલી ( સિરોહી )** નિવાસી શાહ **ખુશાલખંદજી ચેનાજી**ની આર્થિક સહાયતાથી એક સુંદર દેરી તૈયાર થાય છે. તેમાં ઉક્ત બન્ને ગૃહસ્થો તરફથી શ્રી **મહાવીર**

'શ્રી મહાવીરચરિત્ર', 'કલ્પસૂત્ર–સુબોધિકા ટીકા' વગેરે ગ્રંથોમાં, શ્રી વીરભગવાનને કાનમાં ખીલા નાખ્યાનો ઉપસર્ગ षण्मानी ગામ પાસે થયાનું લખેલું છે, તેથી ઘણા

---

**સ્વામી** ભગવાનની ૧ કાનમાં ખીલા નાંખવાના ઉપસર્ગની આકૃતિવાળી, ૨ ચંડકૌશિક સર્પે ડંખ માર્યાના ઉપસર્ગની આકૃતિવાળી અને ૩ કેટલાક વીંછીઓ શરીર પર ડંખ મારી રહ્યા છે. છતાં ધ્યાનમાં મગ્ન રહેતી આકૃતિવાળી, આવી ત્રણ ઉભી સુંદર પ્રતિકૃતિઓ (મૂર્તિઓ) પધરાવવામાં આવશે. બનતા સુધી આની પ્રતિષ્ઠા કે પૂજા નહિ થાય, પરંતુ મૂર્ત્તિઓની આસપાસ કાચ જડીને મ્યુઝીયમ તરીકે સુંદર રીતે રાખવામાં આવશે. આ પુસ્તક પ્રગટ થતાં પહેલાં જ આ કામ પૂર્ણ થઇ જવાની પૂરેપુરી સંભાવના છે. અહીંના કાર્યવાહકોને અમારી ભલામણ છે કે–જગ્યા હોય તો એ જ દેરીમાં અથવા તેની પાસે જ બીજી દેરી કરાવીને તેમાં ભગવાનને થયેલા બીજા કેટલાક ઉપસર્ગો જેવા કે–કાનમાંથી ખીલા કાઢ્યા, પગ ઉપર ખીર રાંધી, વ્યંતરીએ કરેલો શીત ઉપસર્ગ, સંગમકે કરેલા ઘોર ઉપસર્ગો, વગેરેમાંથી એક બેની પ્રતિકૃતિઓ (આકૃતિઓ) કરાવીને પધરાવવી અને કેટલાક ઉપસર્ગોનાં ચિત્રો તે દેરીની દીવાલો ઉપર કરાવવાં કે જેથી ભવિષ્યમાં "આ ત્રણે ઉપસર્ગો અહીં થયા છે" આવી કોઇને પણ ભ્રાંતિ થવાનો પ્રસંગ ઉપસ્થિત ન થાય.

આ દેરીની પાછળ અને બાજુમાં ઉક્ત બન્ને ગૃહસ્થોની આર્થિક સહાયતાથી યાત્રાળુઓને ઉતરવા માટે, (સહાયકો આવ્યા હોય તો તેમને તેમાં ઉતરવાનો પહેલો હક એ શરતે) ચાર બંગલાઓ હાલ તુરતમાં જ બનીને તૈયાર થઇ ગયા છે. આવી રીતે બીજાં પણ કેટલાંક મકાનો બનાવવાનું શરૂ થઇ ગયું છે. આ ધામની દિન–પ્રતિદિન ઉન્નતિ વધતી જતી હોય તેમ જણાય છે. એ ખરેખર ખુશી થવા જેવું છે.



કાનમાં ખીલા નાંખવાના પ્રસંગની ભગવાન મહાવીર સ્વામીની
નવી બનેલી મૂર્ત્તિ.

વિદ્વાનો અહીં તો તેની માત્ર સ્થાપના જ[૧૧] હોવાનું માને છે. પણ આ ઠેકાણે એક વાત વિચારવાની રહે છે, અને તે એ કે-જે જે સ્થાપનાઓ, દંતકથાઓ અને કિંવદન્તિઓ હોય છે, તે બધી સાવ નિર્મૂળતો નથી જ હોતી, તેમાં કાંઇક તો સત્યાંશ જરૂર રહેલો હોવો જ જોઇએ. પણ આવી જૂની પ્રવૃત્તિઓના મૂળમાંથી સત્યાંશ કે તેનો ઉદ્દેશ શોધી કાઢવો એ જેવી તેવી વાત નથી. તે માટે ઘણો પ્રયત્ન કરવાની જરૂર પડે છે. જેમ શ્રી **બામણવાડજી**માં ભગવાનના કાનમાં ખીલા નાંખવાના ઉપસર્ગની સ્થાપના છે, તેમ બામણવાડાથી ચાર માઇલ દૂર આવેલા **નાંદિયા** ગામની બહારના શ્રી મહાવીરસ્વામીના મંદિરની પાસેની, પહાડના જરા ઊંચાણ ભાગમાં આવેલી એક દેરીમાં ભગવાનને ચંડકૌશિક સર્પના થયેલા ઉપસર્ગની સ્થાપના છે, **સિરોહીની** નજીકના કોઇએક ગામમાં 'ગોવાળીયાની ખીરનું

---

૧૧ આ સ્થાપના પણ હાલમાં–પચાસ કે સો વર્ષમાં જ થઇ હોય એમ જણાતું નથી. કેમકે **અંચલગચ્છીય** શ્રીમાન **મહેન્દ્રસિંહસૂરિજી** મહારાજે વિ. સં. ૧૩૦૦ ની આસપાસમાં રચેલ 'શ્રી અષ્ટોત્તરી તીર્થમાળા' માં લખ્યું છે કે–" શ્રી બ્રાહ્મણવાડામાં શ્રી વીરભગવાનનાં ચરણોએ યુક્ત થૂભ છે. " તો અહીં આ સ્થાપનાની દેરી સિવાય બીજાં શ્રી વીરભગવાનનાં ચરણ કે થૂભ નથી. તેથી આ સ્થાપના પણ વિ. સં. ૧૩૦૦ પહેલાંની હોવી જોઇએ એમ અનુમાન થઇ શકે છે.

વિ. સં. ૧૭૫૦ માં પં. શ્રી **સૌભાગ્યવિજયજી**એ રચેલ તીર્થમાળામાં પણ અહીં શ્રી **વીર** ભગવાનનાં **ચરણ** ( પાદુકા ) હોવાનું લખ્યું છે.

હાંડલું ભાંગ્યા 'ના વૃત્તાંતની સ્થાપના હોવાનું સાંભળ્યું છે, અને વઢવાણ શહેરની બહાર શૂલપાણિ યક્ષના ઉપસર્ગની સ્થાપના છે.

શ્રી વીર ભગવાન છદ્મસ્થ કાળમાં મારવાડ કે ગુજરાતમાં નથી પધાર્યા, એવી વિદ્વાનોની અત્યાર સુધી માન્યતા હતી. પરંતુ **મુંગથલા** ગામના પડી ગયેલા જૈન મંદિરમાંથી પ્રાપ્ત થયેલ પ્રાચીન લેખ કે જે "જૈન" પત્રમાં ત્રણ વર્ષ ઉપર પ્રગટ કરાવ્યો હતો અને જેનો ઉલ્લેખ આના 'પવિત્રતા 'ના પ્રકરણમાં કરવામાં આવ્યો છે; તે લેખથી આપણને ખાત્રી થઇ છે કે–શ્રીવીર ભગવાન છદ્મસ્થ કાળમાં **અર્બુદ** (આબુ)ની ભૂમિમાં વિચર્યા હતા. તો પછી ઉપરની બધી સ્થાપનાઓ, સ્થાપના માત્ર જ છે, તેમાં સત્યાંશ નથી, **એમ** કેમ કહી શકાય ?

મારવાડના વૃદ્ધ પુરુષો "**નાંદિયાનું** મૂલ નામ **નંદિપુર** ( નંદિગ્રામ ) અને તે શ્રી વીર ભગવાનના સાંસારિક ભાઈ **નંદિવર્ધને** વસાવ્યાનું માને છે." અહીંનું ( નાંદિયાનું ) શ્રી મહાવીરસ્વામીનું મંદિર ઘણું પ્રાચીન છે. તેમાંથી જૂનામાં જૂનો વિ. સં. ૧૧૩૦ નો **એક** લેખ પ્રાપ્ત થયો છે.

'શ્રી મહાવીર ચરિત્ર' ( ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર પર્વ ૧૦ ) આદિ ગ્રંથોમાં **ચંડકૌશિકનો** ઉપસર્ગ **કનકખલાશ્રમ**માં અર્થાત્ ભયંકર જંગલમાં થયાનું લખ્યું છે. અત્યારે પણ **નાંદિયા** ગામની બહારના શ્રીમહાવીરસ્વામીના મંદિરની અને તેની પાસેની ચંડકૌશિકના ઉપસર્ગની સ્થાપનાવાળી દેરીની આસપાસ ચારે તરફ ભયંકર અને ઉજ્જડ


જંગલ છે. તેમજ **આબુ** ઉપર આવેલા **ઓરીયા** ગામની બહાર કોટેશ્વર મહાદેવનું પ્રાચીન શિવાલય છે, તેને હિંદુઓ **કનખલ** તીર્થ માને છે;[૧૨] તે શિવાલયની પાસે બીજાં બે ચાર નાનાં નાનાં જીર્ણ મંદિરો અને ગુફા વગેરે છે. વળી તે, ગામ બહાર–જંગલમાં હોવાથી અસલમાં ત્યાં આશ્રમ હોવાની સંભાવના થઇ શકે અને **कनकखल** નો અપભ્રંશ થતાં વચ્ચેથી क ઉડી જઇને **कनखल** થઇ ગયું હોય તો તે સર્વથા બનવા યોગ્ય છે. **નાંદિયા** થી ઉપર્યુકત **કનખલ** તીર્થ, પહાડ અને જંગલના રસ્તાથી ૧૫ માઇલથી વધારે દૂર નથી અને લગભગ તે બધું જંગલ જ છે. એટલે તે કાળમાં **ઓરીયા** થી **નાંદિયા** સુધીનું બધું જંગલ **कनकखलआश्रम** તરીકે ઓળખાતું હોય અથવા તે જંગલમાં કનકખલાશ્રમ હોય તો તે અસંભવિત નથી. જો એમજ હોય તો પછી **નાંદિયા** ગામની બહાર ચંડકૌશિકના ઉપસર્ગ અને પ્રતિબોધની સ્થાપના છે, તે સ્થાપના માત્ર જ નહીં પણ સાચી સ્થાપના માની શકાય.

ભગવાન મહાવીરે શૂલપાણી યક્ષના ઉપસર્ગવાળું છદ્મસ્થ કાળનું પ્રથમ ચાતુર્માસ કાઠીઆવાડમાં આવેલા વઢવાણ શહેરની બહાર વીતાવ્યાનું જો માની શકાય તો ઉપરની વાતને વધારે પુષ્ટિ મળી શકે. કેમકે **ચંડકૌશિકનો** ઉપસર્ગ ભગવાનના છદ્મસ્થકાળના પહેલા ચોમસા પછી અને બીજા ચોમાસા પહેલાં થયેલો છે. એટલે પ્રથમ ચોમાસું પૂરું કરી

૧૨ જુઓ 'આબૂ' પૃષ્ઠ ૧૭૦ તથા ૨૦૧.

કાઠીયાવાડના **વઢવાણ** શહેરથી વિહાર કરી મગધદેશ તરફ જતાં ભગવાન નાંદિયા પાસેના **કનકખલાશ્રમમાં** પધાર્યા હોય અને ત્યાં ચંડકૌશિકનો ઉપસર્ગ થયો હોય તો તે બહુ સંભવિત છે.

કદાચ બંગાળમાં આવેલા **બરદવાન** ( વર્ધમાન ) ગામમાં ભગવાને પહેલું ચોમાસું વીતાવ્યું એવી વિદ્વાનોની માન્યતા છે, એ જ સાચી હોય, તો પણ એક રાત્રિમાં ૪૮ ગાઉ ચાલનાર શ્રી મહાવીર ભગવાનને માટે, ( બંગાળના ) **બરદવાનથી નાંદિયા** સુધી ત્રણ ચાર મહીનામાં આવવું અને ત્રણ ચાર મહીનામાં પાછા મગધ દેશમાં જવું એ કાંઇ મુશ્કેલી ભરેલું નથી; તેમજ મગધ દેશથી સાત આઠ મહીનામાં કાઠીઆવાડના **વઢવાણ** શહેર સુધી આવવું એ પણ કાંઇ મુશ્કેલી ભરેલું નથી. માટે **નાંદિયા** અને **વઢવાણમાં** ઉપર્યુક્ત સ્થાપનાઓ છે, તે સાવ સત્યાંશથી વેગળી છે, એમ જણાતું નથી. પરંતુ તેને વધારે પુષ્ટિ તો ત્યારે જ મળી શકે કે ' દુઇજંત તાપસાશ્રમ, ' ' મોરાક સન્નિવેશ ( ગામ ) ' ' શ્વેતવી (શ્વેતાંબી) નગરી,' ' ઉત્તર ચાવાલ ' અને ' દક્ષિણ ચાવાલ' વગેરે સ્થાનોનો નિર્ણય થાય. આ સ્થાનો કયાં આવેલાં છે, તે ઉપર પ્રકાશ પાડવા માટે વિદ્વાનોએ ખાસ ધ્યાનમાં લેવાની જરૂર છે. ઉપર પ્રમાણે **કનકખલ તાપસાશ્રમમાં ચંડકૌશિક** સર્પનો ઉપસર્ગ અને પ્રતિબોધ થયા બાદ ભગવાન ઉપરની અતુલ ભક્તિથી **નંદિવર્ધન** રાજાએ ઉપર્યુક્ત આશ્રમ પાસે **નંદિપુર** નામનું ગામ વસાવ્યું હોય અને તે



ટેકરી નીચેની, શ્રી મહાવીર સ્વામીની પાદુકા વાળી દેરી.

પાછળથી ' નાંદિયા ' એ નામથી-પ્રસિદ્ધિને પામ્યું હોય તો તે બનવા યોગ્ય છે.

**સુવર્ણખલ** ગામની પાસે ગોવાળીયાઓની ખીરનું હાંડલું ભાંગ્યાનું વૃતાન્ત બન્યું છે, તેની સ્થાપના **સિરોહી**ની નજીકના ગામમાં છે, તે જો સાચી ઠરે તો પછી **નંદ** અને **ઉપનંદ**ના પાડાવાળું **બ્રાહ્મણગામ** તે આ **બામણવાડા** જ હોવાનું ખાત્રી પૂર્વક માની શકાય. કારણ કે ઉપર્યુક્ત ખીરનું હાંડલું ભાંગ્યાની અને બ્રાહ્મણગામમાં નંદે વીર ભગવાનને પારણું કરાવ્યાની તથા ગોશાલાએ ઉપનંદનું ઘર બાળ્યાની હકીકત લગભગ સાથે જ ( ભગવાનના બીજા અને ત્રીજા ચોમાસાની વચ્ચે ) બની છે. પાછળથી કાળક્રમે તે બ્રાહ્મણગામ બ્રાહ્મણ પાટક ( બામણવાડા ) એ નામથી પ્રસિદ્ધિને પામ્યું હોય તો તે સંભવિત છે.

**षणमानी** ગામ પણ જો હાલના **બામણવાડા**ની આસપાસમાં જ હતું, એમ શોધ–ખોળથી નક્કી થાય તો **બામણવાડજી**માં ભગવાનના કાનમાં ખીલા નાંખવાના ઉપસર્ગની સ્થાપના છે તે સાવ સાચી ઠરે. માટે **षणमानी** ગામના વિષયમાં પણ વિદ્વાનોએ વધારે પ્રકાશ પાડવાની જરૂર છે.[૧૩]

---

૧૩ આબુ ઉપર 'સાની' નામનું એક ગામ હતું. **षणमानी**નો અપભ્રંશ થતાં ' **સાની** ' બની શકે. માટે જો ' સાની ' એ જ **षणमानी** હોય, તો તે ગામની બહારભગવાનને કાનમાં ખીલા નાંખવાના થયેલ ઉપસર્ગની સ્થાપના પાછળથી કોઇ પણ કારણસર શ્રી **બામણવાડજી**માં લાવ્યા હોય તો તે બનવા યોગ્ય છે. ' સાની ' થી પહાડી રસ્તે શ્રી ' બામણવાડજી ' લગભગ વીશ માઇલથી વધારે

## ટેકરી પરની દેરી:—

વીરવાડાના દરવાજા બહાર ડાબા હાથ તરફ જતાં પહાડ પર ચડવાનો રસ્તો આવે છે. આશરે બે ફર્લાંગ ચડતાં ઉપરના ભાગમાં એક ઊંચા ચોતરાપર ચારે તરફથી ખુલ્લી ( છત્રી જેવી ) એક દેરી છે, તેમાં વચ્ચે શ્રી બામણવાડજી ( મહાવીર સ્વામી ભગવાન ) નાં પગલાં છે, તેની હમેશાં પૂજા થાય છે. પહાડી પ્રદેશમાં નીચાણમાં આવેલા શ્રી બામણવાડજીના આ સ્થાનની નિશાની માટે ટેકરી ઉપર આ દેરી કરાવી હોય એમ લાગે છે.

## શ્રી મહાવીર જૈન ગુરુકુલ:—

આબુવાળા શ્રીમાન **વિજયશાંતિસૂરિજી** મહારાજના ઉપદેશથી તેમના હાથથી શ્રી 'શ્રીમહાવીર જૈન ગુરુકુલ' નામની સંસ્થા સં. ૧૯૮૯ ના વૈશાખ શુદિ ૩ ને દિવસે અહીં સ્થાપન થઇ છે. ગુરુકુલને પોતાનું સ્વતંત્ર

---

દૂર નથી. જો કે 'સાની' ગામને હાલમાં આબૂ કેંપમાં ભેળવી દેવામાં આવ્યું છે, તેથી 'ટ્રીગ્નોમેટ્રીકલ સર્વે'ના આબુના નકશામાં તેનું નામ નથી. પરંતુ આબુ નિવાસી ગ્રામ્ય લોકો હજુ પણ એ સ્થાનને 'સાની' ગામ તરીકે ઓળખાવે છે. તેમજ શેઠ કલ્યાણજી પરમાનંદજીની પેઢી, સિરોહીના એક જૂના ચોપડા ઉપરથી જણાય છે કે–વિ. સં. ૧૮૫૩ માં 'સાની' ગામ આબુ ઉપર અવશ્ય વિદ્યમાન હતું. જુઓ "આબૂ" ભાગ પહેલો, ગુજરાતી, બીજી આવૃત્તિ, પૃષ્ઠ ૨૧ ની ફુટનોટ.



શ્રી મહાવીર જૈન ગુરુકુલ, બ્રાહ્મણવાડાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો.

મકાન નહિ હોવાથી શ્રી બામણવાડજી કાર્યાલયના મકાનોમાં અર્થાત્ મંદિરજીમાં પ્રવેશ કરતાં જમણા હાથ તરફની અમદાવાદવાળા શેઠ હેમાભાઇ હઠીભાઇએ બંધાવેલી ધર્મશાલામાં ગુરુકુલ હાલ પોતાનું કામ ચલાવે છે અને તેની પાસેના મકાનમાં ગુરુકુલની ભોજનશાલા છે. વિદ્યાર્થીઓને ધાર્મિક તથા વ્યવહારિક શિક્ષણ આપીને આદર્શ જીવન ગાળનારા સાચા મનુષ્યો બનાવવા એ એનો મુખ્ય ઉદ્દેશ છે. હાલ ૮૦ વિદ્યાર્થીઓ આ સંસ્થાનો લાભ લઇ રહ્યા છે. ધાર્મિક, સંસ્કૃત, હિંદી અને ઇંગ્લીશનો અભ્યાસ કરાવવામાં આવે છે.

સાથે સાથે મહાજની હિસાબ અને નામા વગેરેનું પણ શિક્ષણ અપાય છે. વિદ્યાર્થીઓની શારીરિક તથા માનસિક શકિતઓનો વિકાસ કરાવવા તરફ પણ પૂરતું ધ્યાન અપાય છે. ગુરુકુલની હાલ બાલ્યાવસ્થા છે, તેની ઉન્નતિ જૈન સમાજના દાનવીરોની ઉદારતા ઉપર આધાર રાખે છે. ભોજનતિથિ લખાવીને; પોતાના તરફથી અમુક વિદ્યાર્થીઓનો ખર્ચ આપીને; વાર્ષિક, માસિક, કે છુટક રોકડ રકમ આપીને કે અનાજ વસ્ત્ર વગેરે મોકલીને પણ સંસ્થાને સહાયતા પહોંચાડી શકાય છે. સંસ્થા પાસે સ્થાઇ ફંડ નહિ હોવાથી દાખલ થનાર પ્રત્યેક વિદ્યાર્થી પાસેથી પ્રવેશ ફીના રૂ. ૨૫) અને ભોજન ખર્ચ બદલ માસિક રૂ. ૩) લેવામાં આવે છે. હાલ માસિક ખર્ચ રૂ. ૭૦૦ ) નું છે. હવા પાણી સારાં છે. વિદ્યાર્થીઓના અભ્યાસને યોગ્ય, એકાંત શાંતિમય અને રમણીય સ્થાન છે. આસપાસના ગામોના ગૃહસ્થોની બનેલી પ્રબંધકારિણી સમતિની દેખરેખ સારી છે.

## પીંડવાડા દરવાજા તરફનાં સ્થાનોઃ—

મંદિરના મુખ્ય દરવાજાથી પીંડવાડાના દરવાજા તરફ જતાં જમણા હાથ તરફ મોટા વડલાની નીચેના મકાનમાં પાણીની પરબ બેસે છે, અને ડાબા હાથ તરફના ચોકમાં એક છત્રીમાં રાવળ સાધુ અમરાજીની ઉભી મૂર્તિ છે, તેને લોકો 'બાબાજી'ની મૂર્તિ કહે છે. લોકો કહે છે કે-રાવળ અમરાજી શ્રી બામણવાડજીનો પૂજારી હતો. તેણે શ્રી બામણવાડજીની ઘણાં વર્ષો સુધી ઘણા પ્રેમ પૂર્વક સેવા–પૂજા કરી હતી. વીરવાડાના રાવળ પૂજારીઓ, તેને પોતાના દાદા તરીકે માને છે. અર્થાત્ તેઓ તેના વંશજો છે. આ છત્રી તથા મૂર્ત્તિ શ્રી બામણવાડજીના કારખાના (કાર્યાલય) તરફથી વિ. સં. ૧૯૨૧ માં બનેલી છે.

પીંડવાડાના દરવાજા પાસે જમણા હાથ તરફના આ કમ્પાઉંડના એક ખુણામાં એક અલાયદા નાના કમ્પાઉંડમાં શિવજીનું એક શિખરબંધી મંદિર આવેલું છે. આ મંદિર લગભગ બસો વર્ષ પહેલાં બનેલું હોય તેમ જણાય છે. શિવાલયની પાસે એક બાજુમાં એક કમ્પાઉંડમાં શ્રી બામણવાડજીની ધર્મશાળાનાં મકાનો આવેલાં છે. સિરોહીના નામદાર મહારાવ અને રાજ્યના ઓફીસરો–અમલદારો શ્રીબામણવાડજી આવે છે, ત્યારે તેઓ આ મકાનોમાં ઉતરે છે અને મેળાઓ વખતે રાજ્યનું સાયર (કસ્ટમ)નું થાણું આવે છે, તે પણ એ જ મકાનોમાં મુકામ રાખે છે.



અંદરથી લીધેલો શ્રી બ્રાહ્મણવાડજીનો જનરલ વ્યૂહ.

પીંડવાડાના દરવાજા બહાર, થોડે છેટે એક મોટી વાવ છે, તે પણ શ્રીબામણવાડજીના કારખાનાના તાબાની છે. આખા કમ્પાઉંડના કોટના ત્રણે દરવાજાઓ ઉપર શ્રીબામણવાડજીના કારખાના ( કાર્યાલય )નાં મકાનો બનેલાં છે.[૧૪] તેમજ અહીં ખાસ નગારખાનું પણ બનેલું છે, જ્યાં હમેશાં ચોઘડીયાં ( નોબત ) વાગે છે.

**ગૌશાલાઃ—**

નાંદિયાના દરવાજા પાસે એક ખુણામાં શ્રીબામણવાડજી-ની ગૌશાલાનાં મકાનો છે. તેમાં શ્રીબામણવાડજીના કારખાના ( કાર્યાલય )ની ગાયો, બળદો, વાછરડાં, ત્રણ ચાર ઘોડાં વગેરે મળીને આશરે ૬૦ થી ૭૦ પશુઓનું કાયમ ખાતે કાર્યાલય તરફથી પાલન થાય છે.

નાંદિયાના દરવાજામાં પેસતાં ડાબી તરફ, યાત્રાળુઓને ઉતરવા માટે તથા જો ગુરુકુલમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધી જાય તો ગુરુકુલના પણ ઉપયોગમાં આવે તેટલા માટે ૧૫૦ + ૧૨૫ ફુટ લાંબુ-પહોળું એક મોટું મકાન શ્રી બામણવાડજીના કાર્યાલય ( કારખાના ) તરફથી બંધાવવા માંડયું છે, જે લગભગ એક વર્ષમાં તૈયાર થઇ જશે.

---

૧૪ ત્રણે દરવાજા અને તેની ઉપરનાં મકાનો સહિત શ્રીબામ-ણવાડજીના આખા કમ્પાઉંડનો કોટ લગભગ એકસો વર્ષ ઉપર **સિરોહી**ના નામદાર મરહૂમ મહારાવ શ્રી **શિવસિંહજી**એ બંધાવી આપેલ છે.

## વીરજીની દેરીઃ—

વીરવાડાના દરવાજાની બહાર સિરોહી સર્જન રોડની નવી પાકી સડક નીકળી છે, તેની પાસે જ એક નાનું તળાવ છે, તેના કાંઠા ઉપર એક સ્થાન ( દેરી ) બનેલ છે, તે "વીરજીની દેરી" એ નામથી લોકોમાં પ્રસિદ્ધ છે. દેરીમાં વીરજીની સ્થાપના છે. તે સિવાય બીજી ઘોડેસ્વારવાળી ઘણી આકૃતિઓ ત્યાં રાખેલી છે. આ 'વીરજી' તે ઘણું કરીને શ્રી 'મણિભદ્ર વીર' હશે અને તેથી જ આ સ્થાન 'વીરજીની દેરી' તરીકે પ્રસિદ્ધ થયું હશે. આ સ્થાન શ્રીબામણવાડના કારખાનાને તાબે છે. દેખરેખ અને પૂજા પણ શ્રીબામણવાડજી કારખાના તરફથી જ થાય છે.

## મેળાઃ—

અહીં શ્રી બામણવાડજીના નિમિત્તે એક ફાગણ માસમાં અને બીજો ભાદરવા માસમાં એમ બે મોટા સાર્વજનિક મેળા ભરાય છે. તેમાંનો પહેલો ફાગણ શુદિ ૧૧ થી ૧૫ સુધીનો બહુ જ મોટો મેળો ભરાય છે. [૧૫]વેપારીઓનો માલ તો પંદર દિવસ પહેલાંથી આવવો શરૂ થઇ જાય છે. સિરોહી સ્ટેટ તર-

૧૫ '**सिरोही राज्यका इतिहास**' માં લખ્યું છે કેઃ— 'રાજપુતાના–માળવા' રેલ્વે નીકળ્યા પહેલાં આ મેળો બહુ મોટો ભરાતો હતો. સો સો ગાઉથી માલ વેચવા–ખરીદવા લોકો આવતા. બરાબર પંદર દિવસ મેળો ચાલુ રહેતો. લગભગ દસ દસ હજાર માણસો એકઠાં થતાં. રાજ્ય તરફથી ચોકીનો બંદોબસ્ત સારો રહેતો હતો. વગેરે.

રૂથી સાયર ( કસ્ટમ ) નું થાણું - ફા. શુ. પાંચમે અહીં આવે છે, ત્યાર પછીથી માલ વેચવાનું શરૂ થાય છે. પરંતુ ખરેખરો મેળો શુદિ ૧૧ થી ૧૫ સુધી રહે છે. આ મેળા ઉપર ઘણા દૂર દૂરના પણ વેપારીઓ અને લોકો માલ વેચવા અને ખરીદવા માટે આવે છે. રાજ્ય તરફથી હમેશાં જે કસ્ટમ(દાણ) લેવાય છે, તેમાંથી સેંકડે ૨૫ ટકા ( રૂપીએ ચાર આના ) ખાસ આ મેળા માટે માફ હોવાથી આ મેળા ઉપર આ રાજ્યની હદની બહારથી ( પરદેશથી ) ઘણો જ માલ આવે છે. અનેક જાતના માલની સેંકડો દુકાનો શ્રી બામણવાડજીના કમ્પાઉંડની અંદર લાગે છે. કેટલીક દુકાનો, કેટલાક દલાણો ( ઓસરીઓ ) અને કેટલાક ચોતરા આ મેળા માટે જ પાકા બનેલા છે. તે સિવાય ઘણા વેપારીઓ ખુલ્લા મેદાનમાં પણ બેસે છે. અઢારે વર્ણના લોકો મેળામાં આવે છે. બધા લોકો–ખેડુતો અને ગરીબ લોકો પણ આ મંદિરમાં જઇ શ્રી બામણવાડજીનાં દર્શન કરીને યથાશક્તિ ભેટ ચડાવે છે. મેળામાં બીજી કોમના લોકો ફાગ ગાય છે, ખૂબ નાચે–કૂદે છે અને આનંદ કરે છે. હજારો માણસો મેળામાં આવે છે. બન્ને મેળાઓ શ્રી બામણવાડજીની ધર્મશાળાના વિશાળ કંપાઉંડમાં જ ભરાય છે. બન્ને મેળા વખતે રાજ્ય અને શ્રી બામણવાડજી કારખાના ( કાર્યાલય ) તરફથી ચોકી–પહેરાનો સારો બંદોબસ્ત રહે છે.

સિરોહીથી સજ્જનરોડ ( પીંડવાડા ) સુધી આવતાં અને જતાં દરેક મનુષ્યો પાસેથી માથાદીઠ બે આના ચોકીના સિરોહી રાજ્ય લે છે. પરંતુ આ મેળા નિમિત્તે ફા. શુ. ૧ થી ૧૫ સુધી

પંદર દિવસ માટે તે ચોકી પહેલાં સર્વથા માફ હતી. હાલમાં તે પંદર દિવસ સુધીમાં જે કોઇ શ્રી બામણવાડજી સુધી આવે કે જાય તેની પાસેથી ચોકીના પૈસા લેતા નથી. પણ શ્રી બામણવાડજીથી આગળ જનાર પાસેથી ચોકીના પૈસા લે છે.

બીજો મેળો ભાદરવા શુદિ ૧૩–૧૪ ને દિવસે ભરાય છે, તેમાં પણ પહેલા મેળાની પેઠે વેપારીઓ તથા અઢારે વર્ણના લોકો આવે છે. ખરી રીતે આ મેળો શુદિ ૧૩ નો એક દિવસનો જ છે, પરંતુ શુદિ ૧૪ ને દિવસે વધેલો માલ અરસપરસ ખરીદવા–વેચવા માટે વેપારીઓનો મેળો રહે છે. આ મેળાના પ્રસંગે પણ રાજ્ય તરફથી ચોકી લેવાતી નથી.[૧૬]

---

૧૬ મુંબઇના 'શ્રી પોરવાલ મિત્ર મંડલે' સં. ૧૯૮૯ ના ચૈત્ર માસની આયંબીલની ઓળી કરવા માટે શ્રી બામણવાડજી તીર્થધામમાં પધારવા ભારતવર્ષીય અખિલ શ્રીસંઘને આમંત્રણ કર્યું હતું, તેને માન આપીને ઓળી કરનારા લગભગ બે હજાર ભાવિક શ્રાવક–શ્રાવિકાઓએ તેનો લાભ લીધો હતો. આખરના દિવસોમાં તો લગભગ દસ હજાર શ્રાવક–શ્રાવિકાઓ તીર્થયાત્રા, ગુરુવંદન, ઓળી કરનાર તપસ્વિઓનાં દર્શન અને વિધિ–વિધાન જોવા માટે સંમિલિત થયાં હતાં. શ્રીસિદ્ધચક્રજીનું સંપૂર્ણ વિધિ પ્રમાણે આરાધન થયું હતું. હમેશાં મોટી પૂજાઓ, આંગી, ભાવના વગેરે થતું હતું. ત્રણ દિવસ સધર્મિવાત્સલ્ય થયાં હતાં. દેખરેખ અને વ્યવસ્થા 'શ્રી મુંબઇ પોરવાળ મિત્ર મંડળ'ની હતી.

શ્રી નવપદજી આરાધનની પૂર્ણાહૂતિ થતાં ચૈત્ર વદી ૧–૨–૩ ના દિવસોમાં શ્રી અખિલ ભારતવર્ષીય પોરવાળ સંમેલનના પ્રથમ અધિવેશનનો મેળાવડો મોટી ધામધૂમપૂર્વક અહીં ભરવામાં આવ્યો

**જાગીરઃ—**

શ્રી બામણવાડજીથી લગભગ **એક** માઇલ દૂર **વીરવાડા** નામનું ગામ છે, કે જે ગામની હદમાં જ આ શ્રી બામણવાડજીનું ધામ આવેલું છે. તે ગામની જમીનની ઉપજમાંથી અર્ધો ભાગ અને રોકડ રકમની ઉપજમાંથી પોણો ભાગ કે જે સિરોહી રાજ્યના તાબાનો હતો, તે **સિરોહીના** નામદાર મરહૂમ મહારાવ **શિવસિંહજીએ** સંવત્ ૧૮૭૬ ના જેઠ શુદિ ૫ ગુરુવારે શ્રી બામણવાડજી તીર્થને ચડાવ્યો–અર્પણ કર્યો છે. તે શ્રીબામણવાડજીને તાબે છે. તેનો તામ્રપત્રનો લેખ શ્રીબામણવાડજીના કાર્યાલયમાં મોજુદ છે.[૧૭] વીરવાડા ગામની શ્રી બામણવાડજીના કારખાનાના ભાગની આશરે બે હજાર રૂપીઆની વાર્ષિક ઉપજ આવે છે. બાકીના ભાગની ઉપજ વીરવાડાના જાગીરદાર ઠાકોરને જાય છે.

વીરવાડામાં ( ૧ ) ધાંધલાવો અને ( ૨ ) પીપરીઓ એ નામના બે અરટો ( મોટા કુવા સાથેનાં ખેતરો ) છે, તેની ઉપજનો પોતાનો અરધો ભાગ વીરવાડાના જાગીરદાર ઠાકોરે શ્રી બામણવાડજીને અર્પણ કરેલો છે. એટલે એ બન્ને અરટો શ્રી બામણવાડજીના કારખાનાના સ્વતંત્ર છે.

---

હતો. આ પ્રસંગે પણ દેશાવરથી ઘણા વકતાઓ, સમાજ નાયકો તથા પ્રતિનિધિઓ અહીં ઉપસ્થિત થયા હતા. પ્રતિનિધિઓ અને પ્રેક્ષકો વગેરે હજારો શ્રોતાઓ સન્મુખ ઘણાં સુંદર અને પ્રભાવશાળી વ્યાખ્યાનો થયાં હતાં અને તેઓએ જ્ઞાતિસુધારણા તથા સમાજની ન્નતિ માટે ઘણા ઠરાવો કર્યા હતા.

૧૭ જુઓ પરિશિષ્ટ ૨.

3

શ્રી બ્રામણવાડજીના કિલ્લાના પીંડવાડા અને નાંદિયાના દરવાજાને લગતું આશરે ત્રણુસો વીઘાનું જોડ (બીડ) શ્રી બ્રામણુવાડજીની ગૌશાલાના ઢોરો વાસ્તે ઘાસ માટે શ્રી બ્રામણુવાડજીના ભાગમાં આવેલું છે, તેમાં બીજા કોઇનો હક્ક કે ભાગ નથી.

સિરોહી રાજ્યના સાયર ખાતા (મહેકમે–સાયર) તરફથી દાણ બદલ વીરવાડા ગામના જાગીરદાર તરીકે પોણા ભાગના દર વર્ષે રૂપીઆ ૪૧) શ્રી બ્રામણુવાડજી કાર્યાલયને આયમખાતે મળે છે.

શ્રી વીરવાડામાં ગામની વચ્ચે શ્રી બ્રામણુવાડજીનું એક પાકું મકાન છે, તે ‘ કોઠાર ’ એ નામથી ઓળખાય છે.

અહીંથી એક માઇલ દૂર ઉંદરા નામનું ગામ છે, ત્યાં જતાં વચ્ચે નદી આવે છે, તેને સામે કાંઠે ‘સરોં રી વાવ’ નામનો એક અરટ છે, તેની ઉપજનો અરધો ભાગ સિરોહી રાજ્ય તરફથી શ્રી બ્રામણુવાડજીને ભેટ મળેલો છે. તેમાંની લગભગ બે વીઘા જમીનમાં શ્રી બ્રામણુવાડજી માટે બગીચો છે. તેમાં કુવો, ફુલનાં રોપા, અને ફળનાં મોટાં ઝાડો પણ છે. શ્રી બ્રામણુવાડજીમાં હમેશાં ત્યાંથી ફુલો આવે છે. આ બગીચો શ્રી બ્રામણુવાડજીના કારખાનાનો સ્વતંત્ર છે, તેમાં બીજા કોઇનો ભાગ નથી. બગીચા સિવાયની બાકીની જમીન ખેડુતને ખેડવા આપેલી છે. તેની ઉપજમાંથી ત્રણ ભાગ ખેડુતને અને ચોથો ભાગ રાજ્યને મળે છે. રાજ્યના એ ચોથા ભાગમાંથી અરધો ભાગ ઉંદરાના ઠાકોરને જાય છે અને બાકીનો સિરોહી રાજ્યના હિસ્સાનો અરધો ભાગ શ્રી બ્રામણુવાડજીને અર્પણ કરેલો હોવાથી કારખાનાને મળે

છે. આ અરધા ભાગથી વાર્ષિક લગભગ પચાસ રૂપીઆની ઉપજ કારખાનાને કાયમ મળે છે.

ગામ જનાપરામાં ‘ હીરાજીવાળો ’ એક અરટ છે અને પીંડવાડામાં ‘ પાટલાવો ’ નામનો એક અરટ છે. આ બન્ને અરટો નામદાર મહારાવ **શિવસિંહજીએ** શ્રીબામણવાડજીને અર્પણ કરેલા છે, તે બન્નેની વાર્ષિક સરેરાશ આવક રૂા. ૧૮૦) ને આશરે કાયમ ખાતે કારખાનાને થાય છે.

ઉપર પ્રમાણેની વાર્ષિક કાયમી આવક છે. તે ઉપરાંત મેળાના પ્રસંગે લોકો તથા યાત્રાળુઓ હમેશાં ભેટ ચડાવે અને ભંડારમાં લખાવે તે વગેરે આવકનાં સાધનો છે. છતાં આવકના પ્રમાણમાં ખર્ચ ઘણું વધારે થાય છે. મંદિરનો ખર્ચ તથા મુનિમ, ગુમાસ્તા, નોકરો, સિપાઇઓ વગેરેનો કાયમી ખર્ચ થાય છે, તે ઉપરાંત મંદિર તરફથી દાન—પુણ્યમાં કાયમ ખાતે સારી રકમ ખર્ચાય છે, તે નીચેનું પ્રકરણ વાંચવાથી સમજાશે.

**દાન—પુણ્યઃ—**

ગામ ‘ ઉંદરા ’ અને ‘ સિવેરા ’ના બે જિન મંદિરો તથા સિરોહીમાંના થૂભની વાડીના શ્રી મહાવીરસ્વામીના મંદિરની દેખરેખ અહીં તરફથી રખાય છે. એટલે એ ત્રણે જિનાલયોના ગોઠીઓનો પગાર અને પૂજાપા વગેરેનો કુલ ખર્ચ શ્રી બામણવાડજી તરફથી થાય છે.

ગામ માંડવાડા, મિરપુર અને બાલદાના જિનાલયોના પૂજારીઓનો પગાર અને પૂજાપા વગેરેનો કુલ ખર્ચ આબૂ

ઉપરના દેલવાડાના કારખાના ( કાર્યાલય ) વતી સિરોહીની પેઢી તરફથી અપાય છે, પણ તેની દેખરેખ શ્રી બામણવાડજીના મુનિમજી ( કામદાર ) રાખે છે.

વીરવાડામાં શામળાજીનું ( કૃષ્ણનું ) એક મોટું મંદિર છે અને શ્રી બામણવાડજીની ધર્મશાલાના કંપાઉન્ડની અંદર એક ખુણામાં એક મોટું શિવાલય છે, તે બન્ને શ્રી બામણવાડજીની દેખરેખમાં છે. તે બન્ને મંદિરોના પૂજારી અને પૂજાપા વગેરેની કુલ વ્યવસ્થા તથા શ્રી વીરવાડા ગામમાં શિવાલય, ઠાકોર મંદિર, હનુમાનજી, બીજાં દેવ–દેવીઓ, અને મસીદ વગેરે જેટલાં હિંદુ–મુસ્લીમ દેવળો કે સ્થાનો છે, તે બધાંનો પૂજાપો અને દવજાની વ્યવસ્થા શ્રી બામણવાડજી કાર્યાલય તરફથી વીરવાડા ગામના જાગીરદાર તરીકે થાય છે.

અહીંની ગૌશાલામાં કાયમ ખાતે ૫૦ થી ૧૦૦ પશુઓનું પાલન થાય છે, ગૌશાલા માટે જુદાં મકાનો પણ બનેલાં છે.

હમેશાં કુતરાંને રોટલા નખાય છે.

હમેશાં કબુતરોને અનાજ નખાય છે, કબુતરખાના માટે ધર્મશાલાના ચોકમાં નવું મકાન બંધાયું છે.

કાયમ ખાતે પાણીની પરબ બેસે છે.

સાધુ, સંતો, ફકીરો અને ગરીબોને હમેશાં સદાવ્રત અપાય છે. દરેક કોમના મુસાફરોને વિશ્રાંતિ લેવા માટે જગ્યાની સગવડ કરેલી છે.

આ બધી બીના ઉપરથી એ સહેજે સમજી શકાય તેમ છે કે–આ તીર્થ તે એક મોટું રાજશાહી કારખાનું છે અથવા મોટું તીર્થ ધામ છે.

## દેખરેખ અને વ્યવસ્થાઃ—

આ તીર્થની દેખરેખ પહેલાં **વીરવાડા** ગામનો સંઘ રાખતો હતો. હાલમાં ઘણાં વર્ષોથી **સિરોહી**નો સંઘ દેખરેખ રાખે છે. સિરોહીના સંઘના આગેવાનો અહીં અવારનવાર આવ્યા કરે છે. અહીં એક મુનીમ કાયમખાતે રહે છે. વીરવાડાની જાગીરદારીના હિસાબે તે મુનીમને અહીંના લોકો ‘ કામદાર ’ કહે છે. તેના હાથ નીચે એક ભંડારી રહે છે. તે સિવાય નોકરો, પૂજારીઓ, સિપાઇઓ, વગેરે રહે છે. સિપાઇઓ આખી રાત પહેરો દે છે. જંગલ હોવા છતાં એક નાનું ગામ વસ્યું હોય તેવું લાગે છે. સર્વ યાત્રાળુઓને માટે પૂરેપુરી સગવડ છે. સિધું–સામાન, વાસણ, ગોદડાં વગેરે બધું કારખાનાથી મળે છે.

શ્રી બામણવાડજીના મંદિરમાં જે ચડાવો આવે છે, અર્થાત્ ચોખા, બદામ, સોપારી, શ્રીફળ, લીલાં ફળ, મીઠાઇ, સાકર અને પૈસા વગેરે મંદિરમાં જે ચડાવવામાં આવે છે, તે બધું કાર્યવાહકો હાલમાં પૂજારીઓને આપે છે, તથા જે રોકડ નાણું કેશર, સુખડ, ફુલ વગેરેના ભંડારમાં નાંખવામાં આવે છે, તે જે ખાતાનું હોય તે ખાતે કાર્યાલયમાં જમા થાય છે.

શ્રી બામણવાડજીની આસપાસના ઘણાં ગામોના ખેડુતો શ્રી બામણવાડજી ઉપરની ભક્તિને લીધે તેમના પૂજારીને

પ્રત્યેક અરટ દીઠ ગહુંની કુંડીઓનો એક માણસ ઉપાડી શકે એવડો મોટો ભારો દર વર્ષે ભેટ તરીકે આપે છે. કદાચ બીજું ધાન્ય પણ આપતા જ હશે.

કોઇએ પરદેશથી આ તીર્થ માટે મોટી રકમ મોકલવી હોય અથવા અહીંની વ્યવસ્થાના સુધારા માટે કે ફરીયાદ માટે કાંઇ લખવું હોય, તો તેમણે નીચેના ઠેકાણે લખવું. શેઠ કલ્યાણજી પરમાનંદજીની પેઢી ઠે. દેરા શેરીમાં મુ. સિરોહી, (રાજપુતાના).

**ઉપસંહારઃ—**

અહીંના મૂળ મંદિર ઉપર છેલ્લો કલશ અને ધ્વજાદંડ વિ. સં. ૧૯૫૮ માં ચડાવવામાં આવ્યો હતો.

**નાણા, બામણવાડા, નાંદિયા, લોટાણા અને દીયાણા,** આ પાંચ તીર્થો મારવાડની નાની પંચતીર્થી તરીકે ગણાય છે.[૧૮] તેમાં શ્રી બામણવાડજીનો પણ સમાવેશ છે. પેદલ અથવા ગાડા રસ્તે પંચતીર્થીની યાત્રા કરવા ઇચ્છનાર, શ્રી બામણવાડજીની યાત્રા કરીને અહીંથી નાણા જઇ યાત્રા કરી પાછા અહીં આવીને અહીંથી શ્રીનાંદિયા, લોટાણા, અને દીયાણાની યાત્રા કરીને પાછા અહીં આવે છે. અથવા રોહિડારોડ સ્ટેશને જાય છે. રેલ્વે રસ્તે યાત્રા કરનારાઓ નાણા સ્ટેશને ઉતરી ત્યાંની યાત્રા કરી પાછા રેલ્વે રસ્તે સજ્જનરોડ (પીંડવાડા) સ્ટેશને ઉતરીને મોટર દ્વારા અહીં આવે છે. અહીંથી નાંદિયા, લોટાણા અને દીયાણા જવું વધારે અનુકુળ પડતું હોવાથી પેદલ અથવા

---

૧૮ મારવાડની નાની પંચતીર્થીમાંના બાકીનાં ચાર તીર્થોનું વર્ણન જુદું લખવાનો વિચાર હોવાથી આ ઠેકાણે તેનું વર્ણન આપ્યું નથી.

ગાડા રસ્તે એ ત્રણે તીર્થોની યાત્રા કરી દીયાણાથી કેર ગામ થઇને નીતોડા તથા ધનારીનાં ભવ્ય મંદિરોનાં દર્શન કરી રોહિડારોડ સ્ટેશને પહોંચી જાય છે. ચોકીદાર સાથે રાખવા ભૂલવું નહીં.

**સિરોહી** મોટું શહેર છે. તેમાં ૧૭ જિન મંદિરો છે. તેમાંનાં ૧૫ તો એક જ શેરીમાં બન્ને તરફ લાઇન બંધ આવેલાં છે, તેમાંથી ત્રણ મંદિરો તો ઘણાં જ વિશાળ, મોટી ટુંક જેવાં હોવાથી સિરોહી અરધો શત્રુંજય કહેવાય છે; તેથી તેની યાત્રા અવશ્ય કરવા લાયક છે. સજ્જનરોડ ( પીંડવાડા ) સ્ટેશનથી સિરોહી જવાય છે. સિરોહી જતાં બામણવાડજી વચ્ચે આવતું હોવાથી તેની યાત્રાનો અનાયાસ લાભ મળી જાય છે.

અન્તમાં જણાવવાનું કે—આ વર્ણન લખતાં મહિમા અને ચમત્કારોનો ઉલ્લેખ કરવા તરફ વધારે ધ્યાન આપવામાં આવ્યું નથી. પરંતુ ઐતિહાસિક અને વર્તમાન પરિસ્થિતિનું વર્ણન કરવા તરફ વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. જો કે આના છેલ્લા પરિશિષ્ટમાં આપેલા સ્તવનોથી આ તીર્થની મહિમા વિષેની ઘણી માહિતી મળી શકે તેમ છે તો પણ વધારે મહિમા અને ચમત્કારો જાણવાની ઇચ્છા રાખનારા ભક્ત મનુષ્યો, તે તીર્થધામમાં જઇ વેળુની બનેલી અને સાચા મોતીના લેપ વાળી શ્રી મહાવીર સ્વામી ભગવાનની મૂર્તિ અને બીજી ભવ્ય મૂર્તિઓનાં દર્શન કરીને, મંદિર અને ધામની મનોહરતા નિહાળીને તથા શ્રી બામણવાડજીના માહાત્મ્ય અને ચમત્કારોની દંતકથાઓ ત્યાંના લોકો પાસેથી સાંભળીને અપૂર્વ આનંદ મેળવવા ભાગ્યશાળી બનશે એવી આશા રાખવામાં આવે છે.

॥ इति शम् ॥

# પરિશિષ્ટો.

## પરિશિષ્ટ ૧.

### શ્રી બામણવાડજીના મંદિરમાંના પ્રાચીન લેખો.

### (૧)

(દેરી નં. ૨ ના દરવાજા ઉપરનો લેખ)[૧૯]

सं० १५१९ वर्षे मग(मार्ग)शुदि ५ वीरवाडकवासी प्राग्वाटज्ञातीय वाव(०) सायस(र) भार्या नलक्ष्मी पुत्र वा० गदा भार्या देवलदे पुत्र वा० देवाकेन भार्या कीन्हम्पदे (?) पुत्र वा० बाबर आदिकुटुंबयुतेन श्रीब्राह्मणवाडमहास्थाने देवकुलिका कारिता।

સંવત્ ૧૫૧૯ના માગશર શુદિ ૫ ને દિવસે **વીરવાડા** નિવાસી **પોરવાલ** જ્ઞાતીય શેઠ સાગર ભાર્યા લક્ષ્મી પુત્ર શેઠ ગદા ભાર્યા દેવલદે પુત્ર શેઠ દેવાએ પોતાની સ્ત્રી તથા પુત્ર બાબર આદિ કુટુંબ સાથે **શ્રી બ્રાહ્મણવાડ મહાતીર્થમાં** આ દેરી કરાવી છે.

---

૧૯ આ દેરીઓના દરવાજા ઉપરના લેખોમાં કારીગરોએ સફેદો લગાવીને લાલ રંગ ભરી દીધેલો છે, તેમાં ઘણી જગ્યાએ કારીગરોની ગેરસમજને લીધે ભૂલો થએલી હોવાથી કેટલેક ઠેકાણે સાચા અક્ષરો કયા છે ? તેનો પત્તો લગાડવો મુશ્કેલ થઇ ગયો છે.

( ૨ )

( દેરી નં. ૭ ના દરવાજા પરનો લેખ )[૨૦]

**सं० १५१९ वर्षे मार्गशुदि ५ दिने प्रा० सं० सोमा भार्या मंदोअरि पुत्र सं० देवाकेन भा० दाडिमदे युतेन ब्राह्मणवाडके श्रीवीरप्रासादे देवकुलिका कारिता ॥**

સંવત્ ૧૫૧૯ના માગશર શુદિ ૫ ને દિવસે **પોરવાલ** જ્ઞાતીય સંઘવી સોમા ભાર્યા મંદોદરી પુત્ર સંઘવી દેવાએ પોતાની સ્ત્રી દાડિમદે સાથે શ્રી **બ્રાહ્મણવાડમાં શ્રી મહાવીર સ્વામીના** મંદિરમાં આ દેરી કરાવી છે.

( ૩ )

( દેરી નં. ૯ ના દરવાજા પરનો લેખ )

**स्वस्ति संव[त्] १५१९ वर्षे पनासीआवासि प्राग्वाटज्ञातीय मं० झांझा भा० थावलदे पुत्र मं० कूपाकेन भा० कामलदे पुत्र गहिंदा कूंभादिकुटुंबयुतेन स्वश्रेयसे श्रीबांभणवाडमहास्थाने देवकुलिका कारिता श्रीः ॥**

---

૨૦ આ બધા લેખો શુદ્ધ કે અશુદ્ધ જેવા ત્યાં ખોદેલા છે, એવા જ અક્ષરશઃ ( અક્ષરે અક્ષર ) ઉતારીને અહીં આપેલા છે, તેમાં કાંઇ પણ સુધારો કર્યો નથી. કોઇ ઠેકાણે ખાસ સુધારવા જેવું જણાયું ત્યાં ગોળ કૌંસમાં અને નવું દાખલ કરવા જેવું જણાયું ત્યાં કાટખુણાવાળા કૌંસમાં આપેલું છે.

સંવત્ ૧૫૧૯માં **પનાસીયા**[૨૧] નિવાસી **પોરવાલ** જ્ઞાતીય મંત્રી ઝાંઝા ભાર્યા થાવલદે પુત્ર મંત્રી કૂપાએ પોતાની સ્ત્રી કામલદે પુત્ર ગહિંદા, કુંભા વગેરેની સાથે પોતાના કલ્યાણ માટે શ્રી **બ્રાહ્મણવાડ મહાતીર્થ**માં આ દેરી કરાવી.

(૪)

(દેરી નં. ૧૦ ના દરવાજા પરનો લેખ)

**सं० १५१९ वर्षे वीरवाटकवासि प्राग्वाटज्ञातीय वा० गदा भार्या देवलदे पुत्र वा० सोगाकेन भार्या सिंगारदे पुत्र आसादिकुटुंबयुतेन श्रीबांभणवाडमहास्थाने देवकुलिका कारिता । श्री प्र० श्रीलक्ष्मीसागरसूरिभिः**

સંવત્ ૧૫૧૯માં **વીરવાડા**[૨૨] નિવાસી **પોરવાલ** જ્ઞાતીય શેઠ ગદા ભાર્યા દેવલદે પુત્ર શેઠ સોગાએ પોતાની ભાર્યા શૃંગારદે પુત્ર આશા વગેરે કુટુંબ સાથે શ્રી**બ્રાહ્મણવાડ મહાતીર્થ**માં

---

૨૧ 'નાણા' ગામથી લગભગ પૂર્વ દિશામાં આઠ માઇલ દૂર '**પલાસીયા**' નામનું ગામ હાલ વિદ્યમાન છે, એજ આ '**પનાસીઆ**' હોવું જોઇએ.

દશમી શતાબ્દીમાં થયેલા શ્રીમાન **યશોભદ્રસૂરિજી**નો જન્મ '**પલાસી**' ગામમાં થયો છે, એ '**પલાસી**' ગામ પણ ઉપર જણાવેલું '**પલાસીયા**' ગામ જ હોવું જોઇએ.

૨૨ આ ગામ, શ્રી બ્રાહ્મણવાડજીથી વાયવ્ય ખુણામાં દોઢ માઇલ દૂર આવેલું છે.

આ દેરી કરાવી અને તેની શ્રીલક્ષ્મીસાગર સૂરિજીએ પ્રતિષ્ઠા કરી છે.

( ૫ )

( દેરી નં. ૨૨ ના દરવાજા પરનો લેખ )

**सं० १५२१ वर्षे मा० शुदि १३ प्रा० तेलपुरवासि व्य० सोमाकेन सा० वरा पुत्र व्य० गागा सुंदर षाषा वना देवा वरस० तन्ह (?) आदिकुटुंबयुतेन स्वश्रे० देवकुलिका कारिता श्रीः ॥**

સંવત્ ૧૫૨૧ના માઘ શુદિ ૧૩ને દિવસે તેલપુર[૨૩] નિવાસી પોરવાલ જ્ઞાતીય શેઠ સોમાએ શેઠ (ભાઈ) વરાના પુત્રો શેઠ ગાંગા, સુંદર, ખાખા, વના, દેવા, વરસા વગેરે કુટુંબની સાથે પોતાના કલ્યાણને માટે આ દેરી કરાવી છે.

( ૬ )

( દેરી નં. ૨૩ ના દરવાજા પરનો લેખ )

**सं० १५२१ वर्षे माद्र(माघ)शुदि१३ प्रा० घाजववासि व्य० सोमा व्य० मांडण व्य० हेमराज व्य० त्रिलाकेन पुत्र पाता व्य० सलखादिकुटुंबयुतेन वडप्रासादः का० प्र० भ । श्रीलक्ष्मीसागरसूरि श्रीसोमदेवसूरिभिः ॥**

---

૨૩ આ ગામ, શ્રી બ્રાહ્મણવાડજીથી પશ્ચિમ દિશામાં ચાર માઇલ દૂર આવેલું છે. જ્યાં શ્રાવકનું હાલમાં એક પણ ઘર નથી.

સંવત્ ૧૫૨૧ના માહ શુદિ ૧૩ ને દિવસે **ઘાજવ** નિવાસી **પોરવાલ** જ્ઞાતીય શેઠ સોમા, શેઠ માંડણ, શેઠ હેમરાજ, શેઠ વિલાએ પુત્ર પાવા અને શેઠ સલખા વગેરે કુટુંબની સાથે આ ગભારો કરાવ્યો અને તેની **શ્રીલક્ષ્મીસાગરસૂરિ**[૨૪] તથા **શ્રીસોમદેવસૂરિજી**[૨૫] એ પ્રતિષ્ઠા કરી છે.

## (૭)

### ( દેરી નં. ૨૪ ના દરવાજા પરનો લેખ )

**स्वस्ति संवत(त्) १५१९ वर्षे मार्गशुदि ५ प्राग्वाटज्ञातीय व्यव छांडा भार्या खेतू पुत्र हरपाल लखाकेन भा० अलू पुत्र गोमा ब्राभणवाडस्थाने श्रीमहावीरभु(भ)वने देहरी १ कारिता ।**

સંવત્ ૧૫૧૯ના માગશર શુદિ ૫ ને દિવસે **પોરવાલ**

---

૨૪ તપાગચ્છીય શ્રીમાન **સોમસુંદરસૂરિ**ના પટ્ટધર શ્રીમાન **મુનિસુંદરસૂરિ**, તેમના પટ્ટધર શ્રી**જયચંદ્રસૂરિ**, તેમના પટ્ટધર **શ્રીરત્નશેખરસૂરિ**, તેમના પટ્ટધર **શ્રીલક્ષ્મીસાગરસૂરિજી** થઇ ગયા. તેમનો વિ. સં. ૧૪૬૪ માં જન્મ, સં. ૧૪૭૦ માં દીક્ષા, સં. ૧૪૯૬ માં પંડિતપદ, સં. ૧૫૦૧ માં વાચકપદ, સં. ૧૫૦૮ માં સૂરિપદ, સં. ૧૫૧૭ માં ગચ્છનાયકપદ અને તેમનો સ્વર્ગવાસ સં. ૧૫૪૭ માં થયો હતો.

૨૫ શ્રી**સોમદેવસૂરિજી**, ઉપર્યુક્ત શ્રીમાન **સોમસુંદરસૂરિ**ના શિષ્ય હતા. સં. ૧૫૨૦ માં ગણમેળ થયા પછી ઘણે ભાગે તેઓ ઉપર્યુક્ત શ્રીમાન **લક્ષ્મીસાગરસૂરિજી** સાથે રહેતા હતા.

જ્ઞાતીય શેઠ છાડા ભાર્યા ખેતૂ પુત્ર હરપાલ તથા લખાએ પોતાની ભાર્યા અલૂ પુત્ર ગોમા સાથે **બ્રાહ્મણવાડજીમાં શ્રી-મહાવીર સ્વામીના** મંદિરમાં આ એક દેરી કરાવી.

( ૮ )

( દેરી નં. ૨૬ ના દરવાજા પરનો લેખ )

**सं० १५१९ मार्गशुदि ५ प्राग्वाटज्ञातीय व्य० राया भा० रामादे पुत्र व्य० हीराकेन भा० रूयड पुत्र देपा धर्मा दला धां[धल] आदिकुटुंबयुतेन श्रीबांभणवाडस्थाने देवकु-लिका कारिता श्रीः ।**

સંવત્ ૧૫૧૯ ના માગશર શુદિ ૫ ને દિવસે **પોરવાલ** જ્ઞાતીય શેઠ રાજા ભાર્યા રામાદે પુત્ર શેઠ હીરાએ પોતાની સ્ત્રી રૂડી પુત્ર દેપા, ધર્મા, દલા, ધાં[ધલ] આદિ કુટુંબ સાથે શ્રી **બ્રાહ્મણવાડતીર્થમાં** આ દેરી કરાવી.

( ૯ )

( દેરી નં. ૨૭ ના દરવાજા પરનો લેખ )

**सं० १५१९ वर्षे वैशाखसुदि १३ दिने प्राग्वाटज्ञातीय व्य० धना सा० बाहू पुत्र सं० मीठाकेन भा० सरसति थडसी युतेन बांह्मणवाडकश्रीवीरप्रासादे देवकुलिका कारिता ।**

સંવત્ ૧૫૧૯ ના વૈશાખ શુદિ ૧૩ ને દિવસે **પોરવાલ** જ્ઞાતીય શેઠ ધના, શેઠ બાહા પુત્ર સંઘવી મીઠાએ પોતાની ભાર્યા સરસ્વતી તથા થડસીની સાથે **શ્રી બ્રાહ્મણવાડમાં શ્રીમહાવીરસ્વામીના** મંદિરમાં આ દેરી કરાવી.

(૧૦)

( દેરી નં. ૨૯ ના દરવાજા પરનો લેખ )

**सं० १५१९ वर्षे मार्गशुदि ५ दिने प्रा० ज्ञा० व्य० वरदाकेन भा० मानकदे पुत्र षाखा भा० जइतू पुत्र व्य० वॅरडाकेन भा० कमादे पुत्र पाल्हा युतेन बांह्मणवाडक-श्रीवीरप्रासादे देवकुलिका कारिता ।**

સંવત્ ૧૫૧૯ ના માગશર શુદિ ૫ ને દિવસે **પોરવાલ** જ્ઞાતીય શેઠ વરદા ભાર્યા માણેકદે પુત્ર ખાખા ભાર્યા જયતૂ પુત્ર શેઠ વરડાએ પોતાની ભાર્યા કમાદે પુત્ર પાલ્હાની સાથે **શ્રી બ્રાહ્મણવાડના શ્રી મહાવીરસ્વામીના** મંદિરમાં આ દેવકુલિકા (દેરી) કરાવી.

(૧૧)

( દેરી નં. ૩૧ ના દરવાજા પરનો લેખ )

**सं० १५१९ वर्षे मार्गशुदि ११(५) दिने प्राग्वाट-ज्ञातीय व्य० पी(पि)ता नेसा भा० मालदे पुत्र सूराकेन**

**भा० मांगी बा० देणद पुत्र मेरा तोला युते[न] श्रीवीर-प्रासादे देवकुलिका कारिता श्रीबांह्मणवाटके ।**

સંવત્ ૧૫૧૯ના માગશર શુદિ ૧૧(૫) ને દિવસે **પોરવાલ** જ્ઞાતીય શેઠ પિતા, નેસા (?) ભાર્યા માલદે પુત્ર સૂરાએ પોતાની ભાર્યા માંગી, બાઈ ( બહેન અથવા પુત્રી ) દેણદ, પુત્ર મેરા અને તોલાની સાથે **શ્રીબ્રાહ્મણવાડા**માં **શ્રીમહાવીરસ્વામી**ના મંદિરમાં આ દેરી કરાવી છે.

( ૧૨ )

( ધાતુની એકતીર્થી ઉપરનો લેખ )

**सं० १४८२ वर्षे कार्तिकसु० १३ गुरु प्राग्वाट व्य० कर्म्मा भार्या रूडी पु० पिथु पर्बत पित्रो[:] श्रेय[से] श्रीआदिनाथबिंबं कारित प्रतिष्ठितं........भ० श्रीसिरचंद्रसूरिपट्टे श्रीरत्नप्रभसूरिभिः ॥**

સંવત્ ૧૪૮૨ ના કારતક શુદિ ૧૩ ને ગુરુવારે પોરવાલ જ્ઞાતીય શેઠ કર્મા ભાર્યા રૂડી પુત્ર પિથુ અને પરબતે પોતાના માતા–પિતાના કલ્યાણને માટે શ્રી આદિનાથ ભગવાનની પ્રતિમા કરાવી અને તેની પ્રતિષ્ઠા આચાર્ય **શ્રી સિરચંદ્રસૂરિના** પટ્ટધર **શ્રી રત્નપ્રભસૂરિ**એ કરી છે.

(૧૩)

( ધાતુની પંચતીર્થી પરનો લેખ )

**संवत् १५०९ वर्षे मार्गशिर्षसुदि ७ दिने उ(ऊ)केशवंशे बृहद्(त्)शाखायां सा कणा पुत्रेण कमला भार्या समीरदे पुत्र सीधरेण भा० सुहणदे पुत्र मंडलिक युतेन श्रीवासुपूज्यबिंबं कारितं प्रतिष्ठितं सूरिभिः ।**

સંવત્ ૧૫૦૯ ના માગશર શુદિ ૭ ને દિવસે (વિશા-**ઓસવાલ** જ્ઞાતીય શેઠ કણાના પુત્ર શેઠ કમલા ભાર્યા સમીરદે પુત્ર શ્રીધરે પોતાની ભાર્યા સુહણદે અને પુત્ર મંડલિકની સાથે શ્રી વાસુપૂજ્ય ભગવાનની પ્રતિમા કરાવી અને તેની આચાર્યોએ પ્રતિષ્ઠા કરી છે.

(૧૪)

( ધાતુની પંચતીર્થી પરનો લેખ )

**सं० १५५३ वर्षे माघशुदि ६ सोमे उसच(?) गोत्रे उसवालज्ञातीय सा० सहजा भा० राभू पु० खेता भा० हेमी पु० भोपा ता नीबा सहितेन पूर्वजपुण्यार्थं श्रीधर्मनाथ-बि(बिं)बं कारितं प्र० ज्ञानकीयगच्छे भ० श्रीधनेश्वरसूरिभिः ।**

સંવત્ ૧૫૫૩ ના માઘ શુદિ ૬ સોમવારે ઓસવાલ જ્ઞાતીય શેઠ સહજા ભાર્યા રાભૂ પુત્ર ખેતા ભાર્યા હેમી પુત્ર

ભોપા તથા લીંબા વગેરેએ પોતાના પૂર્વજોના કલ્યાણને માટે શ્રી ધર્મનાથ ભગવાનની પ્રતિમા કરાવી અને તેની પ્રતિષ્ઠા **નાણકીય ગચ્છના** આચાર્ય **શ્રીધનેશ્વરસૂરિજી**એ કરી છે.

( ૧૫ )

( ધાતુની પંચતીર્થીપરનો લેખ )

**સં० वर्षे वैशाखशुदि ९ गुरौ श्रीमालिज्ञाति(ती)य वृद्धशाखायां सा शिवचंद सुत सा धर्मचंद्रेण स्वश्रेयोऽर्थं श्रीआदिनाथबिंबं कारापितं प्रतिष्ठितं च श्रीसागरगच्छेश-भट्टारकश्री १[००]८ श्रीशुभसागरसूरिभिः ।**

સંવત્........ના વૈશાખ શુદિ ૯ ને ગુરુવારે વિશાશ્રીમાલી જ્ઞાતીય શાહ શિવચંદ્રના પુત્ર શાહ ધર્મચંદ્રે પોતાના કલ્યાણને માટે શ્રી આદિનાથ ભગવાનની પ્રતિમા કરાવી અને તેની પ્રતિષ્ઠા **સાગરગચ્છ**ના આચાર્ય **શ્રી શુભસાગરસૂરિજી**એ કરી છે.

( ૧૬ )

( દેરી નં. ૧૬ ની મૂર્તિપરનો લેખ )

**संवत् १६५३ वर्षे श्रीमहावीरबिंबं प्र० विजयसेन-सूरि[२६]...........**

---

૨૬ જગત્પ્રસિદ્ધ શ્રીમાન શ્રીહીરવિજયસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર.

(૧૭)

(દેરીઓમાંની આરસની કેટલીક મૂર્ત્તિઓપર ખોદેલા અક્ષરો)[૨૭]

| | |
|---|---|
| (१) श्रीकुथु | सोमा |
| (२) श्रीमुनिसुव्रत | ........ |
| (३) श्रीमा(म)हावीर | ........ |
| (४) श्रीश्रेयांसनाथ | सं०........ |
| (५) श्रीसुविधिनाथ | सं०........ |
| (६) श्रीसंभवनाथ | ........ |
| (७) श्रीकुंथुनाथ | व्य० सूरा |
| (८) श्रीमुनिसुव्रत | व्य०........ |
| (९) श्रीकुंथुनाथ | सं०........ |
| (१०) श्रीमहावीर | सं० धना का० |
| (११) श्रीधर्मनाथ | श्रा० जगसी.... |

---

૨૭ દેરી નં. ૨૩ ( જમણા હાથ તરફના ગભારા )માં મૂલનાયક શ્રીમહાવીરસ્વામીની પલાંઠીની બન્ને બાજૂમાં તથા પાછળના ભાગમાં લેખ છે, તેમજ દેરી નં. ૧૧ (ડાબા હાથ તરફના ગભારા) માં મૂલનાયક શ્રીશાંતિનાથ ભગવાનના ડાબા હાથ તરફની મૂર્ત્તિ પર લેખ છે. પણ તે બન્ને લેખો વાંચી શકાતા નથી. મંદિરની શ્રૃંગાર ચોકીની બહાર ડાબા હાથ તરફ એક દેરીમાં પગલાં જોડી ૪ છે, તેની પાસે બહાર છુટાં પગલાં જોડી ૪ છે અને હાથીખાનાની પાસેની નાની બે દેરીઓમાં પગલાં જોડી ૨ છે, તે બધાં પગલાં યતિઓનાં લાગે છે. તેના પર સં. ૧૭૦૦ પછીના લેખો છે.

## પરિશિષ્ટ ૨

## તામ્રપત્ર ( તાંબાપત્ર )ની નકલ.

( सही ) श्रीमा(म)हादेवजी

महारावजी श्रीशिवसिघ(सिंह)जी कु(कुं)वरजी श्रीगुमानसिघ(सिंह)जी बचनायतां ।

गाव वीरवाडो प्रगने रुवाई रे सीरो लागत वराउ सदामद सिरोही रे दरबार लागे तको श्रीबामणवाडजी रे कारखाने चढायो सो हासील राज रो आदमी रेव ने उगरावसी ने कारखाने परो लगावसी । देवडा राजपुत जागीरदार से वणा रे हासील सदामद परवांणे है सो खादे जावसी । श्रीदुवारकानाथजी परसत्रा पदारीया जरे गाम चीयार चढावीया जणापर श्रीसारणेश्वरजी रे, गाम वासो श्रीद्वारकानाथजी रे, गांव देलदर श्रीअंबावजी रे भेट कीनो सो अरपण हुओ जावसी । अरठ १ हीराजीवाळो गांम जणापर में जाव सुधा । अरठ पाटलावो जाव सुधा गांम पींडवाडे । अरठ १ सरों री वाव गांव उंदरे जणरो हासल श्रीबामणवाडजी प्रमाणे सदामद लेसी । दुवे श्रीमुख पर दुवे सीगणोत जेता सीवा काना । दं० । सिं० । पोमा कांना रा । सं० । १८७६ रा जेठ सुद ५ गरू.

शीलो(श्लो)क

आप दत्तं पर दत्तं जो लोपंते वसुधरा ।<br>
ते नर नरके जावंते यावद् चंद्र दिवाकरा ।

( તામ્રપત્રમાં જેવું ખોદેલું છે, તેવું જ અહીં આપેલું છે. )

## તાંબાપત્રનો ગુજરાતી અનુવાદ.

**મહારાવજી શ્રી શિવસિંહજી** તથા કુંવર શ્રી **ગુમાનસિંહજી**ની આજ્ઞા છે કેઃ—

**રુવાઇ** પરગણાના **વીરવાડા** ગામની ખેતીની ઉપજનો હીસ્સો, જાનવરોનો ટેકસ અને ઘરવેરો વગેરે હમેશાંથી સિરોહી દરબારનો જે લાગે છે, તે શ્રી **બ્રાહ્મણવાડજી**ને કારખાને ચડાવ્યો. તે ઉપજ, રાજનો માણસ રહીને ઉઘરાવશે અને (શ્રી બામણવાડજીના) કારખાનામાં લગાવશે–વાપરશે. અહીં દેવડા રાજપૂત જાગીરદાર છે, તેની ઉપજ હમેશાં પ્રમાણે છે તે ખાતો રહેશે (લીધા કરશે). શ્રી હજૂર શ્રી દ્વારકાંનાથજી પધાર્યા, ત્યારે ચાર ગામ ચડાવ્યાં. શ્રી સારણેશ્વરજી (મહાદેવ) ને ગામ **જનાપર**, શ્રી દ્વારકાંનાથજીને ગામ **વસો**, શ્રી અંબાવજી (માતા અંબાજી)ને ગામ **દેલદર** ભેટ કર્યું છે, તેથી તે તે ગામોની ઉપજ તે તે તીર્થોને અર્પણ થયા કરશે. તથા ગામ **જનાપર**માં અરટ ૧ "હીરાજીવાળો" છે તે શીખે, ગામ **પીંડવાડા**માં અરટ ૧ "પાટલાવો" નામનો છે તે સહિત, અને ગામ **ઉંદરા**માં અરટ ૧ "સરોં રી વાવ" નામનો છે, તે (બધા)ની ઉપજ શ્રી બામણવાડજી હમેશાંના રિવાજ પ્રમાણે લેશે. દવે શ્રીમુખ તથા સીગણોત જ્ઞાતિના દવે જેતા, સીબા અને કાનાની સન્મુખ (રૂબરૂમાં) લખ્યું છે. હસ્તાક્ષર (દસ્કત) સિંઘી પોમા કાનાના છે. સંવત્ ૧૮૭૬ ના જેઠ સુદિ ૫ ને ગુરુવાર.

(શ્લોક) પોતે અથવા બીજાઓએ દાનમાં આપેલી પૃથ્વીને જે માણસો લોપે છે–પાછી ખેંચી લે છે, તે માણસો નરકમાં જાય છે અને દુનિયા ઉપર જ્યાં સુધી સૂર્ય તથા ચંદ્રમા રહેશે, ત્યાં સુધી તેઓ નરકમાં રહેશે.

## પરિશિષ્ટ ૩

# શ્રી બ્રાહ્મણવાડા મહાવીર જિનનાં પ્રાચીન અને અપ્રસિદ્ધ સ્તવનો.

### ( સ્તવન—૧ )

॥ ई० ऐं नमः ॥[२८]

સમરવિ સમરથ સારદા એ વર દાયક દેવી ।
સેવીય શ્રીગુરુરાય પાય મેં સુમતિ લહેવી ।
બંભણવાડિ જિણુંદ ચંદ મહિમા મહમહતો ।
જાણિ આણિ[૧] ચિન્તિ ભત્તિ ગાઇસુ ગહગહતો ॥૧॥

---

૨૮ આ સ્તવન, **રાધનપુર**ની અખીદોશીની પોળમાં આવેલા **શ્રી લાવણ્ય વિજયજી** જૈન જ્ઞાનભંડારની હસ્તલિખત ૭ પાનાંની પ્રતિ ઉપરથી ઉતારીને અહિં આપવામાં આવ્યું છે. આ ૭ પાનાંની પ્રતિમાં પાંચ સ્તવનો લખેલાં છે. તેમાં સૌથી પહેલું, આ **શ્રી બ્રાહ્મણવાડ વીરજિન** સ્તવન લખેલું છે. ત્યાર પછી બીજું, કવિ **લાવણ્યસમયજીએ** સં. ૧૫૬૨માં બનાવેલું **સેરિસા** સ્થિત શ્રી **લોઢણ પાર્શ્વનાથ**નું ૧૫ કડીનું સ્તવન લખેલું છે. ત્રીજું, એ જ કવિએ સં. ૧૫૮૫ ના વૈશાખ શુદિ ૩ ને દિવસે પૂર્ણ કરેલું શ્રી **અંતરિક્ષપાર્શ્વનાથજી**નું ૧૪ કડીનું સ્તવન લખેલું છે. ચોથું, સમવસરણ વિચાર ગર્ભિત શ્રી **નેમિજિન**નું ૪૧ કડીનું સ્તવન લખેલું છે. ( આમાં કર્તાનું નામ નથી, પણ વચ્ચે શ્રીમાન સોમસુંદરસૂરિજીને ગુરુ તરીકે સમર્યા છે, તેથી આ સ્તવન પણ કદાચ કવિ **લાવણ્ય-**

**મૃગમદ[2] ઘન [3]ઘનસાર સાર બાવન્ના ચંદન ।**
**અગર અબીર જબાદિ ગંધ ચૂયા ચંપક વન્ન ।**
**જાઈ જૂઈ ગુલાબવેલી કરણી કેતકિ દલ ।**
**મહિમહિ [4]પરિમલ તિમ જિણુંદ મહિમા [5]મહી મંડલિાર**

---

**સમય**નું જ બનાવેલું હશે. ) અને પાંચમું, કવિ **લાવણ્યસમયે** રચેલું શ્રી **પંચતીર્થી**નું ૧૩ કડીનું સ્તવન લખેલું છે. ( આમાંના ત્રીજા સ્તવનનો રચ્યા સંવત્ ય. વિ. ગ્રંથમાળાથી પ્રકાશિત થયેલ " ઐતિહાસિક રાસ સંગ્રહ " બીજા ભાગમાં ૧૫૮૮ આપેલો છે. પરંતુ આ પ્રતિમાં તેનો રચ્યા સંવત્ સ્પષ્ટ રીતે ૧૫૮૫ આપેલો છે. " જૈન સાહિત્યના સંક્ષિપ્ત ઇતિહાસ"માં આ સ્તવનનો રચ્યા સંવત્ ૧૫૮૫ આપી કૌંસમાં ( ૮૬ ) આપેલો છે. )

આમાંનાં પ્રથમનાં ચાર સ્તવનો ગણી **જીવવિજયે** સં. ૧૭૬૯ ના ભાદરવા વદિ ૧૨ને દિવસે **કટારીયા** નગરમાં રહીને લખીને પુરાં કર્યાં છે.

આ **શ્રીબ્રાહ્મણવાડ શ્રી વીરજિન** સ્તવનના કર્તાએ આમાં રચ્યા સંવત્ કે પોતાનું સ્પષ્ટ રીતે નામ આપ્યું નથી. પણ છેલ્લી કડીમાં **"इम जंपे श्रीकमलकलस सूरीसर सीस"** આ પ્રમાણે લખેલું છે. તેથી આ સ્તવન શ્રીમાન્ **કમલકલશસૂરિ**ના કોઇ શિષ્યે રચ્યાનું માની શકાય. પરંતુ આ પ્રતિમાંના ત્રણ સ્તવનો તો ચોક્કસ કવિ **લાવણ્યસમય**ના રચેલાં છે જ. ચોથા નંબરનું સ્તવન પણ ઉપર કહ્યા પ્રમાણે કવિ **લાવણ્યસમય**નું બનાવેલું હોવાની સંભાવના થાય છે. જ્યારે એક પ્રતિનાં પાંચ સ્તવનોમાંથી ચાર સ્તવનો કવિ **લાવણ્યસમય**નાં બનાવેલાં હોય તો પછી તે પ્રતિમાં પહેલું લખાયેલું આ એક સ્તવન પણ કવિ **લાવણ્યસમય**નું જ બનાવેલું હોવાનું કેમ ન માની શકાય ? વળી શ્રી **કમલકલશસૂરિજી**

[6]જિણિ દિનિ હરિ હર [7]પમુહ દેવ દાણુવ દલ દેખી।
છંડે મંડે અવર ઠામ જાઈ ભગત ઉવેખી।
તિણિ દિણિ બંભણવાડિ દેવ એકલમલ્લ દીપેં।
સરણાગત સાધાર સાર અલવિં [8]અરિ જીંપે ॥૩॥

---

અને કવિ **લાવણ્યસમયજી**ને નિકટનો સંબંધ હોઇ* કોઇ વખત તેઓ તેમની સાથે–તેમની આજ્ઞામાં રહેતા હોય અને તેથી ભકિતની ખાતર તેમણે આ સ્તવનમાં શ્રી **કમલકલશસૂરિ**ના શિષ્ય તરીકે પોતાને લખ્યા હોય તો તે બનવા યોગ્ય છે.

કવિની બીજી કૃતિઓની સાથે રચના, ભાષા અને લાલિત્ય વગેરે સરખાવતાં આ શ્રી બ્રાહ્મણવાડજી વીરજિન સ્તવન પણ કવિ **લાવણ્યસમયજી**નું રચેલું હોય તેમ જણાય છે.

કવિ **લાવણ્યસમયજી**એ વિ. સ. ૧૫૨૯માં દીક્ષા લીધી હતી અને સં. ૧૫૮૯ સુધીની તેમની કૃતિઓ મળી આવે છે. એટલે તે ૬૦ વર્ષના ગાળામાં આ સ્તવન રચાયેલું હોવું જોઇએ.

---

* પાટ ૫૦ **શ્રી સોમસુંદરસૂરિ**, ૫૧ **શ્રી મુનિસુંદરસૂરિ**, ૫૨ **શ્રી રત્નશેખરસૂરિ**, ૫૩ **શ્રી લક્ષ્મીસાગરસૂરિ**, ૫૪ **શ્રી સુમતિસાધુસૂરિ** થયા. તેમના પહેલા પટ્ટધર શ્રી **હેમવિમલસૂરિ** અને બીજા પટ્ટધર શિષ્ય **શ્રી કમલકલશસૂરિ** હતા. જ્યારે **શ્રી લક્ષ્મીસાગરસૂરિ**ના શિષ્ય શ્રી **સમયરત્ન**ના શિષ્ય કવિ **લાવણ્યસમયજી** હતા. એટલે કવિ **લાવણ્યસમયજી** અને શ્રી **કમલકલશસૂરિજી** નિકટના સંબંધ વાળા તથા સમકાલીન હોવાનું માની શકાય છે.

આ સ્તવન, પૂજ્ય પ્રવર્તકજી શ્રી **કાંતિવિજયજી** મહારાજના પુસ્તક સંગ્રહમાંની એક પાનાંની પ્રતિ સાથે મેળવી લીધું છે. ઉપર લખેલી પ્રતિ કરતાં આ પ્રતિ થોડાં વર્ષો અગાઉ લખાયેલી અને શુદ્ધ જણાય છે.

ચોર ચરડ નટ નરડ ખુંટ લુંટાક અનેક ।
સીમ ન લોપેં જેહ તણી મનિ ધરઈ વિવેક ।
વંછે વર્ણ અઢાર સાર સેવક સાધાર ।
બંભણવાડિ જિણુંદ દેવ મહિમા ભંડાર ॥૪॥

સિદ્ધારથ [૯]નરવઇ વિશાલ કુલ કમલ [૧૦]દિણેસર ।
ત્રિસલા રાણિ [૧૧]ઉયરિ [૧૨]મરાલ લીલા અલવેસર ।
સાત હાથ સુપ્રમાણુ કાય [૧૩]કેસરિ પય લંછણુ ।
[૧૪]સોવન્ન વન્ન શરીર વીર વંદુ [૧૫]નિરલંછણુ ॥૫॥

[૧૬]કઠિણુ કઠોદર દુઠ્ઠ કુઠ્ઠ અડવીસય કોડી ।
[૧૭]વાય ચોરાસી [૧૮]ખયન ખાસ ખસ હીયા હોડી ।
ગડ ગુંબડ ગલ રુંડમાલ રાંધણિ [૧૯]પમુહામઇ ।
બંભણવાડ જિણુંદ નામ સમરંત [૨૦]પણાસઇ ॥૬॥

જિમ જિમ ચંચલ બહુલ [૨૧]અનિલ ચિહું દિસિ પસરંતે ।
તિમ તિમ જલ કલ્લોલ માલ ઉદ્દામ કુરંતે ।
પેખી પ્રવહણ [૨૨]જલહિ મજ્ઝિ હલ્લોલ ચડંતે ।
બીહંતા નર સામિ નામિ [૨૩]નિય ઠામિ પહુંતે ॥૭॥

ઉંચો [૨૪]અંબર ઝાલ ફાલ વિકરાલ મહાબલ ।
બાલે [૨૫]તરુયર ડાલ માલ જિમ [૨૬]કાલ દવાનલ ।
દેખી [૨૭]દહ દિસિ જીવ [૨૮]રીવ કરતા ઊ જાઈ ।
બંભણવાડ જિણુંદ [૨૯]ઝાણિ [૩૦]તતખિણુ ઓલ્હાઈ ॥૮॥

કાલો [૩૧]કાલ કરાલ કાય કોપેં કલકલતો ।
કુંકુંતો મુખિ ફાર ફુંક મુંકે ફણિ કરતો ।

[૩૨]દિઠ્ઠીવિસ વિસમો વિશેષ દેખવિ દો જીહો[૩૩] ।
વદ્ધમાણુ જિણુ આણુ [૩૪]આણુજાણુવિ કાં બીહો ॥૯॥

ધોકટ ફોકટ માટિ વાટ આઘાટ અવેલાં ।
લૂંટઇ સાથ અનાથ બાથ દિઈં [૩૫]હાથસિઉ હેલાં ।
ચોરે હેરેં કરેં [૩૬]લૂસ આવાસ અંધારેં ।
બંભણવાડ શ્રીવીર ધીર તે ચોર નિવારેં ॥૧૦॥

કેવિ ધરેં નર [૩૭]અમર [૩૮]વયર પૂરવ ભવ ભોગેં ।
[૩૯]પિખ્ખવિ ગરુયડિ કેવિ અવસિ ચિંતવેં કુયોગેં ।
નિષ્કારિણિ ધરેં કેવિ વયર મનિ મચ્છર આણે ।
મિત્ર હૂઈં તે સ્વામિ નામ લીધેં સપરાણેં ॥૧૧॥

[૪૦]ભૂષ ભિરાડ કિરાડ ભાડ ઊડંતો આવેં ।
અલવી ઊલાલેં પૂંછ ભુંછ મદિ મુંછ હલાવેં ।
[૪૧]કરિ કુંભથલ મલીણુ માણુણુ [૪૨]પંચાણુણુ પૂરો ।
બંભણવાડ શ્રીવીર સીમ નવિ થાઈં સૂરો ॥૧૨॥

[૪૩]પોઢા પર્વતપ્રાય કાય ભડવાય અનંતો ।
સુંડા દંડ પ્રચંડ [૪૪]તુંડ [૪૫]મદિ ગંડ ઝરંતો ।
કોપિં ચડયો [૪૬]ભડ કોડિ જોડિ [૪૭]ભિડતો અતિ ઉદ્ધર ।
[૪૮]સિંધુર [૪૯]અંધુર બંધુ રૂપ સમરંતાં જિણવર ॥૧૩॥

[૫૦]સિંગિણિ ગુણુ સંધેવિ કેવિ [૫૧]શર તાકવિ મુકકેં ।
ચૂકેં તે નવિ તાલ ફાલ [૫૨]કરવાલ ઝબુકકેં ।
રુંડ મુંડ કોદંડ દંડ ઊડાડિં અંબરિ ।
[૫૩]તિણિ રણિ [૫૪]જયસિરિ વરેં વીરજિણુ સમરણ ડંબરિ ॥

અઠ્ઠ મહા ભય હરણુ શરણુ [૫૫]તિહુયણુ આણુંદણુ ।
નંદણુ વણુ [૫૬]સચ્છાય કાય જિણુરાય નિરંજણુ ।
કરુણા સાયર [૫૭]પરોવયાર કરણિક્ક પરાયણુ ।
વીર ભુવણિ નર અમર કુમર કરેં અતિ [૫૮]ઉછરાયણુ ॥૧૫॥

રૂવહીણુ પાવંતિ રૂવ ધણુહીણુ મહા ધણુ ।
પુત્તહીણુ પામંતિ પુત્ત ગુણુહીણુ મહા ગુણુ ।
રજ્જહીણુ પામંતિ રજ્જ સુખહીણુ મહા સુખ ।
સ્વામિ નામિ નાસંતિ રોગ નર ભોગ લહેં [૫૯]લખ ॥૧૬॥

ઢમ ઢમ્મ ઢમ ઢમ્મ ઢમેં ઢોલ દમ દમઈ દમામાં ।
ઝલ્લરિ ભેરિ [૬૦]નફેરિ [૬૧]નદ્દિ સવિહું સરલામાં ।
દૌં દૌં છંદિ મૃદંગ રંગિ ઘૂઘરિં ઘમઘમતાં ।
[૬૨]ખેલા ખેલિં [૬૩]ભરહ ભેદિં [૬૪]દંડારસિ રમતાં ॥૧૭॥

તું [૬૫]કપ્પદ્દુમ કામકુંભ ચિંતામણિ સાર ।
તું સામી તું માય તાય કરિ મોરિ સાર ।
હું [૬૬]આમય પીડિઓ નડિઓ [૬૭]તુઝ શરણુ પઈઠ્ઠો ।
તું સમરથ દેવાધિદેવ [૬૮]મઈં નયણે દીઠ્ઠો ॥૧૮॥

[૬૯]અજ્જ હૂઓ સુકયત્થ જમ્મ પૂરવ [૭૦]સુહકમ્મ ।
[૭૧]સાવય કુલ સંપત્તિ ચિત્તિ વાસિય જિણુ ધમ્મ ।
ભલેં આવ્યો મરુદેશિ લેશિ હવેં [૭૨]જીવિય લાહો ।
વંદિસ બંભણુવાડિ નાહ મનિ ધરિય [૭૩]ઉમાહો ॥૧૯॥

હું નવિ [૭૪]ઈહું [૭૫]રજ્જ સજ્જ રમણી [૭૬]ગયગમણી ।
મણિ મોતિ ભંડાર સાર [૭૭]રાણિમ રિદ્ધિ ખિમણી ।

નવિ ઈહું નર અમર ભોગ સંતાન સંજોગ ।
એકજ બંભણવાડ રાય [78]પય સેવા યોગ ॥૨૦॥
જિણિ સમરણિ સિજ્ઝંતિ [79]કજ્જ [80]દુજ્જણ વસિ થાઈ।
વિઘન [81]પલાઈ મિલેં [82]લછિ ઘરિ [83]અફ્લ ફ્લાઈ ।
તે શ્રીબંભણવાડ તિથ્થ પય નામું સીસ ।
ઈમ [84]જંપે શ્રીકમલ કલસ સૂરિસર સીસ ॥૨૧॥

**ઈતિ શ્રીબંભણવાડિ વીર જિન સ્તવનં સંપૂર્ણ ॥**

લિખીતંગ જીવવિજયેન. સંવત્ ૧૭૬૯ વર્ષે ભાદ્રપદ વદિ ૧૨ ભોમે શ્રી કટારિયા નગરે ॥ છ.

---

## સ્તવન નં. ૧ માં આવેલા કેટલાક શબ્દોના અર્થ:—

૧ મનમાં ભક્તિ લાવીને. ૨ કસ્તૂરી. ૩ બરાસ. ૪ સુગંધ ૫ પૃથ્વીમંડળ. ૬ જે દિવસે. ૭ વગેરે. ૮ શત્રુઓને જિતે છે. ૯ રાજા. ૧૦ સૂર્ય. ૧૧ ઉદરમાં. ૧૨ હંસ. ૧૩ સિંહનું જેના ચરણમાં લાંછન–ચિહ્ન છે. ૧૪ કંચન વર્ણવાળું. ૧૫ દોષરહિત ૧૬ ભયંકર જલોદર તથા અઢ્ઢાવીશ જાતના દુષ્ટ કોઢ વગેરે. ૧૭ ચોરાશી જાતના વાયુરોગ. ૧૮ ક્ષયરોગ, શ્વાસ–ખાંસી, ખસ. ૧૯ વગેરે રોગ. ૨૦ નાશ પામે છે. ૨૧ અગ્નિ ૨૨ સમુદ્ર મધ્યે. ૨૩ પોતાને. ૨૪ આકાશમાં. ૨૫ વૃક્ષો. ૨૬ પ્રલય કાળનો દાવાનળ–અગ્નિ. ૨૭ દશે દિશાએ. ૨૮ રાડો પાડતા. ૨૯ ધ્યાનથી. ૩૦ તુરત જ બુઝાઈ જાય છે. ૩૧ યમના જેવી વિકરાળ કાયાવાળો. ૩૨ દૃષ્ટિવિષ સર્પ. ૩૩ બે જીભવાળો. ૩૪ આપ્યા પછી. ૩૫ હાથથી. ૩૬ લૂંટ. ૩૭ દેવ. ૩૮ વેર. ૩૯

કેટલાક લોકો રૂપવાળી સ્ત્રીને જોઇને. ૪૦ ભૂખ્યો દાટ. ૪૧ હાથીઓનાં કુંભસ્થલોને જેણે મલીન કરી નાંખ્યાં છે–ભાંગી નાંખ્યાં છે એવો. ૪૨ સિંહ. ૪૩ પર્વત જેવડી કાયાવાળો પ્રૌઢ–મોટો. ૪૪ જબરી સુંઢથી પ્રચંડ મુખવાળો. ૪૫ કુંભસ્થલથી મદ ઝરતો. ૪૬ સુભટ. ૪૭ લડતો. ૪૮ હાથી. ૪૯ મનોહર. ૫૦ ધનુષ્યમાં દોરી ચડાવીને. ૫૧ કેટલાક લોકો બરાબર તાકીને બાણ મુકે છે. ૫૨ તરવાર. ૫૩ તેવાં સંગ્રામમાં. ૫૪ જય લક્ષ્મી. ૫૫ ત્રણ ભુવનના લોકોને આનંદ આપનાર. ૫૬ નદન વનની જેવી સારી છાયા–કાંતિવાળી કાયાવાળા ૫૭ પરોપકાર કરવામાં ખાસ તત્પર રહેનાર. ૫૮ ઉત્સાહ પૂર્વક ભક્તિ. ૫૯ લાખ. ૬૦ વાજિત્ર. ૬૧ વાગે છે. ૬૨ નાટક. ૬૩ ભરતે દેખાડેલા ભેદો પ્રમાણે. ૬૪ દાંડીયા રાસ. ૬૫ કલ્પવૃક્ષ. ૬૬ રોગ. ૬૭ તમારા શરણમાં પેઠો છું–આવ્યો છું. ૬૮ મેં. ૬૯ આજ જન્મ સુકૃતાર્થ થયો. ૭૦ શુભ કર્મ. ૭૧ શ્રાવક. ૭૨ હવે જીવિત–જીવનનો લાહો–લાવો લેશું. ૭૩ ઉત્સાહ. ૭૪ ઇચ્છતો નથી. ૭૫ શ્રેષ્ઠ રાજ્ય. ૭૬ હાથીની જેવી ગતિવાળી સ્ત્રી. ૭૭ રાણાની જેવી ઋદ્ધિ. ૭૮ ચરણ. ૭૯ કાર્ય. ૮૦ દુર્જન. ૮૧ નાશી જાય. ૮૨ લક્ષ્મી. ૮૩ પરિશ્રમ–મહેનત વિના. ૮૪ બોલે છે.

---

## ( સ્તવન—૨ )

[૨૯]શ્રીવીર બંભણવાડિ, પૂરવઇ મનહરુહાડિ,
વંદીઇ આનંદ પૂરિ, નિત ઉગમંતઇં સૂરિ ।

---

૨૯ પૂજ્યપાદ પ્રવર્તકજી શ્રીકાંતિવિજયજી મહારાજની કૃપાથી.

નિત ઉગમંતઈ સૂરિ,[૧] જગ ગુરૂ વીર વંદુ હું વલી,
શ્રીવિશાલસુંદર સીસ પભણુતિ, આજ પુહતિ મન [૨]રુલી ॥૧॥
મન રુલી [૩]મઝ મરુ દેસિ, બંભણહવાડિ નિવેસ,[૪]
દેખીઇ જિણહર[૫] સાર, જાણે ઇંદ્રિ ભવન અવતાર ।
જાણે ઇંદ્રિ ભવન અવતાર. અનોપમ સકલ [૬]મહીંઅલિ મોહએ,
શ્રીવિશાલસુંદર સીસ પભણુતિ, દંડ કલસ [૭]સુસોહએ ॥૨॥
સોહએ તિહાં જિન વીર, દુઃખ દાવ જલધર [૮]નીર,
સિદ્ધારથ રાઉ મલ્હાર, ત્રિશલાદે ઉરિ[૯] અવતાર ।
ત્રિશલાદે ઉરિ અવતાર, જેહનઉ સિંઘ[૧૦] લંછન સુંદરૂ,
શ્રીવિશાલસુંદર સીસ પભણુતિ, જરાઉ વંછિત સુરતરુ ॥૩॥
સુરતરુ જિમ જિન એહ, મહી માંહિ મહિમા [૧૧]ગેહ,
નવિ કોઇ લોપઈ આણ, [૧૨]પરતા અનંત પ્રમાણ ।
પરતા અનંત પ્રમાણ, કહીઇ નામ મુઝ મનિ નિત વસઇ,
શ્રીવિશાલસુંદર સીસ પભણુતિ, દેખતાં મન ઉલ્હસઇ ॥૪॥

---

પ્રાપ્ત થયેલ આ સ્તવન, તેઓશ્રીના પુસ્તક સંગ્રહની એક પાનાની પ્રતિ ઉપરથી ઉતારીને અહીં પ્રગટ કર્યું છે.

**તપાગચ્છીય** શ્રી**આનંદવિમલસૂરિ**ના શિષ્ય **વિજયવિમલ** ( **વાનર ઋષિ** )ના શિષ્ય શ્રી**વિશાલસુંદર** થઇ ગયા. તેમણે “ તંદુલ વેયાલિય પયન્ના ” પર તેમના ગુરુએ રચેલી અવચૂરીનો **નાગોર**માં સં. ૧૬૫૫ માં સંક્ષેપ રચ્યો. ( જૈ. સા. સં. ઇતિહાસ, પારો ૮૫૫ ).

ઉક્ત શ્રી**વિશાલરાજ**ના કોઇ શિષ્યે આ સ્તવન રચ્યું છે. એટલે આ સ્તવન સં. ૧૬૫૫ નીઆસપાસમાં રચાયું હોવું જોઇએ.

ઉલ્લસઈ નવ વન [૧૩]રાઇ, માલતી ચંપક જાઈ,
બહુ ફૂલ ગુંથી માલ, પૂજીઇ પ્રભુ ત્રિણુ કાલ ।
પૂજીઇ પ્રભુ ત્રિણુ કાલ, અનોપમ ચંદન કેસર [૧૪]ઘન ઘસી,
શ્રીવિશાલસુંદર સીસ પભણુતિ, ભગતિ જિનની મનિ વસી ॥૫॥

મનિ વસી મૂરતિ આજ, ચિંતવ્યાં [૧૫]સારઇ કાજ,
જીવંત સ્વામિ કહાઈ, મઝ એહ તીર્થ [૧૬]સુહાઇ ।
મઝ એહ તીર્થ સુહાઇ, ઊપજઇ હરખ સ્વામિ [૧૭]પસાઉલઈ,
શ્રીવિશાલસુંદર સીસ પભણુતિ, નમું સ્વામિ [૧૮]પાઉલઇ ॥૬॥

પાઉલે [૧૯]ચાલઉં વાટ, વિસમા જિ મારગ ઘાટ,
તિહાં ચોર ચરડ નઇ સીહ, આણુઉં ન કહિની [૨૦]બીહ ।
આણુઉં ન કહિની બીહ, સઘલે કરઇ સાનિધિ [૨૧]સાસંતઉં,
શ્રીવિશાલસુંદર સીસ પભણુતિ, સ્વામિ દિઇં મન ભાવતઉં ॥૭॥

મનિ ભાવતું પ્રિય મંડિ, નિજ અંગિ આલસ છંડિ,
શ્રીસંઘ [૨૨]મેલી જાત્ર, કીજીઇં નિરમલ [૨૩]ગાત્ર ।
કીજીઇં નિરમલ ગાત્ર, બોલઇ ઘરણિ[૨૪] નિજ પ્રિયસિઉં[૨૫] મલી,
શ્રીવિશાલસુંદર સીસ પભણુતિ, વીર વંદઉ વલિ વલી ॥૮॥

વલિ વલી જિનવર વંદી, બહુ જનમ પાપ નિકંદી,[૨૬]
ભાવના ભાવું આજ, પામીઉં ત્રિભુવન રાજ ।
પામીઉં ત્રિભુવન રાજ, [૨૭]સાચઉ લીજઇં નર ભવ લાહલઉ,[૨૮]
શ્રીવિશાલસુંદર સીસ પભણુતિ, ઘણુઉ મનિ ઊમાહલઉ[૨૯] ॥૯॥

ઊમાહલઉ મનિ સાર, કરિ સેવકાંની સાર,[૩૦]
કલિજુગિ પ્રતાપ અખંડ, પાપીઆં પાડિ ડંડ[૩૧] ।

પાપીઆં પાડિ ડંડ, [૩૨]પુહવઇં પ્રસિદ્ધ પીઠ સહુ કહઇ,
શ્રીવિશાલસુંદર સીસ પભણુતિ, પાર મહિમા કુણુ લહઈ ॥૧૦॥

કુણુ લહઇ તુઝ ગુણુ પાર, તું અડવડિઆં આધાર,
સંસાર ફેરા ટાલિ, હિત હેજ નિજરિ [૩૩]નિહાલિ ।
હિત હેજ નિજરિ નિહાલિ, સ્વામી નામ નવ નિધિ [૩૪]પાઈઇ,
શ્રીવિશાલસુંદર સીસ પભણુતિ, તાહરા ગુણુ ગાઈઇ ॥૧૧॥

ગાઇઇ જિન ગુણુ સાર, હું [૩૫]અછઉં તાહરઉ દાસ,
મઝ હૂઇ તુઝ પદ ભેટ, હિવ ધણી તુંહ [૩૬]જિનેટ ।
હિવ ધણી તુંહ જિનેટ, સબલઉ ભાગ્ય જોગઇં જઉ મિલ્યુ,
શ્રીવિશાલસુંદર સીસ પભણુતિ, આજ ઘરિ સુરતરુ ફલિઉ ॥૧૨॥

સુરતરુ ફલિઉ મઝ આજ, સુરધેનુ [૩૭]સારઇ કાજ,
જઉ ભેટિઉ વીર જિણુંદ, તઉ પામીઉ પરમાનંદ ।
તઉ પામીઉ પરમાનંદ, અતિ ઘણુ(ણી) હુઆે સેવા તુમ્હ તણી,
શ્રીવિશાલસુંદર સીસ પભણુતિ, ભગતિ આણી અતિ ઘણી ॥૧૩॥

## ઇતિ વીરસ્તોત્રં ॥ સમાપ્તં ॥

### સ્તવન નં. ૨ માં આવેલા કેટલાક શબ્દોના અર્થ:—

૧ સૂર્ય ઉગતાં. ૨ આશા. ૩ મુજ. ૪ સ્થાન. ૫ જિનચૈત્ય (દેરાસર). ૬ પૃથ્વીમાં. ૭ શોભે છે. ૮ દુઃખ રૂપી દાવાનલને બુઝાવવામાં વરસાદના પાણી સમાન. ૯ ઉદરે. ૧૦ સિંહ. ૧૧ ઘર. ૧૨ ચમત્કાર. ૧૩ વનરાજી (વનસ્પતિ). ૧૪ બરાસ. ૧૫ સિદ્ધ કરે છે. ૧૬ રૂચે છે. ૧૭ પ્રતાપથી.

૧૮ ચરણોમાં. ૧૯ પગે ચાલું. ૨૦ બીક. ૨૧ શાશ્વાત–અવિનશ્વર ભગવાન. ૨૨ મેળવીને. ૨૩ શરીર. ૨૪ પત્ની (ધણીઆણી). ૨૫ પોતાના પતિ (ધણી)ને મળીને કહે છે. ૨૬ કાપીને. ૨૭ સાચો ખરેખરો. ૨૮ લાહો. ૨૯ ઉલટ. ૩૦ સેવકો–દાસોની સંભાળ. ૩૧ પાપીઓ રાડ પાડે છે. ૩૨ પૃથ્વીમાં. ૩૩ હેત અને પ્રેમની નજરે જુઓ. ૩૪ પામીએ. ૩૫ હું તારો દાસ છું. ૩૬ હવે નિશ્ચયથી તુંજ મારો ધણી છે. ૩૭ કામધેનુ મારાં કાર્ય સિદ્ધ કરે છે.

---

( સ્તવન–૩ )

માતા[૩૦] સરશત્તિ[૧] સેવક શત્તિ ભત્તિ [૨]પાઉં લગંદા હે ।
આછિ[૩] ઉગત્તિ જોડિ જુગત્તિ નિરમલ મત્તિ [૪]મગંદા હે ॥
વીર[૫] શીરવીરાં ધીર સધીરાં મહાવીર જિણંદા હે ।
ગુણ ગાઉં રંગે તસ ઉછરંગે અંગ ધરિ આણંદા હે ॥ ૧ ॥

---

૩૦ આ સ્તવન **રાધનપુર** અખીદોશીની પોળમાં આવેલા શ્રી **લાવણ્યવિજયજી** જૈન જ્ઞાન ભંડારની ત્રણ પાનાંની પ્રતિ ઉપરથી ઉતારીને અહીં પ્રગટ કરાવ્યું છે.

**તપાગચ્છીય** શ્રી **વિજયસેનસૂરિના** શિષ્ય પંડિત **મેઘ** ( મુનિ )ના શિષ્ય પંડિત **ક્ષેમકુશલ** થઇ ગયા. તેમણે વિ. સં. ૧૬૫૭ ની આસપાસમાં 'શ્રી વિમલાચલ સ્તવન' ( કડી ૪૨ ) વગેરેની રચના કરી છે. ( જૈ. ગૂ. કવિઓ, ભા. ૧, પૃ. ૪૬૯ ). ઉક્ત પં. **ક્ષેમકુશલના** શિષ્ય **માણિક** ( મુનિ )એ સ્તવન રૂપે બહુ જમક–સમક યુક્ત આ **ઘગ્ઘર નિસાણી** રચી છે. એટલે આ ઘગ્ઘર નિસાણી વિ. સં. ૧૬૬૦ ની આસપાસમાં રચાયાનું ચોક્કસ માની શકાય છે.

સિરોહી દેશેં પુન્ય વિસેશે તિર્થં તુંગ[૬] ઝલંદા હે ।
સિરી બંહ્મણવાડં વીર અવાડં દાલિદ્ર દુઃખ દલંદા હે ॥
જહાં [૭]વડ પહાડાં ઝાડ સૂઝાડાં [૮]અંબર જાય અડંદા હે ।
જહાં રાંન અસરાલા બહુ વિકરાલા જંગલ જોર જુડંદા હે ॥ ૨ ॥

જહાં નાહર ગુંજે કાયર ધ્રૂજે શુયર રોઝ લડંદા હે ।
મૃગ જંબૂક બોલે ચિત્તા ડોલે વાનર રિછ લડંદા હે ॥
તિહાં [૯]એકલ્લમલ્લાં રહે અઠલ્લાં ભગતિ ભીર કરંદા હે ।
દુસમન વિછોડેં વારહ[૧૦] દોડેં આડિ બાહ ધરંદા હે ॥ ૩ ॥

વસુધા સિણગારા દેઉલ[૧૧] સારા દેવ વિમાન હશંદા હે ।
મંડપ ચોસાલા ચોક વિશાલા દેખત દિલ ઉલસંદા[૧૨] હે ॥
થિર થંભે રંભા રૂપ અચંભા પૂતલિયાં નાચંદા હે ।
વર તિન દુઆરા[૧૩] કાંતિ અપારા ગંભારા રાજંદા હે ॥ ૪ ॥

અનુપમ કોરણીયાં સોહે ઘણીયાં ઉંચા સીખર મસંદા હે ।
તસ ઉપર સુંદર સોભા મંદર ઉત્તમ કલસ લસંદા હે ॥
દીપે પરચંડા ડંડ અખંડા ઘૂઘરિયાં ઘમકંદા હે ।
ચલ ચપલ સુરંગી ફરહર ચંગી શીસ ધજા લહકંદા હે ॥ ૫ ॥

કારિગર ઘડીયાં ગાઢાં જડીયાં અવલ્લ [૧૪]કપાટ દિસંદા હે ।
અતિ ઝાકઝમાલા તોરણ માલા દીપમાલ ઝલકંદા હે ॥
વાતાયન[૧૫] છાજા[૧૬] ચિંહુદિસેં તાજા જલ પરનાલ પસરંદા હે ।
બાવન જિનાલા રંગ રશાલા ચિત્તારા ચિત્તરંદા હે ॥ ૬ ॥

પથર રંગીલા નીલા પીલા અંગણ ખૂબ બણંદા હે ।
સિંદરેં રંગીત પાનાં પંગીત બારસાખ ચલકંદા હે ॥

તિહાં રાયણ [૧૭]તરવર છાયા ડંબર અંબર લગ પહુંચંદા હે ।
દરવાજે સાજે અધિક દિવાજે છડિદાર [૧૮]ઘુમંદા હે ॥ ૭ ॥

ગંભારે ભીતર વીર જિનવર દેખત મન ભાવંદા હે ।
પદમાસન પૂરેં સાહિબ સૂરે ઉહાં બેઠિ [૧૯]ઉપંદા હે ॥
મણિ માણિક મંડિત જ્યોતિ અખંડિત મૂગટ શિર સોહંદાહે ।
તેજેં રવિ મંડળ કાંને કુંડલ તિલક ભાલ તપંદા હે ॥ ૮ ॥

બાજૂબંધ સારેં મોહનગારેં હાર હિયે લહકંદા હે ।
વાંકડિયાં કડિયાં રતને જડિયાં [૨૦]કરણીકે ખલકંદા હે ॥
કડિમેં કણદોરા હાથ બિજોરા [૨૧]વાગા લાલ પહરંદા હે ।
સુરત[૨૨] સુખકારી લાગે પ્યારી મુખ[૨૩]પૂન્યમકા ચંદા હે ॥ ૯ ॥

અણીયાલા લોચન પાતિક મોચન નાસાવંશ વિહંદા હે ।
અતિ લાલ પ્રવાલા[૨૪]અધર રશાલા[૨૫]દશન પંતિ દીપંદા હે ॥
સુરત મન હરણી શિવ સુખ કરણી સુર માનવ સેવંદા હે ।
કેસર કસ્તૂરી ચૂઆ પૂરિ ચંદન લે ચરચંદા હે ॥ ૧૦ ॥

ભર કંચન પ્યાલા બાલ ગોપાલા અંગિ અંગ રચંદા હે ।
કુસબોઈ[૨૬] અંબર અંતર નિરંતર ભોગ ભલે લેઅંદા હે ॥
જબાદિ સૂહાવે સુધા લાવેં મોગરેલ માણંદા હે ।
બહુ સેવગ સત્તી જાલિમ જત્તિ પુજા[૨૭]પાટ પઠંદા હે ॥૧૧॥

બત્તિ બહુ[૨૮]મોલિ ગુગલ ગોલિ અગર ધૂપ ખેવંદા હે ।
સિર ઉપર ઉત્તર મેઘાડંબર ચમ્મર [૨૯]વાઉ ઢાલંદા હે ॥
ચાંપા ચંપેલી મોગરવેલી જાઇ જૂઇ મચકંદા હે ।
સેવંતી અરણી કોમલ કરણી જાસુ કુસુમ ફૂબંદા હે ॥ ૧૨ ॥

પાડલ ગુલાબા ભરિયા છાબા [૩૦]પરિમલ નભ પસરંદા હે ।
આંબા માંજરીયાં શિરેં ધરિયાં કેતકી દલ મહકંદા હે ॥
મરૂઆ માલત્તિ મધૂર રત્તિ કુંદલ કલિ અ રહિંદા હે ।
ચોસર રંગીલે છયલ છબીલે પ્રભુજી કંઠ ઠવંદા હે ॥ ૧૩ ॥

ભાદુકિ[૩૧] તેરશ ઓછવ [૩૨]એરિશ ભવિક દ્રવ્ય ખરચંદા હે ।
ફાગૂણ અજૂઆલિ સંઘ ખૂશ્યાલિ ઇગ્યારશ આવંદા હે ॥
નર નારી વિદેશી [૩૩]અરૂ શયદેશી મેલા મસ્ત મિલંદા હે ।
ચોરાસી ચોહટ્ટા ચિહું દિસ હટ્ટા લોકાં થટ્ટ થકંદા હે ॥ ૧૪ ॥

બાજાર બડાલા ભીડ ભરાલા વર્ણ અઢાર ફિરંદા હે ।
બેઠે વ્યાપારી બડે હુંશિયારી દોસી વસ્તુ ખુલંદા હે ॥
પાગાં જરદારી રખી ન્યારી લુંગી છિંટ છુટંદા હે ।
પીતાંબર શાડી દેવે ફાડી [૩૪]ગાહેં નેંન ઉરંદા હે ॥ ૧૫ ॥

મેવા મીઠાઇ મોદક ઠાઇ કરોઇ[૩૫] બેઠંદા હે ।
સિરા શુંહાલિ ભરિ ભરિ થાલિ લેહું લેહું રટંદા હે ॥
જલેબી ખાજે ઘેબર તાજે મોતીચૂર ચખંદા હે ।
પાપડીયાં પૂરિ સેવ [૩૬]શનુરિ ગુંદવડે પકંદા હે ॥ ૧૬ ॥

દૂધપિંડે[૩૭] રોટિ [૩૮]મૂરકી છોટિ દિલસે દિલ પસરંદા હે ।
મેસુબ પતાસેં ધરિ નીકાસેં કોહલાપાક બિકંદા હે ॥
ગાંધીકે હાટાં ભરિયાં [૩૯]માટાં ખારેક દાખ ખપંદા હે ।
ચારોલિ [૪૦]ગલિયાં સકર [૪૧]ડલીયાં ખલક લેત ખાવંદા હે ॥૧૭॥

નાણાવટ્ટી સાફી બડે સરાફી રૂપૈયે પરખંદા હે ।
સોનાર હરાંમી આચે કાંમી જૂઠે ઘાટ ઘડંદા હે ॥

કંસારા ઘડીયા સોના જડીયા મણી [42]હારા હેરંદા હે ।
બેઠે તંબોલી પાનાં ચોલી બીડે બાંધી રખંદા હે ॥ ૧૮ ॥

તાંબા બુઝારિ ચરવિ ભારિ પીતલિએ તોલંદા હે ।
સૂરહિએ ઠાઢે બોલે ગાઢે [43]સોધા તેલ વિકંદા હે ॥
ગૂડ[44] મીસરી ગાડે લ્યાએ ભાડે બલદ પોઠિ પડંદા હે ।
.................................................... ॥ ૧૯ ॥

બાજાર ભરાયા વણજ ચલાયા દામ [45]સતાબ ગીણંદા હે ।
દુરબારા[46] આગેં પાઉ નમગેં ભૂતલકો લગંદા હે ॥
કંબોલિ[47] કાછે ઘોડે [48]આછે ચઢિઉ કર ચલંદા હે ।
મહાવીર [49]દુહાઇ દેત [50]સૂહાઇ જૂલમ ન કોઇ કરંદા હે ॥૨૦॥

તિહાં આએ મુનિવર જોગ પુરંદર જિનવર નામ જપંદા હે ।
તિહાં સંત શન્યાસી પ્રભુ પદ વાસી સિવવાશી સેવંદા હે ॥
મીલે [51]નગનની રાસી રહે વનવાસી [52]અવિન્યાસી ધ્યાવંદા હે ।
ધરિ મૌન ઉછાંહિં [53]ઉર ધરે [54]બાંહિ [55]ઠાઢે સૂરિ
ઝુલંદા હે ॥ ૨૧ ॥

રશ રંગ પ્રકાસી ભોગ વિલાસી પુરવાસી હરખંદા હે ।
ઘૃત ગુડસે પૂર્ણ ગેંહુ [56]ચૂરણ ચૂરમા કુટંદા હે ॥
રકકેબિ ભરકેં નૈવજ કરકે [57]સિંરણીયાં વાટંદા હે ।
બહુ સાધ સંતોસે [58]પાઠર પોસેં સુકૃત કોસ ભરંદા હે ॥ ૨૨ ॥

અપછર અનંકારા[59] કરિ સણગારા રાંમા રૂપ સોહંદા હે ।
ચલે [60]ગજ ગત્તી મદ ભર મત્તો [61]રત્તિ રૂપ [62]લજંદા હે ॥
શરદ [63]શસીવયણી મૃગાનયણી[64] ભ્રૂહક[65] બાણ સજંદા હે ।
પ્રભુકે ગુણ ગાત્તી તાલ બજાત્તિ [66]ચાતૂર જન સૂનંદા હે ॥૨૩॥

અંગ અનંગા રંગ તરંગા ગણીકા રૂપ અમંદા હે ।
લોચન અણીઆલે પેખી રસાલે પંખી પંખ ગિરંદા હે ॥
રાખડીયાં ઝલકે ચૂડિ ખલકે ઝાંઝર રણુઝણુકંદા હે ।
જન આગેં નાચેં રંગે રાચેં દારૂઅ બક છકંદા હે ॥ ૨૪ ॥

કેસરીએં[૬૭] વાગેં [૬૮]ખાંગે પાગેં ચૌવન જેબ જગંદા હે ।
છાયલ છોગાલે નર મૂછાલે ભોગી ભમર ભમંદા હે ॥
ઘમકે ઘૂઘરિયાં પાઉં ધરિયાં કર્મ બંધ કસંદા હે ।
કૂદે [૬૯]અસમાનિ [૭૦]ગુહિર ગૂમાની [૭૧]મેંહર રમે ગરજંદા હે ૨૫

ત્રિસલાકે નંદન ત્રિજગ વંદન આગે આય નમંદા હે ।
રંગમંડપ રસીયા ચિત્ત ઉલ્લસીયા ખેલા નિત ખેલંદા હે ॥
તત્તા થૈ થૈ થેઈ તત્તા ચાહો ચાહ ચવંદા હે ।
ભાવ[૭૨] ભગત્તી વિવિધ વિગત્તી ડંડારશ લેવંદા હે ॥ ૨૬ ॥

સંગીત [૭૩]વિછન્ન [૭૪]સાર સુલછન્ન [૭૫]ભરહ ભેદ ભાષંદા હે ।
સવિ રાગ[૭૬] શયાના ચતૂર સુજાના કિન્નરસે[૭૭] ગાવંદા હે ॥
કરતાલ[૭૮] કંસાલા તિવીલ રસાલા ઘોર ઘન્ન ઘુજંદા હે ।
ધપ્પમપ્પ ધપ્પમપ્પ ધનનિ ધપ્પમપ્પ છંદ [૭૯]મૃદંગ ઘૂમંદાહે ॥

ઢમઢમ ઢિંગ ઢિંગ ઢિંગ ઢિંગ ઢિંગ ઢિંગ ઢોલ બડે ઢમકંદા હે ।
રણુઝણુણુ ઝલ્લર ગણુણુ ઘૂઘર ઘંટા ઘોષ ઘૂરંદા હે ॥
બજેં સૂર ઝીણા બજેં વીણા સરણાઇ શજંદા હે ।
નદી નફેરી[૮૦] ભરહર શેરી નગ્ગરે રુડંદા હે ॥ ૨૮ ॥

ચોવીસમો રાયા પ્રણમી પાયા નાટિક મિલ નાચંદા હે ।
મીલિ [૮૧]સોહવ ટોલિ પહિર [૮૨]પટોલી પ્રભુ હમચિ ખુહંદા હો

સબ પંડિત લોકાં ભવિજન થોકાં ગત શોકાં મૂલ કંદા હે ।
કરૂણા રસ સાગર ગુણ વૈરાગર [૮૩]દેવારજ થુનંદા હે ॥ ૨૯ ॥

તૂં હે શીવગામી અંતરજામી મન વંછીત પુરંદા હે ।
તૂં અકલ [૮૪]અબીહં સદા [૮૫]નિરીહં સંકટ વિકટ ચુરંદા હે ॥
તૂં તિહુઅણ[૮૬] તારણ[૮૭] દુરિત નિવારણ સુખકારણ પ્રમંદા હે ।
તૂં એક અનેકં[૮૮] વિકલ વિવેકં સેવક જન સ્મરંદા હે ॥૩૦॥

તૂં પર ઉપકારી હે હિતકારી નિર્વિકારી નર વંદા હે ।
તૂં હે યોગીશ્વર જિન ભોગીશ્વર **પરમાનંદ** વસંદા હે ॥
તૂં હે વીગત [૮૯]છલ ભગત [૯૦]સુવચ્છલ ચિદાનંદ ભગવંદા હે ।
તૂં અસરણ શરણં [૯૧]આપદ હરણં ભવજલ તારણ તરંદા હે ૩૧

તૂં અવિનાસી ગ્યાંન પ્રકાશી ભવ વાસી ભાવંદા હે ।
તૂં [૯૨]રિપુ દલ હંતા બહુ બલવંતા ચિંતા શોક હરંદા હે ॥
તૂં [૯૩]અકલ અરૂપી જ્યોતિ શરૂપી રૂપી કામ કણંદા[૯૪] હે ।
તૂં હે નિરદુષણ સિદ્ધી વિભૂષણ દુષણ મૂલ નિકંદા હે ॥ ૩૨ ॥

તૂં સબ [૯૫]ઘટવાશી વિષય નિરાસી [૯૬]શિવલછી વિલસંદા હે ।
તૂં હે સેવા પૂરવ પુન્ય અપૂરવ ભાગ ભલે પાવંદા હે ॥
નરનારી નરિંદા અસુર સુરિંદા તોરી [૯૭]આણ વહંદા હે ।
તૂં નવ નિદ્ધી [૯૮]અપ્પે સેવક થપ્પે કપ્પે રોગ
[૯૯]દૂરંદા હે ॥ ૩૩ ॥

તૂં [૧૦૦]કપ્પતરુપમ ચિંતામણી સમ કામધેનૂ કહંદા હે ।
હું દરિશણ [૧૦૧]પ્યાસા ફિર ફીર દાસા મુખ [૧૦૨]પંકજ
જોવંદા હે ॥

તેરિ [૧૦૩]ખીજમત્તિ નફર નિરત્તિ રત્તિ દન ચાહંદા હે ।
ભવ ભવ [૧૦૪]તૂહ સેવા પ્રભુ નિત મેવા માગત [૧૦૫]બોધિ
બંદા હે ॥ ૩૪ ॥

પ્રભુજી પરમેશ્વર મેરે શિર પર સાહિબ તૂં સુખ કંદા હે ।
સુણી અરજ [૧૦૬]નફરકી વીર મહેરકી હાજર [૧૦૭]સાંઇ હુવંદાહે ॥
[૧૦૮]દિદાર દેખાયા નામ લિખાયા [૧૦૯]ભગતાં મદ્ધી મહંદા હે ।
શુભ નિજરે નિરખ્યા સેવક હરખ્યા આનંદ અધિક
બહંદા હે ॥ ૩૫ ॥

ભરિ થાલ [૧૧૦]મુતાહલ માંણિક નિરમલ [૧૧૧]વદ્ધાએ
જિનચંદા હે ।
[૧૧૨]આરતી કિની [૧૧૩]આરત્તી છિની પાતિક મલ ધોવંદા હે ॥
[૧૧૪]અરૂં બિંબ [૧૧૫]પુગલ્લાં પૂજિ ભલ્લાં જેજેકાર જપંદા હે ।
નિસાંણી ઘૂઘર વીર જિનવર માણિક મુનિ પાવંદા હે ॥ ૩૬ ॥

## કલશ

બંભણવાડ અવાડ તીર્થ દેખ્યો [૧૧૬]તારીશ ।
અરબૂદ ગઢ ગીરનાર શ્રી શત્રુંજય [૧૧૭]સારીશ ॥
રીદ્ધિ સિદ્ધિ નવ નીદ્ધિ સકલ સુખ સંપત્તિ કારણ ।
દુરગતિ દુખ દાલિદ્ દુષ્ટ ખલ ક્ષુદ્ર વિદારણ ॥
શ્રી વીર પાય સુપસાયસેં **ખેમકુસલ** આરોગ્ય તનિ ।
દિન દિન દોલત ઉદય અધિકો હોઇ હર્ષ **માંણીક** મુનિ ॥

ઇતિ શ્રી બંભણવાડ શ્રી મહાવીરની ઘૂઘર નિસાણી છેઃ ॥

## સ્તવન નં. ૩ માં આવેલા કેટલાક શબ્દોના અર્થ:-

૧ સરસ્વતી માતા. ૨ પગે લાગું છું. ૩ સારી ઉક્તિ-વચનો. ૪ માંગું છું. ૫ શૂરવીર. ૬ ઊંચુ ઝળકે છે. ૭ મોટા પર્વતો. ૮ આકાશ. ૯ એકલો. ૧૦ મદદે. ૧૧ દેરાસર. ૧૨ ઉછળે છે. ૧૩ શ્રેષ્ઠ ત્રણ દરવાજા. ૧૪ કમાડ. ૧૫ ગોખ. ૧૬ છજ્જા. ૧૭ ઝાડ. ૧૮ ઘૂમે છે. ૧૯ શોભે છે. ૨૦ કાંડે. ૨૧ વાઘો, ૨૨ આકૃતિ-ચહેરો. ૨૩ પૂર્ણિમા-પૂનમ. ૨૪ હોઠ. ૨૫ દાંતની પંક્તિ, ૨૬ ખુશબો-સુગંધ. ૨૭ પાઠ. ૨૮ બહુ મૂલ્યવાન. ૨૯ વાયુ. ૩૦ સુગંધ આકાશમાં ફેલાય છે. ૩૧ ભાદરવાની ૩૨ આવા પ્રકારનો. ૩૩ અને સ્વદેશી. ૩૪ જોતાં આંખો ઉડીને ત્યાં ચોંટે છે. ૩૫ કંદોઇ ૩૬ તેજસ્વી. ૩૭ દુધના પેંડા. ૩૮ ફેણી. ૩૯ માટલાં.૪૦ બદામના મીંજ. ૪૧ છાબડીઓ-ટોપલીઓ લોકો જલદીથી લઇને ખાય છે. ૪૨ કંસારાએ ઘડેલા ખોટા હારો ઉપર સોનું જડીને સોનીઓ તેને મણીના હારો કહીને ફેરવ્યા કરે છે. ૪૩ ચોખ્ખું તેલ વેચાય છે. ૪૪ ગોળ અને સાકર. ૪૫ હિસાબ. ૪૬ બધા લોકો ભગવાનના દરબારમાં પગે લાગીને નમસ્કાર કરે છે. ૪૭ શાખ વેચનારા કાછીઆ વગેરે. ૪૮ સારા. ૪૯ આણ. ૫૦ સુખકારી. ૫૧ નગ્ન સાધુઓ. ૫૨ નાશ નહિ પામનાર મહાવીરને. ૫૩ છાતીએ. ૫૪ હાથ. ૫૫ ટાઢ અને સૂર્યના તાપમાં. ૫૬ આટો. ૫૭ ચટણીઓ. ૫૮ પાઠ કરનારાને. ૫૯ જેવા. ૬૦ હાથીની ગતિથી. ૬૧ કામદેવની સ્ત્રી રતિ. ૬૨ લાજે છે. ૬૩ શરદ ઋતુના ચંદ્રના જેવા મુખવાળી. ૬૪ હરણના જેવી આંખોવાળી સ્ત્રિઓ. ૬૫ નેણ રૂપી બાણ. ૬૬ ચતુર માણસો સાંભળે છે. ૬૭ વાઘા-અંગરખાં. ૬૮ વાંકી પાઘડીઓ.

૬૯ આકાશમાં. ૭૦ મોટા અભિમાની. ૭૧ મેતર–ભંગી. ૭૨ ભાવ ભકિતથી અને જાતજાતની રચનાથી. ૭૩ વિસ્તારવાળું. ૭૪ સારા સુલક્ષણવાળું. ૭૫ સંગીત શાસ્ત્રનો આદ્યપ્રણેતા ભરત. ૭૬ સર્વ રાગમાં હુશિઆર. ૭૭ કિન્નર જાતિના વ્યંતરદેવોની જેમ. ૭૮ ખડતાલ અને કાંસીજોડા–ઝાંઝ. ૭૯ ઢોલક. ૮૦ નફેરી નામનું વાજિત્ર વાગે છે. ૮૧ સૌભાગ્યવંતી સ્ત્રિઓની મંડળી. ૮૨ શ્રેષ્ઠ સાડીઓ પહેરીને. ૮૩ દેવાર્ય–શ્રેષ્ઠ દેવની સ્તુતિ કરે છે. ૮૪ નિર્ભય. ૮૫ ઇચ્છા રહિત. ૮૬ ત્રણ ભુવન. ૮૭ પાપ. ૮૮ વિશેષ કળાવાળા વિવેક સહિત. ૮૯ કપટ રહિત. ૯૦ ભકતોનું હિત કરનારા. ૯૧ પીડાઓ. ૯૨ શત્રુઓનાં સૈન્યને હણનાર–દૂર કરનાર. ૯૩ જેના સમગ્ર ગુણોને કોઇ ન જાણી શકે તેવા. ૯૪ કાપે છે. ૯૫ દિલમાં રહેનાર. ૯૬ મોક્ષલક્ષ્મી. ૯૭ આજ્ઞા. ૯૮ આપે છે. ૯૯ જેનો ઘણી મુશ્કેલીથી અંત લાવી શકાય એવા–ભયંકર રોગોને પણ તું કાપે છે. ૧૦૦ કલ્પવૃક્ષની ઉપમાવાળા. ૧૦૧ તરશ્યો. ૧૦૨ કમળ. ૧૦૩ તારી સેવામાં આ દાસ તત્પર રહેવાનું રાત–દિવસ ચાહે છે. ૧૦૪ તમારી. ૧૦૫ સમકિતનો બંધ. ૧૦૬ દાસની. ૧૦૭ સ્વામિ હાજર થાય છે. ૧૦૮ મુખાકૃતિ ૧૦૯ ભકતો મધ્યે. ૧૧૦ મોતીઓ. ૧૧૧ વધાવ્યા. ૧૧૨ આરતિ કરી. ૧૧૩ દુઃખ કાપી નાખ્યાં. ૧૧૪ બીજાં બિંબો–મૂર્ત્તિઓ. ૧૧૫ પુષ્કળ–ઘણાં. ૧૧૬ તેવો. ૧૧૭ સરખો–જેવો.

## (૪)
## ( રાગ ધન્યાશ્રી )

બંભણવાડિ[૩૧] વીર દરિસણ પાયો;
સાહિબ મુઝ દિલ આયોરે.
વિવિધ રાગમાં તવ* જિન ગાયો,
ધન્યાસીમાં ધ્યાયોરે ॥ બં૦ ૧ ॥

---

૩૧ **પાટણ**, શેઠ **હાલાભાઈ**નો ભંડાર, શ્રી મહાવીર જિન સ્તવન. પાનાં ૪. ડા. ૮૨, પ્રત નં. ૭૦. પૂજ્ય પ્રવર્તકજી શ્રી **કાન્તિવિજયજી** મહારાજની કૃપા થી પ્રાપ્ત.

શ્રી **મહાવીર** સ્વામીના સંક્ષિપ્ત જીવન ચરિત્ર ગર્ભિત લગભગ ૯૦ કડીનું વિધવિધ ૨૭ રાગોમાં **તપાગચ્છીય પં. કનકવિજય**ના શિષ્ય પં. **વીરવિજયજી**એ આ સ્તવન વિ. સં. ૧૭૦૮માં **માટ** બંદરમાં ચોમાસું રહીને બનાવ્યું છે. જો કે આ સ્તવન કર્તાએ શ્રી **બ્રાહ્મણવાડજી** મંડણ શ્રી **મહાવીર** સ્વામી ભગવાનની ભક્તિ અને સ્મૃતિ નિમિત્તેજ રચ્યું છે. પરંતુ તેની અંદર ખાસ શ્રી **બ્રાહ્મણવાડજી** તીર્થ સંબંધી ઐતિહાસિક અથવા માહાત્મ્ય સૂચક વર્ણન નહીં હોવાથી તેમજ સ્તવન મોટું હોઇ આ આખું સ્તવન આપવાથી પુસ્તકનું કદ વધી જવાના ભયથી આખું સ્તવન નહીં આપતાં શ્રી **બ્રાહ્મણવાડજી** અને કર્તાના નામ વાળી માત્ર છેલ્લી ત્રણ કડીઓજ અહીં આપવામાં આવી છે.

આ શ્રી **વીરવિજયજી** શ્રીમાન **હીરવિજયજી** સૂરીશ્વરજી મહારાજના શિષ્ય પંડિત **કનકવિજયજી**ના શિષ્ય થાય છે. શ્રી **વીરવિજયજી**એ **અમદાવાદ**માં રહીને સં. ૧૭૦૯ના ભાદ્રવા વદિ ૬ને દિવસે શ્રીમાન **વિજયસિંહસૂરિજી**ની સ્વાધ્યાય (**સ**જઝાય કડી ૫૩) રચીને પુરી કરી છે. ( જૈ. ગુ. કવિઓ, ભા. ૨, પૃ. ૧૩૮ ).

* સ્તવન. × ધન્યાશ્રી રાગમાં.

શ્રી વિજયદેવ સૂરિ ગચ્છદીપાયો,
શ્રી વિજયસિંહ ગણુરાયો રે;
કનકવિજય બુધ પ્રણમી ગાતા,
વીરવિજય જય થાયો રે ॥ બં૦ ॥ ૨ ॥

વસુ અંબર મુનિ શશિ સંવચ્છર,
આશો દિન દીવાલી રે;
માટ બાંદિરમાં થુણીઓ સુણતાં,
હોઈ મંગલીક* માલી રે ॥ બં૦ ॥ ૩ ॥

ઇતિ શ્રી બંભણવાડિ મંડણ વીર જિન સ્તવન સંપૂર્ણમ્ ॥

---

* આ ચારે સ્તવનોમાં હ્રસ્વ-દીર્ઘ; સકાર-શકાર; જોડાક્ષરો વગેરે સંબંધી ઘણી ભૂલો સ્પષ્ટ રીતે દેખાય છે. પરંતુ કદાચ કર્તાઓના આશયો બદલાઇ જાય, અથવા જમક-સમક કે પ્રાસનો ભંગ થઇ જાય, એ કારણોથી ખાસ અપવાદ સિવાય એ ભૂલો સુધારી નથી. પ્રતિઓમાં જેવું લખેલું હતું તેવુંજ પ્રાયઃ અહીં આપેલું છે. કોઈ કોઇ ઠેકાણે ખાસ જરૂર જણાઇ હશે, ત્યાં જ માત્ર સુધાર્યું છે. બાકીનો ભાગ વાચકો અને વિદ્વાનો સુધારીને વાંચશે, એવી આશા રાખવામાં આવે છે.

# પરિશિષ્ટ ૪

## શ્રીબ્રાહ્મણવાડાથી ચારે બાજુમાં પાંચ પાંચ માઇલની અંદર આવેલાં જિનમંદિરવાળાં ગામો.

| | | | |
|---|---|---|---|
| બ્રાહ્મણવાડાથી | વાયવ્યખુણામાં | [૩૨]**વીરવાડા** | ૧ાા માઇલ. |
| „ | „ વીરવાડા થઇને | [૩૩]**સણુવાડા** | ૪ „ |
| „ | „ „ | [૩૪]**તેલપુર** | ૪ „ |
| „ ... | પશ્ચિમદિશામાં પહાડી રસ્તે | „ | ૨ાા „ |
| „ ... | નૈઋત્ય ખુણામાં ... .... | [૩૫]**નાંદિયા** | ૪ „ |
| „ ... | દક્ષિણ દિશામાં ... ... | [૩૬]**જનાપુર** | ૩ાા „ |

---

૩૨ **વીરવાડા**માં પ્રાચીન અને મોટાં જિનમંદિરો ૨ ( જેમાં એક ગામની અંદર અને બીજું ગામની બહાર છે. ), શ્રાવકોનાં ઘરો અને ઉપાશ્રય વગેરે છે.

૩૩ **સણુવાડા**માં જિનમંદિર ૧, શ્રાવકોનાં ઘર બે ત્રણ અને ઉપાશ્રય છે.

૩૪ **તેલપુર**માં જિનમંદિર એક છે. શ્રાવકનું ઘર એકે નથી. ઉપાશ્રય નથી. ધર્મશાળા જેવું એક સાધારણ નાનું મકાન છે.

૩૫ **નાંદિયા તીર્થ** છે. ગામ બહાર શ્રી **મહાવીરસ્વામી**નું વિશાલ અને પ્રાચીન જિનમંદિર ૧ તથા ચંડકૌશિક સર્પના ઉપસર્ગની સ્થાપનાની દેરી ૧ છે. ગામની અંદર જિનમંદિર ૧, ઉપાશ્રય ૧, ધર્મશાળા ૧ અને શ્રાવકોનાં ઘરો ઘણાં છે.

૩૬ **જનાપુર**માં જિનમંદિર ૧ અને શ્રાવકોનાં થોડાંક ઘર છે.

| | | | | |
|---|---|---|---|---|
| બ્રાહ્મણવાડાથી | અગ્નિખુણામાં ઝાડોલી થઇને | [૩૭]પીંડવાડા (ગામ) | ૪ | માઇલ |
| ,, | ,, સીધે રસ્તે | [૩૮]અજારી | ૫ | ,, |
| ,, | ,, પીંડવાડા થઇને | ,, | ૭ | ,, |
| ,, | પૂર્વ દિશામાં | [૩૯]ઝાડોલી | ૨ | ,, |
| ,, | ઇશાનખુણામાં | [૪૦]સીવેરા | ૪ | ,, |
| ,, | ઉત્તર દિશામાં | [૪૧]ઉંદરા | ૧ | ,, |

---

૩૭ **પીંડવાડા** ગામમાં પ્રાચીન અને વિશાળ જિનમંદિરો ૨ છે, તેમાંના એક મંદિરમાં ધાતુની પ્રાચીન અને મનોહર મૂર્ત્તિઓ ઘણી છે, કે જે **વસંતગઢ**ના પડી ગયેલા જૈન મંદિરના ભોંયરામાંથી કેટલાંક વર્ષો પહેલાં નિકળતાં ઘણા પ્રયાસથી અહીં લાવવામાં આવી છે. શ્રાવકોનાં ઘર ઘણાં છે. એક ઉપાશ્રય હાલમાં નવો થયો છે. ધર્મ-શાળા અને પાઠશાળા વગેરે છે. સ્કૂલ, પોસ્ટઓફીસ અને સ્ટેશન છે.

૩૮ **અજારી**માં પ્રાચીન મંદિર ૧, શ્રાવકનાં થોડાં ઘર અને પોષાળ વગેરે છે. મંદિરમાં ધાતુની પ્રાચીન મૂર્ત્તિઓ ઘણી છે. ગામથી લગભગ એક માઇલ દૂર સરસ્વતી દેવીનું પ્રાચીન સ્થાન છે. ધ્યાન કરનારાઓ માટે એકાન્ત સ્થાન છે. આસપાસનું કુદરતી દૃશ્ય રમણીય છે. આગળના કોઇ કોઇ આચાર્યોએ અહીં સરસ્વતી દેવીની સાધના કર્યાનું સંભલાય છે.

૩૯ **ઝાડોલી**માં પ્રાચીન અને વિશાળ જિનમંદિર એક, શ્રાવકોનાં ઘરો અને ઉપાશ્રય વગેરે છે.

૪૦ **સીવેરા**માં પ્રાચીન જિનમંદિર ૧, ધર્મશાળા ૧ અને શ્રાવકોનાં ઘર–૨ છે.

૪૧ **ઉંદરા**માં પ્રાચીન દેરાસર ૧ છે. શ્રાવકોનાં ઘર, ઉપાશ્રય, ધર્મશાળા વગેરે કાંઇ નથી.

## પરિશિષ્ટ ૫

## બ્રાહ્મણવાડાથી પંચતીર્થીનાં ગામો અને સિરોહી.

| | | | |
|---|---|---|---|
| બ્રાહ્મણવાડાથી નૈરૃત્યખુણામાં .... | .... | [૪૨] **નાંદિયા** | ૪માઇલ. |
| નાંદિયાથી | ,, .... .... | [૪૩] **લોટાણા** | ૩॥ ,, |
| લોટાણાથી પશ્ચિમદિશામાં પહાડી રસ્તે.... | | [૪૪] **દીયાણા** | ૪ ,, |

---

૪૨ **નાંદિયા તીર્થ**—માટે પરિશિષ્ટ ચોથામાં ૩૫ મી નોટ જુઓ. આ ધામ અતિ પ્રાચીન અને રમણીય હોઇ અવશ્ય યાત્રા કરવા લાયક છે.

૪૩ **લોટાણા તીર્થ**-ગામની બહાર પર્વતની તળેટીમાં ( જંગલમાં ) મૂ. ના. શ્રી **આદીશ્વર** ભગવાનનું પ્રાચીન અને મોટું જિનાલય ૧ છે. મૂ. ના. જીની મૂર્ત્તિ શ્રી **શત્રુંજય**ના ચૌદમા ઉદ્ધાર વખતની છે, એમ લોકોમાં કહેવાય છે. મંદિરની પાસે કે ગામમાં શ્રાવકોનાં ઘર, કે ઉપાશ્રય નથી. પરંતુ દેરાસરના કંપાઉંડમાં જ દેરાસરની બહાર ૪-૫ મુનિરાજો મુશ્કેલીથી રહી શકે એવી ધર્મશાળા તરીકેની એક ઓરડી છે. ગામમાં ભીલોની જ વસ્તી છે. પણ નજીકમાં સિરોહી સ્ટેટનું પોલીસથાણું છે, તેથી ભય જેવું નથી.

૪૪ **દીયાણા તીર્થ**—અહીં નજીકમાં ગામ નથી. પહાડના થોડા ઊંચાણવાળા ભાગ ઉપર જંગલમાં જ એક વિશાલ કંપાઉંડમાં આ ધામ આવેલું છે, તેની ફરતો પાકો કોટ છે. વચ્ચે શ્રી **મહાવીર** સ્વામીનું પ્રાચીન અને વિશાળ જિનાલય છે. મંદિરની બહાર પરંતુ કંપાઉંડની અંદર જ એક પાકી ધર્મશાળા છે. પહેલાં અહીં યાત્રાળુઓ રાત્રિનિવાસ કરતા હતા. પણ હાલમાં ઘણે ભાગે અહીં રાત નથી રહેતા. અહીંથી એક માઇલ દૂર **કેર** નામનું ગામ છે. ત્યાં મુકામ કરીને અહીં યાત્રા

**લોટાણાથી નીચેના રસ્તે [45]માંડવાડા થઇને [46]કેર ૭ માઇલ.**
**કેરથી ઉત્તર દિશામાં .... .... દીયાણા ૧ „**
**„ અગ્નિ ખુણામાં ... ... [47]નીતોડા ૪॥ „**

---

કરવા માટે આવે છે. આ ધામ ભવ્ય, મનોહર અને એકાન્ત શાંતિનું સ્થાન હોઇ અવશ્ય યાત્રા કરવા લાયક છે. પહાડ અને જંગલનું કુદરતી દશ્ય પણ રમણીય છે. આસપાસના ગામોના સંઘો ઘણી વખત અહીં યાત્રા કરવા આવે છે.

**લોટાણાથી** પહાડના પગ-દંડીના રસ્તાથી **દીયાણા** જઇ શકાય છે. પણ તે રસ્તે પહાડનો ચડાવ-ઉતાર આવે છે, વનસ્પતિનો સંસ્પર્શ થયા વિના રહેતો નથી, તેમજ એ રસ્તે ભોમીઓ અને ચોકીદાર સાથે લીધા વિના જઇ શકાતું નથી. માટે લોટાણાથી પહાડની નીચે નીચેના ગાડા રસ્તાથી માંડવાડા થઇને કેર ગામમાં મુકામ કરીને દીયાણાજી જવું વધારે અનુકૂળ પડે છે.

૪૫ **માંડવાડામાં** એક જિનમંદિર છે. શ્રાવકનાં ઘર, ઉપાશ્રય, ધર્મશાલા વગેરે કાંઇ નથી. ગામમાં રબારીઓની જ વસ્તી છે.

૪૬ **કેરમાં** શ્રાવકનાં ઘર, જિનમંદિર, ઉપાશ્રય કે ધર્મશાળા વગેરે કાંઇ નથી. પણ દીયાણાજીના પૂજારીઓનાં ૫-૭ ઘર છે. તે બ્રાહ્મણ જ્ઞાતિના પૂજારીઓ પોતાના મકાનમાં સાધુ-સાધ્વીઓ તથા સંઘને ઉતારો આપે છે અને યથોચિત સરભરા કરે છે. કેરથી દીયાણા જતાં વચ્ચે અર્ધે રસ્તે, રસ્તાથી જરા બાજુમાં જમણા હાથ તરફ શ્રી **શાંતિનાથ** ભગવાનના વિશાળ મંદિરનું ખંડિએર ઉભું છે. એ સ્થાનને ત્યાંના લોકો " કાળા મંદિર " નામથી ઓળખે છે.

૪૭ **નીતોડામાં** બાવન જિનાલયવાળું, પ્રાચીન અને ભવ્ય જિનમંદિર ૧ છે. શ્રાવકોનાં ઘર ઘણાં છે. ઉપાશ્રય અને ધર્મશાલા

| | | | | |
|---|---|---|---|---|
| નીતોડાથી | પૂર્વ દિશામાં | [48]ધનારી | ૨ | માઇલ. |
| નીતોડાથી | અગ્નિ ખુણામાં | રોહિડારોડ સ્ટેશન | ૩ | ,, |
| ધનારીથી | દક્ષિણ દિશામાં | ,, | ૧॥ | ,, |
| બ્રાહ્મણવાડાથી | ઇશાન ખુણામાં | [49]સીવેરા | ૪ | ,, |
| સીવેરાથી | ઉત્તર દિશામાં | [50]માલણું | ૪ | ,, |
| માલણુંથી | ઇશાન ખુણામાં | [51]**નાણા** (ગામ) | ૪ | ,, |

વગેરે છે. મંદિરની એક દેરીમાં શ્રી મણિભદ્ર યક્ષની મોટી મૂર્ત્તિ છે, તેની લોકો બહુ માનતા કરે છે. ચમત્કારિક સ્થાન છે.

૪૮ **ધનારી**માં પ્રાચીન જિનમંદિર ૧ છે. શ્રાવકોનાં ઘર અને ઉપાશ્રય વગેરે છે. ઉપાશ્રયમાં શ્રી મણિભદ્રનું સ્થાન છે. શ્રી મણિભદ્રનાં મગરવાડા વગેરે ચાર મુખ્ય સ્થાનોમાંનું આ એક છે. ચમત્કારિક સ્થાન છે. માનતાઓ ઘણી થાય છે. તપાગચ્છીય કમલકલશ શાખાના શ્રીપૂજ્યની ગાદી અહીં છે. તે ગાદી ઉપર હાલ શ્રીપૂજ્ય મહેન્દ્રસિંહસૂરિજી છે, તેઓ અહીં તેમના પોતાના સ્વતંત્ર મકાનમાં રહે છે. ગામ બહાર તેમનો એક બગીચો અને કેટલીક જમીન પણ છે. તેમના મકાનમાં એક ઘર દેરાસર છે અને લાજ ગામના જિનમંદિરની સાર-સંભાળ અને વ્યવસ્થા પોતાના ખર્ચથી તેઓ કરે છે.

૪૯ **સીવેરા** માટે પરિશિષ્ટ ચોથામાં ચાલીશમી **નોટ** જુઓ.

૫૦ **માલણું**માં એક પ્રાચીન જિનમંદિર છે. શ્રાવકનાં ઘર, ઉપાશ્રય, ધર્મશાળા વગેરે કાંઇ નથી.

૫૧ **નાણા તીર્થ**-બાવન જિનાલયવાળું, પ્રાચીન, ભવ્ય અને વિશાળ જિનમંદિર ૧ છે. મૂ. ના. શ્રી**મહાવીર** સ્વામિની મૂર્ત્તિ

**બ્રાહ્મણવાડાથી વાયવ્યમાં સણવાડા થઇને [૫૨] સિરોહી ૧૦ માઇલ**

**સમાપ્ત**

---

બહુ મોટી અને મનોહર છે. શ્રાવકોનાં ઘર ઘણાં છે. ઉપાશ્રયો, આયંબિલ શાળા, જૈન પાઠશાળા અને ધર્મશાળા વગેરે છે. ગામ મોટું છે. પોસ્ટ ઑફિસ અને સ્ટેશન છે.

૫૨ **સિરોહી**, એ સિરોહી સ્ટેટની રાજધાનીનું મુખ્ય શહેર છે. અહીં જિનમંદિરો ૧૭ છે. તેમાંનાં કેટલાંક પ્રાચીન, કેટલાંક બહુ ઊંચાં, કેટલાંક બાવન જિનાલયવાળાં અને કેટલાંક બહુ વિશાળ તથા મનોહર છે. તેમાંનાં પંદર મંદિરો તો દેરાશેરીમાં એક સાથે જ સામસામાં આવેલાં હોવાથી **જામનગર**ની જેમ લોકો **સિરોહીને** પણ **અરધો શત્રુંજય** કહે છે. એટલે સિરોહી પણ તીર્થસ્વરૂપ ગણાય. જુદા જુદા ગચ્છના ઉપાશ્રયો, ધર્મશાળા, ભોજનશાળા, આયંબિલશાળા, શેઠ કલ્યાણજી પરમાનંદજીની પેઢી, શ્રી મહાવીર જૈન મિત્ર મંડળ, પુસ્તકાલય, જૈન પાઠશાળા, જૈન કન્યાશાળા અને શ્રાવિકાશાળા વગેરે છે. અહીં શ્રાવકોનાં ઘર લગભગ ૫૦૦ છે. યાત્રા કરવા લાયક છે.

# શુદ્ધિપત્રક.

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૩ | ૨૦ | જે | તેમનાં જે |
| ૧૮ | ૨૨ | માટી | મોટી |
| ૧૯ | ૬ | વીરવાડ | વીરવાડા |
| ૨૩ | ૨૧ | ચોમસા | ચોમાસા |
| ,, | ૨૩ | ૧૭૦ | ૧૭૧ |
| ૨૫ | ૨૪ | વીશ | ચોવીશ |
| ૨૭ | ૮ | ૮૦ | ૧૩૫ |
| ૩૯ | ૧૫ | છેલ્લા | ત્રીજા |
| ૪૮ | ૧૨ | कारित | कारितं |
| ૫૦ | ૭ | शिवचद | शिवचंद |
| ૫૧ | ૩ | श्रीकुथु | श्रीकुंथु |
| ૬૧ | ૮ | નદન | નંદન |
| ૬૫ | ૧ | શાશ્વાત | શાશ્વત |
| ૭૫ | ૬ | ધન્યાસીમાં | ×ધન્યાસીમાં |
| ૭૬ | ૧૨ | જમકે | જમક |
| ૭૮ | ૧૮ | દેવીન | દેવીની |

# ખાસ ખાસ ગ્રન્થો.

## સમયને ઓળખો ભા. ૧–૨

સામાજિક કુરૂઢિયોની સ્હામે બેડો બળવો જગાડનાર, મુનિરાજ શ્રી વિદ્યાવિજયજીની ક્રાન્તિકારી કલમથી લખાએલા ૬૦ લેખોના આ બે ભાગો પ્રત્યેક જૈને વાંચવાજ જોઇએ. સમાજ-શરીરના જે જે ભાગમાં જે જે સડો પેસી ગયો છે, એને નગ્નસત્યમાં બતાવનાર અને એની શુદ્ધિના ઉપાયો સૂચવનાર આ ગ્રન્થના પહેલા ભાગની કિં. ૦-૧૨-૦ ને બીજા ભાગની ૦–૧૦–૦ છે.

## વક્તા બનો

ઢંકાઇ રહેલી વક્તૃત્વશક્તિનો વિકાસ કરવાની ઇચ્છા રાખનાર, કોઇ પણ યુવક કે યુવતિ આ પુસ્તકનું અધ્યયન અવશ્ય કરો. પોતાની અજબ વક્તૃત્વશક્તિથી હજારો મનુષ્યોની સભાને ડોલાવનાર, અનેક રાજા–મહારાજાને ચમત્કૃત કરનાર પ્રખરવક્તા મુનિરાજ શ્રી વિદ્યાવિજયજીએ, પોતાના પચીસ વર્ષના વક્તૃત્વકળાના અનુભવ રૂપે આ પુસ્તકની યોજના કરી છે. આમાં પ્રખર વક્તા બનવાની રીતિ એટલી સરળતાથી આપી છે કે–ગમે તેવો માણસ પણ તેમાં બતાવ્યા પ્રમાણે અભ્યાસ કરે તો જરૂર એક પ્રખર વક્તા બની શકે. વિદ્યાર્થીઓ પણ આ બુકનો લાભ સહેલાઇથી લઇ શકે, એટલા માટે કિંમત રાખી છે માત્ર ૦–૬–૦.

લખો :

મંત્રી, **શ્રીવિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાલા,**

છોટા સરાફા, ઉજ્જૈન. ( માલવા )

## પુસ્તક મળવાનાં ઠેકાણાં :

૧ શ્રીવિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાલા,
છોટા સરાફા, **ઉજ્જૈન.**
( માલવા )

૨ મુતા સદાજી ગોવાજી બુકસેલર,
**સિરોહી.** (રાજપુતાના)

૩ મુતા સદાજી ગોવાજી બુકસેલર,
મુ. **બ્રાહ્મણવાડા,**
પોસ્ટ પીંડવાડા.
( સિરોહી સ્ટેટ )

૪ મેસર્સ એ. એમ. એન્ડ કંપની,
જૈન બુકસેલર,
**પાલીતાણા.**
( કાઠીઆવાડ )

૫ જૈનધર્મ પ્રસારક સભા,
**ભાવનગર.**

૬ આત્માનંદ જૈન સભા,
**ભાવનગર.**

૭ જ્યોતિ કાર્યાલય,
રતનપોળ,
નગરશેઠ મારકીટ,
**અમદાવાદ.**

૮ ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય,
ગાંધી ચોક, **અમદાવાદ.**

૯ સરસ્વતી પુસ્તક ભંડાર,
લાલબાગ, ભૂલેશ્વર,
**મુંબાઈ,** નં. ૪.

૧૦ વ્રજલાલ ફૂલચંદ,
પટવાપોળ, **મહેસાણા.**

# આબૂ

જગદ્‌વિખ્યાત આબૂ પહાડની ન્હાનામાં ન્હા... અને મ્હોટામાં મ્હોટી દર્શનીય વસ્તુઓ, રસ્તાઓ અને એક દર્શકને ઉપયોગી થઇ પડે એવી તમામ વસ્તુની માહિતી આપનારૂં, તેમજ આબૂનાં મંદિરોની ઝીણામાં ઝીણી કોરણીઓ અને સુંદર સુંદર ભાવોના લગભગ ૭૫ ફોટાઓથી અલંકૃત આ પુસ્તક, જેમ આબૂના યાત્રિઓને ઉપયોગી છે, તેમ ભારતવર્ષની પ્રાચીન શીલ્પકળા અને ઐતિહાસિક શોધખોળના અભ્યાસીઓ માટે પણ ઘણું જ મહત્ત્વનું છે. એના લેખક છેઃ—ઇતિહાસતત્ત્વવેત્તા, શાન્તમૂર્ત્તિ મુનિરાજશ્રી જયન્તવિજયજી. મ્હોટો ગ્રંથ, સુંદર એન્ટિક કાગળો, ૭૫ ફોટાઓ, પાકું બાઇન્ડીંગ અને ઉત્તમ જેકેટ હોવા છતાં,

**કિં. માત્ર અઢી રૂપીઆ.**

આની હિંદી આવૃત્તિ પણ બહાર પડી ચૂકેલ છે, ફોટા વગેરે બધું ઉપર પ્રમાણે જ. કિં. રૂ. અઢી.

લખો—

**શ્રીવિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળા,**

છોટા સરાફા, ઉજ્જૈન. ( માલવા )

અને જાણીતા બુકસેલરોને ત્યાંથી પણ મળશે.